दैनिक
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 46 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 February 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





ફોરમ વર્લ્ડવાઈડ પ્રસ્તુત કરે છે

## અમેરિકા 2025

વડીલો ના આશિર્વદ સાથે.. અમેરિકા ગ્રુપ ટુરો માટે 2008 થી દર વર્ષે 21 ટુરો નું આયોજન કરનાર " ફોરમ વિરલ શાહ" હવે વચનબદ્ધ 2025 માટે..

**TRAVEL WITH OWNER FORAM SHAH**
PIONEER WHO HAS CREATED HISTORY IN INDIAN & FOREIGN MARKET

FORAM® WORLDWIDE #ChaloForamKeSang

## SABKO PATA HAI, FORAM KE SANG MAZAA HAI!

LOS ANGELES | SAN FRANCISCO | SACRAMENTO | LAKE TAHOE | MAMMOTH LAKES | DEATH VALLEY | LAS VEGAS
ORLANDO | NIAGARA | WASHINGTON DC | VIRGINIA | PHILADELPHIA | NEW YORK

**HAPPY TO ANNOUNCE WE HAVE CROSSED 450+ BOOKINGS FOR 2025 TOURS!! MORE TO COME.. HURRY BEFORE ALL TOURS ARE SOLDOUT!!**

### અમેરિકા ફક્ત ફોરમ શાહ સાથે જ કેમ ?

- 2018 થી ન્યુ યોર્ક "ટાઇમ સ્કવેર" પર 3 રાત્રી નો યાદગાર મુકામ આપનાર પાયોનીયર (TREND SETTER IN TRAVEL INDUSTRY)
- 2019 થી મેમોથ લેક્સ માં ગ્લેશિયર ની સામે જ બેસ્ટ હોટેલ, ગુલાબી ઠંડા લોકેશન માં રાત્રી મુકામ આપનાર પાયોનીયર (TREND SETTER IN TRAVEL INDUSTRY)
- લેક તાહો જેવા સુંદર ડેસ્ટીનેશન પ્રસ્તુત કરનાર પાયોનીયર
- ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ 20 વર્ષો ના અનુભવ સાથે. અમેરિકા માં મહારાજ સાથે ની સુવિધાઓ નો ઈતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઈડ (FORAM VIRAL SHAH HAS SET THE TREND IN TRAVEL INDUSTRY WHICH TODAY OTHERS ARE COPYING)
- એક સાથે 100 પ્રવાસીઓ ને સફળતાપૂર્વક ફરાવી, યાદગાર ટુરો નું આયોજન કરવા ની ક્ષમતા અને બહોળો અનુભવ
- ઓર્લેનડો માં મુખ્ય થીમ પાર્ક નો સમાવેશ અને INTERNATIONAL DRIVE પર 4 રાત્રી નો મુકામ (MAIN TOURIST STREET)
- વર્ષોથી TRAVEL માર્કેટમાં ચાલતી TOP EXPERT TRAVEL કંપની FORAM WORLDWIDE સાથે કરો AMERICA ની ટૂર, એ પણ ફોરમ વિરલ શાહ (OWNER) સાથે



### FORAM SHAH SIGNATURE TOUR ની ખાસ વિષેશતાઓ

★ ટુર માં અમારા પોતાના રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ આપવા ની ઐતિહાસીક ઉપલબ્ધી. ઓક્ટોબર 2022 થી પોતાના રસોડા સાથે ની ટુરો નુ સફળતાપૂર્વક સંચાલન કરનાર એક માત્ર પાયોનીયર.

★ "ફોરમ શાહ" (OWNER) ની હાજરી અને શરૂઆત થી અંત સુધી માર્ગદર્શન, સાથે સાથે પોતાના વર્ષોના અનુભવી IN-HOUSE ગુજરાતી ટુર મેનેજર અને રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ

★ વિશ્વ ના સૌથી મોટા 'સ્વામી નારાયણ મંદિર' ની મુલાકાત ફક્ત ફોરમ ની ટુર માં સંભવ

★ NIAGARA FALLS માં જેટ બોટ રાઈડ (બાળકો થી મોટા માટે જિંદગીભરનો અનુભવ) (WORTH USD 100)

★ સમગ્ર ટુર દરમિયાન UNLIMITED WATER DURING BUS JOURNEY

★ ઇન્ટર્નલ ફ્લાઈટ્સ ટુર કોસ્ટ માં સમાવેશ (PER PERSON 2 BAGS X 23 KGS = 46KGS)

★ PHILADELPHIA UNESCO WORLD HERITAGE ની સીટી ટુર WITH INDEPENDENCE HALL, ROCKY STEPS, LIBERTY BELL

★ ORLANDO ALLIGATOR PARK

ઉમરલાયક વડીલ પ્રવાસીયો માટે.. Without Orlando (થીમ પાર્ક વગર) નો વિકલ્પ (ફોરમ સાથે 2024 થી સંભવ છે)

★ STRATOSPHERE TOWER ડે વ્યૂ (ફક્ત ફોરમ સાથે)

★ LURAY CAVERNS સાથે VINTAGE CAR MUSEUM અને SHENANDOAH HERITAGE VILLAGE ની યાદગાર મુલાકાત જે ફક્ત ફોરમ વર્લ્ડવાઈડ સાથે જ સંભવ (પાયોનીયર)

★ મોનો કાઉન્ટી વિસ્તાર પર યાદગાર સીનીક ડ્રાઇવ .. મનમોહક મોનો લેક - VISTA POINT ની મુલાકાત

★ કેલિફોર્નિયા નુ કેપિટલ "સેકરામેનટો" ની મુલાકાત (ફક્ત ફોરમ સાથે) - OLD SACREMENTO WATER FRONT WITH TRAIN STATION, GOLDEN BRIDGE AND CAPITOL BUILDING

★ A/C કોચ ની મુસાફરી સાથે કરશું NIAGARA FALLS ની લોકલ સાઈટ સીઈં (ના કે ચાલી ને)

★ TAX-FREE SHOPPING માટે NEW JERSEY MILLS ની મુલાકાત ફક્ત ફોરમ સાથે

★ GRAND CANYON BY AIRPLANE

★ ફક્ત બે 3 STAR હોટેલ.. બાકી બધી જ 4 STAR હોટેલ (OFFICIALLY CERTIFIED)

★ લાસ વેગાસ ના નવા આકર્ષણ 'THE SPHERE ની ALL INCLUSIVE' મુલાકાત.. જેમા POST CARD FROM EARTH SHOW, INTERACTION WITH ROBOTICS એન્ટ્રેન્સ ટિકિટ સાથે ફોટોગ્રાફી (DAY & NIGHT) પણ

**જાહેર માંગ સાથે અમને સારો પ્રતિસાદ મળ્યા બદલ, અમે ડિસ્કાઉન્ટ ઓફર 28 ફેબ્રુઆરી 2025 સુધી વધારી છે.**

**TRAVEL WITH ORIGINALS IN THEIR GAURANTEED CONFIRM TOURS**





### ગ્રાન્ડ અમેરિકા

21 રાત્રી / 22 દિવસ
APR - 22(FEW SEATS),29(FEW SEATS)
MAY - 6,13(FEW SEATS),20(FEW SEATS),27
JUN - 3(FEW SEATS),17(FEW SEATS)
JULY - 1,22 | AUG - 12 | SEPT - 2,23
OCT - 14,28 | NOV - 4

### બીજા વિકલ્પો

- ગલિમ્પ્સ અમેરિકા — 17 રાત્રી / 18 દિવસ
- વેસ્ટ + ઓર્લેન્ડો — 14 રાત્રી / 15 દિવસ
- ઈસ્ટ + ઓર્લેન્ડો — 11 રાત્રી / 12 દિવસ
- વેસ્ટ અમેરિકા — 10 રાત્રી / 11 દિવસ
- ઈસ્ટ અમેરિકા — 07 રાત્રી / 08 દિવસ




**OUR EXCLUSIVE INCLUSIONS**

- chef — રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
- અનુભવી IN-HOUSE ગુજરાતી ટુર મેનેજરો
- ઇન્સ્યોરન્સ અને ટીપ્સ નો ટુર કિંમત માં સમાવેશ
- કોઈ પણ પ્રકારના છુપા ખર્ચ નહીં
- અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીંગ નો સમાવેશ

**FORAM 9324366095 | VIRAL 7021647219 | BHAKTI 8591069803 | DHRUV 8169369686**

HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

## જૂનાગઢ મહાશિવરાત્રીના મેળા માટે તંત્ર અમદાવાદથી વધારાની 300 બસથી ૪000 ટ્રિપ દોડાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં ભવનાથની તળેટીમાં મહાશિવરાત્રી મેળાની શરૂઆત થઈ ગઈ છે. હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો મહાશિવરાત્રીના મેળામાં લહાવો લેવા જૂનાગઢ પહોંચી રહ્યા છે.

આ દરમિયાન મહાશિવરાત્રીના મેળામાં આવતા ભાવિક ભક્તો માટે એસટી નિગમ દ્વારા એસટી બસની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી આયોજિત થનાર મહાશિવરાત્રી મેળામાં દર્શનાર્થીઓને જવા-આવવા માટે એસટી નિગમ દ્વારા રાજ્યનાં વિવિધ શહેરો તરફથી સંચાલિત થતી ૨૫૦ થી વધુ રેગ્યુલર સર્વિસ ઉપરાંત મુસાફરોના ધસારાને ધ્યાને લઈ વધારાની ૩૦૦ મોટી બસથી ૪૦૦૦થી વધુ ટ્રિપ અને ૭૦ મિનિ બસથી ૧૦૦૦થી વધુ ટ્રિપ દોડાવાશે.

આ ઉપરાંત જૂનાગઢથી ભવનાથ તળેટી જવા-આવવા માટે રોજની ૭૦ મિનિ બસ મારફતે અલગથી બુથો ગોઠવી સંચાલન કરવામાં આવશે. જ્યારે, જૂનાગઢ આવવા-જવા વિવિધ મુખ્યત્વે સ્થળો જેવાં કે રાજકોટ ૪૦ બસ, અમદાવાદ ૨૦ બસ, જામનગર ૩૦ બસ, સોમનાથ ૩૫ બસ, પોરબંદર ૩૫ બસ, દ્વારકા ૩૦ બસ, અમરેલી ૩૫ બસ, ભાવનગર ૨૫ બસ, ઉના ૩૦ બસ અને વડોદરા ૨૦ બસો દોડાવાશે.

## મહાશિવરાત્રી પર્વ નિમિત્તે સોમનાથ મંદિરના દ્વાર શ્રદ્ધાળુઓ માટે ૪૨ કલાક ખુલ્લા રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિશ્વપ્રસિદ્ધ-ભારતનાં બાર જ્યોતિર્લિંગમાં પ્રથમ સૌરાષ્ટ્ર સાગરતટે સોમનાથ-પ્રભાસપાટણ ખાતે દેવાધિદેવ મહાદેવના મહાપર્વ મહાશિવરાત્રીની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મંદિર ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રીના દિવસે સોમનાથમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પર્વ નિમિત્તે શ્રદ્ધાળુઓનો ધસારો જોતાં સોમનાથ મંદિર ૪૨ કલાક સતત ખુલ્લું રહેશે.

સોમનાથ શિવરાત્રી પ્રહર પૂજા આરતી ૨૬ ફેબ્રુઆરીના રાત્રે ૮/૪૫ અને આરતી રાત્રે ૯/૩૦ તથા જ્યોત પૂજન, બીજા પ્રહર પૂજા રાત્રે ૧૧ વાગ્યે અને આરતી રાત્રે ૧૨/૩૦ વાગ્યે, ત્રીજા પ્રહર પૂજા રાત્ર ૨/૪૫ કલાકે અને આરતી રાત્રે ૩/૩૦ કલાકે આમ જોઈએ તો તા. ૨૬ અને ૨૭ ફેબ્રુ. એમ બે દિવસમાં પૂજા-આરતી રહેશે.

સોમનાથ ટ્રસ્ટના આયોજન મુજબ મહાશિવરાત્રીએ સવારે ૪ વાગ્યે દર્શનાર્થીઓ માટે દર્શન ખૂલશે જે બીજે દિવસે એટલે કે ૨૬ ફેબ્રુઆરીના રોજ સવારે ખૂલેલાં દર્શન સતત બંધ થયા વગર ૨૭ ફેબ્રુઆરીના રાત્રીના ૧૦ સુધી દર્શનાર્થીઓ માટે સતત ૪૨ કલાક સુધી ખુલ્લાં રહેશે.

સોમનાથ ટ્રસ્ટ મહાશિવરાત્રીએ પોતાના તરફથી પ્રથમ ધજાનું પૂજન કરી સોમનાથ દાદાના શિખરે ધ્વજારોહણ કરશે. મહાશિવરાત્રીના દિવસે સોમનાથ પરિસરમાં ઢોલ-શરણાઈ અને વાજતેગાજતે ધુન, ભજન અને પવિત્ર વેદમંત્રોચ્ચાર સાથે શિવપાલખી યાત્રા મંદિરના પ્રદક્ષિણા પથ ઉપર ફરશે. હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ, બીલ્વપૂજા, પાધપૂજા, સોમેશ્વર પૂજા, મહામૃત્યુંજય જાપ, યજ્ઞશણગાર સંધ્યા દર્શન, ચાર પ્રહર પૂજા, ચાર પ્રહર આરતી, પાર્થેશ્વર પૂજા સહિતના વિવિધ કાર્યક્રમોને આવરી લેવાશે.

## અમદાવાદમાં આઠ અને નવમી એપ્રિલે કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે

### ૬૪ વર્ષ બાદ ગુજરાતમાં આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું અધિવેશન આઠ અને નવમી એપ્રિલના રોજ અમદાવાદમાં યોજાશે. જેમાં દેશભરના એઆઈસીસી પ્રતિનિધિઓ હાજર રહેશે. સરકારની જનવિરોધી નીતિઓ અને બંધારણ અને તેનાં મૂલ્યો પરના અવિરત હુમલાઓ દ્વારા ઊભા થયેલા પડકારો પર ચર્ચા કરશે, જ્યારે પક્ષની ભવિષ્યની રણનીતિ અંગે પણ ચર્ચા કરવામાં આવશે. ૬૪ વર્ષ બાદ ગુજરાતમાં કૉંગ્રેસ અધિવેશન યોજવા જઈ રહી છે. અગાઉ ૧૯૬૧માં ભાવનગરમાં કૉંગ્રેસનું અધિવેશન યોજાયું હતું.

કૉંગ્રેસ કાર્યકારી સમિતિ સીડબ્લ્યુસીની વિસ્તૃત બેઠક આઠમી એપ્રિલના રોજ શરૂ થશે. ત્યાર બાદ નવમી એપ્રિલે એઆઈસીસી પ્રતિનિધિઓની બેઠક યોજાશે. કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે બંને બેઠકોની અધ્યક્ષતા કરશે, જેમાં કૉંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ કૃષ્ણા કુમાર ભાગ લેશે. સોનિયા ગાંધી, વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કૉંગ્રેસશાસિત રાજ્યોના તમામ મુખ્ય પ્રધાનો, રાષ્ટ્રીય પદાધિકારીઓ, પક્ષના વરિષ્ઠ નેતાઓ અને અન્ય એઆઈસીસી પ્રતિનિધિઓ પણ હાજર રહેશે. આગામી સત્ર ફક્ત મહત્ત્વપૂર્ણ ચર્ચા-વિચારણા માટેના મંચ તરીકે જ નહીં, પરંતુ સામાન્ય લોકોની ચિંતાઓને દૂર કરવા અને રાષ્ટ્ર માટે એક મજબૂત વૈકલ્પિક દૃષ્ટિકોણ રજૂ કરવાના કૉંગ્રેસ પાર્ટીના સામૂહિક સંકલ્પની પુષ્ટિ પણ કરશે.

## મગફળીની ટેકાના ભાવે ખરીદીમાં ભ્રષ્ટાચારઃ ભાજપના નેતા ભરત કાનાબારનો ગંભીર આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરી હતી. જોકે, મગફળીની ખરીદીમાં વ્યાપક ભ્રષ્ટાચારના આરોપો થઈ રહ્યા છે. અમરેલીના ભાજપના નેતા ભરત કાનાબારે એક્સ પર પોસ્ટ કરીને વેપારીઓ અને સરકારી અધિકારીઓની મિલિભગતથી કરોડો રૂપિયાનું કથિત કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવ્યો હતો.

સરકારે ટેકાના ભાવે મગફળીની વિક્રમજનક ખરીદી કરી હોવાનું સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, ભરત કાનાબારે આ મગફળીની ખરીદીમાં કેટલાક વેપારીઓ, કેટલાક સરકારી અધિકારીઓ અને કેટલાક ખેડૂતોએ મગફળીનું વાવેતર ન કર્યું હોવા છતાં પોતાના સાતબાર વેપારીને આપી આ ભ્રષ્ટાચાર કરવામાં મદદગારી કરી હોવાનો આક્ષેપ લગાવ્યો હતો.

ડૉક્ટર કાનાબારે એક્સ પર તેમનો આક્રોશ વ્યક્ત કરતાં લખ્યું હતું કે, આ વર્ષે ગુજરાત સરકારે મગફળી માટે નક્કી કરેલ ટેકાના ભાવ અને બજાર ભાવ વચ્ચે ૨૫૦ થી ૩૫૦ રૂપિયા જેટલો તફાવત હતો. આ ભાવફેરનો ફાયદો લેવા મોટા ભાગના માર્કેટ યાર્ડમાં વેપારીઓ, ખરીદી સાથે જોડાયેલ અધિકારીઓ અને વચેટિયાની ટોળકીઓ સક્રિય હતી જેમણે મગફળીનું વાવેતર ના કર્યું હોય તેવા ખેડૂતની જમીનના ૭-૧૨ રજૂ કરી બજારમાંથી નીચા ભાવે નબળી કક્ષાની શીંગ ખરીદી ટેકાના ભાવે ધાબડી દીધી. મિલિ ભગતથી થયેલ આવી ખરીદીનો આંકડો કરોડોનો થાય છે. ધિક્કાર છે એ અધિકારીઓને જેમણે તેમને જે પગાર ચૂકવે છે એ સરકાર સાથે છેતરપિંડી કરી! ફટ છે એ વેપારીઓને જેમણે કોકના ૭-૧૨ બતાવી બજારમાંથી ખરીદેલ શીંગ ટેકાના ભાવે પધરાવી દીધી!!. શરમ છે એ ખેડૂતોની હરકત પર જેઓ જાણ્યે-અજાણ્યે પોતાની જમીનના ૭-૧૨ અન્યોને આપી આ કાવતરામાં શામિલ થયા.

## સુરતમાં વાહકજન્ય રોગોના ડેટાનું રિયલ ટાઈમ મોનિટરિંગ કરવા ૧૯ લાખ ઘરો પર ક્યુઆર કોડ લગાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર દેશમાં પહેલી વાર સુરત મહાનગરપાલિકાએ ક્યૂઆર કોડ બેઝ સર્વેલન્સ માટે પ્રયાસો હાથ ધર્યા છે. આ માટે શહેરમાં ૧૯ લાખ ઘરોમાં ક્યુઆર કોડ લગાવવાનો નિર્ણય પણ કરાયો છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા હાલમાં વાહકજન્ય રોગોની માહિતી મેન્યુઅલી તૈયાર કરાતી હોવાથી તેનું રીયલ ટાઈમ મોનિટરિંગ થઈ શકતુ નથી, પરંતુ હવે ક્યુઆર કોડ બેઝ સર્વેલન્સ થવાથી મલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોના સર્વેલન્સની માહિતી રિયલટાઈમ મળી રહેશે અને તાત્કાલિક પગલાં પણ લઈ શકાશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ રોગચાળા અંગેની ઘરે ઘરે જઈને માહિતી એકત્રિત કરતા હતા. હેલ્થ વર્કરો ચોમાસામાં પાણી ક્યાં ભરાય છે અને ક્યા મકાનમાં રહેલાં કૂંડાં અથવા તો ટેરેસ પર રહેલાં પાણી ભરવા અંગેની વિગતો મેળવતા હતા. ત્યાર બાદ મચ્છરના ઉપદ્રવને અટકાવવાની કામગીરી હાથ ધરાતી હતી. જ્યાં મચ્છરનો ઉપદ્રવ જણાય ત્યાં મલેરિયા ટાઈફોડ, કૉલેરા, ડેન્ગ્યુ જેવા રોગો વધી શકે તેવી શક્યતા જણાતી હતી.

સુરત મહાનગરપાલિકામાં સર્વેલન્સ માટેની ટીમમાં ૪૦૦ કર્મચારીઓ કામ કરી રહ્યા છે અને મેન્યુઅલી સર્વેલન્સની કામગીરી તેમના માટે એક પડકાર રૂપ બની ગઈ છે. જેથી દેશમાં પ્રથમ વાર સુરત મનપામાં દરેક ઘરો પર ક્યુઆર કોડ લગાડવાનો નિર્ણય કરાયો છે. ક્યુઆર કોડ લગાવવાથી તમામ કામગીરી ઝડપી બનશે અને કર્મચારીઓને કામગીરીમાં સરળતા રહેશે. કારણ કે તમામ વિગતો ઑનલાઈન થઈ જવાથી ઝડપથી મહાનગરપાલિકાને વિગતો પ્રાપ્ત થશે. ક્યુઆર કોડથી રીયલ ટાઇમ ડેટા કૉર્પોરેશનના કંટ્રોલ કમાન્ડ સેન્ટરને ઉપલબ્ધ થઈ જશે.

ક્યુઆર કોડ જે તે હેલ્થ વર્કર જે તે વિસ્તારમાં કોઈ સમસ્યા દેખાય તો તેના સીધા ફોટા એપની મદદથી મોકલી શકશે. નાયબ આરોગ્ય અધિકારી ડૉ. ધ્વનિ પટેલે જણાવ્યું કે, ક્યુઆર કોડ થકી આવનાર દિવસોમાં આરોગ્યલક્ષી સેવાઓમાં ઘણાખરા ફેરફાર આવશે. જેમાં સૌથી વધુ ડીસીઝ ફોરકાસ્ટિંગ કરવાનું સરળ થઈ જશે. જે વિસ્તારમાં જે રોગનું પ્રમાણ વધી શકે તેવી દહેશત હશે ત્યાં ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવશે. સુરત શહેરમાં અંદાજે ૧૯ લાખ જેટલાં ઘર છે. એ તમામ ઉપર ક્યુઆર કોડ લગાવવામાં આવશે.

## સુરતમાં ડ્રોન બાદ પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો ઉપયોગ

### હેલ્મેટ વગરના વાહનચાલકો સામે રોડ પર જાહેરાત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા માટે પોલીસ ટેક્નોલૉજીનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરી રહી છે. તાજેતરમાં ડ્રોન ઉડાડીને હેલ્મેટ વિના નીકળતા વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો, પરંતુ હવે સીસીટીવી કૅમેરા અને 'પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ'નો ઉપયોગ કરીને હેલ્મેટ વગરના વાહનચાલકોની ઓળખ કરી તેમની સામે તાત્કાલિક પગલાં લેવામાં આવી રહ્યાં છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત શહેરમાં હેલ્મેટ વિના નીકળતા વાહનચાલકોને પકડવા તાજેતરમાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવે પોલીસે પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો ઉપયોગ શરૂ કર્યો છે. આ નવી વ્યવસ્થા સુરત પોલીસ કમિશનર કચેરીના કંટ્રોલ રૂમથી સંચાલિત થાય છે, જ્યાં પોલીસકર્મીઓ ત્રણ શિફ્ટમાં કામ કરીને ૨૪ કલાક ટ્રાફિક પર નજર રાખે છે. સુરત શહેરમાં લગાવેલા સીસીટીવી કૅમેરાથી સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

શહેરમાં પોલીસે જે પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ શરૂ કરી છે તેમાં સીસીટીવી કૅમેરાની મદદથી હેલ્મેટ વિનાના વાહનચાલકને ઓળખીને તેના વાહનની વિગતો મેળવીને સુરત કંટ્રોલ રૂમના ટ્રાફિક કર્મીઓ આ માહિતી નજીકના ટ્રાફિક પોઇન્ટ પર મોકલે છે. શહેરના દરેક મુખ્ય ટ્રાફિક પોઇન્ટ પર પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ લગાવવામાં આવી છે. કંટ્રોલ રૂમમાંથી મળેલી સૂચના લાઈવ પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ પર સંભળાય છે. જેથી એનાઉન્સમેન્ટના આધારે જે વાહનચાલક અંગેની જાણકારી મળે છે તેની પાસે તરત જ પહોંચી જાય છે.

ટ્રાફિક એસીપી એસ.આર.ટંડેલે કહ્યું હતું કે, આ ટેક્નોલૉજીનો અમલ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય સુરત શહેરના લોકોની સલામતી સુનિશ્ચિત કરવાનો છે. લગભગ ૮૦ ટકા લોકો હવે હેલ્મેટ પહેરીને નીકળે છે, પણ બાકી ૨૦ ટકા લોકો હજી પણ આ નિયમનું પાલન કરતા નથી. આ માટે અમે સીસીટીવી કૅમેરા અને પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને નિયમ ભંગ કરનાર સામે પગલાં લઈ રહ્યા છીએ.

## અમદાવાદના ગોમતીપુરમાં ૧૫૦થી વધુ મકાનો અને દુકાનો પર બુલડોઝર ફર્યું

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કૉર્પોરેશને શહેરમાં ગેરકાનૂની દબાણો ખાલી કરાવવા માટે ફરી બુલડોઝરની કાર્યવાહી શરૂ કરી હતી. અમદાવાદના પૂર્વ ઝોનના ગોમતીપુર વોર્ડમાં કાલિદાસથી અંબિકા હોટલ સુધી ૧૫૦ જેટલી કમર્શિયલ દુકાનો અને કેટલાંક મકાનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિ. તંત્ર દ્વારા કમર્શિયલ દુકાનો અને કેટલાક મકાન માલિકોને નોટિસ ફટકારવામાં આવી હતી અને આ જગ્યા ખાલી કરવા માટે પંદર દિવસનો સમય આપવામાં આવ્યો હતો. અંતે આ જગ્યા પર બુલડોઝર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગોમતીપુર વોર્ડમાં આવેલા હાથી ખાઈ કાળીદાસ મિલ ચાર રસ્તાથી અંબિકા હોટલ સુધીનો જાહેર માર્ગ રીડેવલોપમેન્ટના ભાગરૂપે પહોળો કરવા કૉર્પોરેશન દ્વારા ડીમાર્કેશન કરવામાં આવ્યું છે અને તેથી ૧૫૦ જેટલી કોમર્શિયલ દુકાનો અને કેટલાંક મકાનોને ૩૧ જાન્યુઆરી ૨૦૨૫થી નોટિસ આપવામાં આવી હતી.

## સોશિયલ મીડિયામાં હથિયારો સાથેના ફોટો-વીડિયો પોસ્ટ કરનારા લોકો સામે કાર્યવાહી કરવા પોલીસની ઝુંબેશ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોશિયલ મીડિયામાં હથિયારો સાથે ફોટો અને વીડિયો પોસ્ટ કરનારા લોકો સામે કાર્યવાહી કરવા માટે પોલીસે ઝુંબેશ હાથ ધરી છે. આ લોકો સામે આકરી કાર્યવાહી કરવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરી એક વૉટ્સઍપ નંબર પણ જાહેર કરાયો છે. આ નંબર પર સોશિયલ મીડિયામાં વાયરલ વાંધાજનક વીડિયો અંગે પોલીસને માહિતી આપી શકાશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સોશિયલ મીડિયામાં વાંધાજનક રીલ્સ અને પોસ્ટ વાયરલ થવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. જેમાં તલવાર, બંદૂક કે અન્ય ઘાતક હથિયાર બતાવવામાં આવે છે. જ્યારે તલવારથી કેક કાપવી, ભયનો માહોલ ફેલાય તેવી રીતે વાહન ચલાવીને રીલ બનાવીને પોસ્ટ કરવા જેવી બાબતો વારંવાર પોલીસના ધ્યાને આવતી હોય છે.

અમદાવાદ સાયબર ક્રાઇમની સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલની ટીમ આ પ્રકારની પોસ્ટ પર સતત વૉચ રાખીને કાર્યવાહી કરે છે. હવે અમદાવાદ કે અન્ય શહેરોના સ્થાનિક લોકો પણ પોલીસને આ બાબતે માહિતી પહોંચતી કરે તે માટે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૬૩૫૯૬૨૫૩૬૫ વૉટ્સઍપ નંબર જાહેર કર્યો છે. આ નંબર પર લોકો વાંધાજનક રિલ્સ કે પોસ્ટની વિગતો આપી શકશે. જેથી પોલીસ દ્વારા ત્વરિત કાર્યવાહી થઈ શકે. રાજકોટની પાયલ મેટરનિટી હૉસ્પિટલના સીસીટીવી ફુટેજ યુટ્યુબમાં વાયરલ થયા બાદ પોલીસ તંત્ર વધુ સંતર્ક થયું છે અને તે અનુસંધાનમાં અમદાવાદ ક્રાઈમબ્રાંચ દ્વારા આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

## અમદાવાદના નિકોલમાં નિર્માણાધીન કન્સ્ટ્રક્શન સાઈટ પર ભેખડ ધસી પડતાં બે શ્રમિકો દટાયાઃ એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના નિકોલ વિસ્તારમાં નિર્માણાધીન કન્સ્ટ્રક્શન સાઇટ પર ભેખડી ધસી પડતાં બે શ્રમિકો દટાયા હતા. જેમાંથી એકનું મોત નીપજ્યું હતું અને બીજાને ગંભીર હાલતમાં સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ત્રણથી વધુ ગાડીઓ રેસ્ક્યૂ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ભેખડમાં દટાયેલા બંને મજૂરોને બહાર કઢાયા હતા.

ફાયર વિભાગના કર્મચારીના જણાવ્યા પ્રમાણે, કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે નિકોલ-વિરાટનગર રોડ પર આવેલા મનમોહન પાર્ક નજીક તૈયાર થઈ રહેલી બિલ્ડિંગના ખોદકામ દરમિયાન ભેખડ ધસી પડી હતી. જેમાં કેટલાક શ્રમિકો દટાયા હોવાનું જાણવા મળતાં ફાયરબ્રિગેડની ત્રણ ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયરના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી ભેખડ નીચે દટાયેલા બે શ્રમિકોને બહાર કાઢ્યા હતા. જેમાં એકનું મોત નીપજ્યું હતું અને બીજાને ગંભીર હાલતમાં સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસ પણ ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘટનાસ્થળ ઉપર કોઈ પણ જવાબદાર વ્યક્તિ હાજર નહોતી. પોલીસે આ ઘટના મુદ્દે વધુ તપાસ હાથ ધરી હતી. સુપરમાર્ટનાં સૂત્રોએ કહ્યું હતું કે, અમારા કોન્ટ્રાક્ટરના બે કર્મચારી સાઈટ પર કામ કરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. બન્ને કર્મચારીને તાત્કાલિક મેડિકલ સપોર્ટ અને હૉસ્પિટલાઈઝેશન પૂરા પાડ્યા હતા. અમે શક્ય તમામ મદદ કરવા માટે પીડિતના પરિવારજનોના સંપર્કમાં છીએ.

## સુરતમાં વધુ બે આરટીઆઈ ખંડણીખોરો સામે ગુના નોંધાયાઃ 300 લોકોનું લિસ્ટ તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આરટીઆઈની આડમાં ખંડણીખોરીના ગોરખધંધા કરતાં તત્ત્વો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન સુરત પોલીસે વધુ બે આરટીઆઈ એક્ટિવિસ્ટ્સ સામે ગુનો નોંધ્યો હતો. પોલીસે અગાઉ ૧૭ લોકો સામે ગુના નોંધી સાણસામાં લીધા હતા. આગામી દિવસોમાં શહેરનાં અન્ય પોલીસ મથકોમાં ગુના દાખલ થાય તેવી પણ સંભાવના છે. પોલીસે ૩૦૦ જેટલા આરટીઆઈ એક્ટિવિસ્ટ્સનું લિસ્ટ તૈયાર કર્યું છે, જેની સામે એસઓજી કાર્યવાહી કરે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે સુરત શહેરમાં આરટીઆઈની આડમાં ખંડણીખોરીનું ન્યૂસન્સ છેલ્લા ઘણા સમયથી ફૂલ્યું ફાલ્યું છે. બાંધકામ મામલે પાલિકામાં અરજી કરી બિલ્ડરો તથા અધિકારીઓનું નાક દબાવી પોતાનું ધાર્યું કરાવી લેતાં તત્ત્વોથી સૌ કોઈ ત્રાસી ગયા હતા. સામાન્ય પ્રજાની મિલકત બાબતે પણ અરજી કરી ખંડણી ઉઘરાવવાના બનાવો વધી ગયા હતા. કેટલાક આરટીઆઈ એક્ટિવિસ્ટ્સ દ્વારા શરૂ કરાયેલી આ હાટડી મામલે ભારે ઊહાપોહ મચ્યા બાદ ધારાસભ્ય અરવિંદ રાણાએ ખંડણીખોરોની યાદી સાથે ગાંધીનગર સુધી ફરિયાદ કરી હતી.

આ મામલે પોલીસ કમિશનરના આદેશ બાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના ડીસીપી રાજદીપસિંહ નકુમે ખંડણીખોરો સામે ગુના નોંધી કાયદાનો સકંજો કસવાનું અભિયાન ઉપાડ્યું છે. અત્યાર સુધીમાં સેન્ટ્રલ ઝોન હસ્તકમાં આવતા અઠવા, લાલગેટ અને મહિધરપુરા પોલીસમાં ૧૭ ગુના નોંધાઈ ચૂક્યા છે. દરમિયાન વધુ બે ગુના અઠવા પોલીસે દાખલ કર્યા હતા.

## રાજકોટથી અમદાવાદ જતી મિનિ બસ અને ડમ્પર વચ્ચે થયેલા અકસ્માતમાં પાંચનાં મોત, ૧૦ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાઈવે પર થતા અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે. હાઈવે પર બેફામ ગતિએ પસાર થતાં ભારે વાહનોને કારણે અકસ્માતો સર્જાઈ રહ્યા છે. અમદાવાદ-રાજકોટ હાઈવે પર મોરવાડ ગામના પાટિયા પાસેના બ્રિજ પર રાજકોટથી અમદાવાદ તરફ જતી મિનિ બસ અને ડમ્પર વચ્ચે થયેલા અકસ્માતમાં ૫ મુસાફરોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૧૦ ઈજાગ્રસ્તોને હૉસ્પિટલ ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ રાજકોટ હાઈવે પર મોરવાડ ગામના પાટિયા પાસેના બ્રિજ પર રાજકોટથી અમદાવાદ તરફ જતી મિનિ બસ અને ડમ્પર વચ્ચે ભયાનક અકસ્માત સર્જાતાં હાઈવે પર ચિચિયારીઓ ગુંજી ઊઠી હતી. આ અકસ્માતમાં પાંચ લોકોનાં મોત થયાં હતાં અને મિનિ બસમાં સવાર અન્ય ૧૦ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે ટ્રાફિક ખુલ્લો કરી વાહનોની અવરજવર શરૂ કરાવી હતી. પોલીસે મૃતકોની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરીને અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી હતી.

## સુરતના અડાજણમાં ૧૦૮ એમ્બ્યુલન્સની અડફેટે આવતાં સાઈકલસવાર બાળકી ૨૦ ફૂટ દૂર ફંગોળાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં અકસ્માતના બનાવો સતત વધી રહ્યા છે. શહેરના અડાજણ વિસ્તારમાં ૧૦૮ એમ્બ્યુલન્સે સાઈકલ લઈને પસાર થતી બાળકીને અડફેટે લેતાં બાળકી સાઈકલ સાથે ૨૦ ફૂટ જેટલી દૂર ફંગોળાઈ હતી. ઈજાગ્રસ્ત બાળકીને આ જ એમ્બ્યુલન્સમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના અડાજણ વિસ્તારમાં સરદાર બ્રિજ પાસેથી ૧૦૮ એમ્બ્યુલન્સ પસાર થઈ રહી હતી. આ દરમિયાન રોડ ક્રોસ કરી રહેલી એક સાઈકલસવાર બાળકી અડફેટે આવી જતાં તે સાઈકલ સાથે ૨૦ ફૂટ જેટલી દૂર ફંગોળાઈ હતી. સદ્નસીબે બાળકીના ખભા પર બૅગ હોવાના કારણે વધુ ઈજા થઈ ન હતી. અકસ્માતના પગલે રસ્તા પર લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં.

આ બાળકીને જે ૧૦૮ સાથે અકસ્માત થયો હતો તેમાં જ તેને પ્રાથમિક સારવાર આપી હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અકસ્માતમાં બાળકીનો બચાવ થતાં અને તાત્કાલિક સારવાર મળતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. અડાજણ વિસ્તારમાં શનિવારે સર્જાયેલા આ અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આ બનાવ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધવામાં ન આવી હોવાનું જાણવા મળ્યું હતું.

## મહારાષ્ટ્રમાં ગંભીર ગુનાઓ આચરી વિદેશ ભાગેલા આરોપીઓની શોધખોળ માટે મુંબઈ પોલીસની ગુજરાતમાં તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાષ્ટ્રમાં ગંભીર ગુનાઓ આચરીને વિદેશ ભાગી ગયેલા આરોપીઓની શોધખોળ માટે મુંબઈની પોલીસ ગાંધીનગર જિલ્લાના કલોલ સહિતના વિસ્તારોમાં પહોંચી હતી. વિદેશ ભાગી ગયેલા આ આરોપીઓમાં મોટા ભાગે અમદાવાદ, ઉત્તર ગુજરાત, ગાંધીનગર, કલોલ, માણસા, મહેસાણા અને કડી તેમ જ અન્ય વિસ્તારના છે. આ લોકોએ લાખો-કરોડો રૂપિયા ખર્ચીને અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને જર્મની જેવા દેશોમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો.

અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા અને જેલમાં રહેલા વિદેશી નાગરિકોને તેમના વતનમાં પરત મોકલવામાં આવી રહ્યા છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, કેટલાક આરોપીઓ સરકારી અને ખાનગી બૅન્કોમાંથી અબજો રૂપિયાની લોન લઈ ભરપાઈ કર્યા વગર વિદેશ ભાગી ગયા છે. આ ઉપરાંત કેટલાક હત્યા જેવા ગંભીર ગુનાઓમાં પણ સંડોવાયેલા છે. મુંબઈ પોલીસ આ લોકોના પાસપોર્ટ, તેમની ગુનાહિત પ્રવૃત્તિઓ અને વિવિધ રાજ્યોમાં તેમની સામે નોંધાયેલા કેસોની તપાસ કરી રહી છે.

પોલીસની તપાસથી ડરીને ઘણા આરોપીઓ તેમના સરનામેથી ફરાર થઈ ગયા છે અને કબૂતરબાજ એજન્ટોએ તેમની ઑફિસો બંધ કરી દીધી છે. પોલીસ તંત્ર દ્વારા આવા ગુનેગારોને પકડવા માટે વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણેક દિવસથી મુંબઈ પોલીસની ટીમો કલોલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તપાસ કરી હતી.

## નવસારીથી ૧.૪૯ કરોડના ડ્રગ્સ સાથે પકડાયેલી મહિલાને જથ્થો આપનાર નાઈજીરિયન આરોપીની મુંબઈથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિદેશી દારૂ અને ડ્રગ્સની હેરાફેરીના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. વિદેશથી આવતાં ડ્રગ્સની તપાસ માટે પોલીસ તંત્ર સક્રિય થઈ ગયું છે. તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા નવસારીમાંથી ૧.૪૯ કરોડ રૂપિયાના ડ્રગ્સ સાથે નાઈજીરિયન મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ આ મહિલાને ડ્રગ્સનો જથ્થો આપનાર નાઇજીરિયન આરોપીની મુંબઈથી ધરપકડ કરાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ૧૮ ફેબ્રુઆરીએ નવસારીમાંથી બાતમીના આધારે માર્ગરિટ એની નામની નાઈજીરિયન મહિલાની ૧૪૯.૫૧૦ ગ્રામ ડ્રગ સાથે ધરપકડ કરી હતી. આ મહિલા પાસેથી ડ્રગ્સ સહિત કુલ ૧.૪૯ કરોડ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. મહિલાની ધરપકડ કર્યા બાદ તેના કોર્ટમાંથી સાત દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. રિમાન્ડની પૂછપરછ દરમિયાન મહિલાએ નાઈજીરિયન ખાતે રહેતા ઈલ્ડરના કહેવાથી મુંબઈ ખાતેથી ઈમાન્યુએલ નામના વ્યક્તિ પાસેથી ડ્રગ્સનો જથ્થો મેળવ્યો હતો.

ડ્રગ્સ કેસમાં મુંબઈનું કનેક્શન આવતાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ મહિલાને લઈને મુંબઈ તપાસ માટે ગઈ હતી. આ દરમિયાન મુંબઈ ખાતે મધુવન સેલિબ્રિટી હોટલ પાસેથી ડ્રગ્સનો જથ્થો આપનાર વોન્ટેડ આરોપી લુક પીટરની ધરપકડ કરવામાં આવી હતી. આ લુક પીટર પણ મૂળ નાઈજીરિયન નાગરિક છે. આરોપીએ અગાઉ પણ મહિલાને અથવા તો અન્ય લોકોને ડ્રગ્સ આપ્યું છે કે કેમ તથા ડ્રગ્સ ક્યાંથી લાવતો હતો તે મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 46 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 February 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચેમ્પિયન્સ ટ્રોફીઃ વિરાટ સામે વામણું પાકિસ્તાન

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
WE BUY OLD GOLD AT BEST RATE
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

**પાક સામે હાર્દિક, અક્ષર અને જાડેજા ઝળક્યા**

દુબઈઃ ભારતે અહીં રવિવારે કટ્ટર હરીફ પાકિસ્તાનને ચેમ્પિયન્સ ટ્રોફીમાં ગ્રૂપ 'એ'ના હાઈ-વૉલ્ટેજ મુકાબલામાં ૪૫ બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી હરાવીને સેમિ ફાઇનલ માટે સ્થાન લગભગ પાકું કરી લીધું હતું. ભારતે ૨૪૨ રનનો લક્ષ્યાંક ૪૨.૩ ઓવરમાં ૨૪૪/૪ના સ્કોર સાથે હાંસલ કરીને ૨૯ વર્ષે પહેલી વાર આઇસીસી ટૂર્નામેન્ટનું યજમાનપદ મેળવનાર પાકિસ્તાનને સ્પર્ધાની એક્ઝિટની લગોલગ મૂકી દીધું હતું. એ સાથે, ભારતે ૨૦૧૭ની ગઈ ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં જોવી પડેલી હારનો પાકિસ્તાન સામે બદલો લઈ લીધો હતો.

૫૧મી વન-ડે સેન્ચુરી ફટકારનાર વિરાટ કોહલી (૧૦૦ અણનમ, ૧૧૧ બૉલ, સાત ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. તેણે પાકિસ્તાનની ઇનિંગ્સમાં બે કૅચ પણ પકડ્યા હતા.

પાકિસ્તાનની ઇનિંગ્સમાં સ્પિનર કુલદીપ યાદવ તેમ જ ખાસ કરીને ભારતના ત્રણ ગુજરાતી ખેલાડીઓ (હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, રવીન્દ્ર જાડેજા)ની બોલબાલા હતી, જ્યારે ભારતના દાવમાં ટૉપ-ઑર્ડરના બૅટર્સની કમાલ જોવા મળી હતી. વિરાટ ઉપરાંત શ્રેયસ ઐયર (૫૬ રન, ૬૭ બૉલ, એક સિક્સર, પાંચ ફોર), શુભમન ગિલ (૪૬ રન, બાવન બૉલ, સાત ફોર)ની ઇનિંગ્સ મોહમ્મદ રિઝવાન ઍન્ડ કંપનીને ભારે પડી હતી.

વિરાટ તેના પૂરા ફૉર્મમાં અને અસલ મિજાજમાં હતો. શ્રેયસ સાથે તેણે ત્રીજી વિકેટ માટે ૧૧૪ રનની ભાગીદારી કરી હતી. પાકિસ્તાનીઓને સૌથી વધુ ડર વિરાટનો હતો અને એ જ તેમને ભારે પડ્યો. હાર્દિકે આઠ રન અને અક્ષરે અણનમ (જુઓ પાનું ૨) ▸▸




**વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બદલાશે હવામાન**

## ઉત્તર પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં વરસાદની આગાહી

નવી દિલ્હીઃ દેશભરમાં ઠંડીની વિદાય બાદ ફરી તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. ઘણાં રાજ્યોમાં ઉનાળાની શરૂઆત પછી તાપમાન એટલું વધી ગયું છે કે લોકો પરેશાન થઈ ગયા છે. દરમિયાન હવામાન વિભાગે ઉત્તર પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. ૨૫ ફેબ્રુઆરીએ એક નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરની શરૂઆત થશે જેના કારણે ઘણા રાજ્યોના હવામાનમાં ફેરફાર થશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જમ્મુ અને કાશ્મીરમાં ૨૫-૨૮ ફેબ્રુઆરી, હિમાચલ પ્રદેશમાં ૨૬-૨૮ ફેબ્રુઆરી, ઉત્તરાખંડમાં ૨૭ અને ૨૮ ફેબ્રુઆરીના રોજ વરસાદ વરસશે. જ્યારે ઉત્તર (જુઓ પાનું ૨) ▸▸

## આચાર્ય દેવવ્રતે સૌથી વધુ સમય સુધી ગુજરાતના રાજ્યપાલ તરીકે કાર્યરત રહેવાનો રેકોર્ડ બનાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાતમાં અનોખો ઈતિહાસ રચ્યો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજ્યમાં સૌથી વધુ સમય સુધી આ પદે રહેનાર વ્યક્તિ બન્યા છે. તેઓ ૨૨ જુલાઇ ૨૦૧૯ના રોજ ગુજરાતના રાજ્યપાલ બન્યા હતા. ૫ વર્ષ અને ૨૧૭ દિવસથી રાજ્યપાલ પદે છે. આ પહેલા ૧૯૭૩માં મૂળ કેરળના કે.કે. વિશ્વનાથન ૫ વર્ષ ૧૩૨ દિવસ સુધી રાજ્યપાલ રહ્યા હતા.

ગુજરાતમાં કાર્યકારી અને વધારો હવાલો સંભાળ્યો હોય તેવા કુલ ૨૪ રાજ્યપાલ બન્યા છે. જેમ કે, નવલકિશોર શર્મા ૫ વર્ષ, શારદા મુખર્જી ૪ વર્ષ (જુઓ પાનું ૨) ▸▸

## પેરુમાં મોલની છત ધરાશાયી થતાં છનાં મોત

લીમાઃ પેરુંમાં એક શોપિંગ મોલના ફૂડ કોર્ટની છત ધરાશાયી થતાં છ લોકોના મોત થયા હતા. જ્યારે ૭૮ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી દેશના સંરક્ષણ પ્રધાને આપી હતી.

ટ્રુજિલો શહેરમાં આવેલા 'રિયલ પ્લાઝા ટ્રુજિલો' શોપિંગ મોલમાં લોખંડથી બનેલી ભારેભરખમ છત ત્યાં હાજર લોકો પર પડતા આ દુર્ઘટના સર્જાઇ હતી. સંરક્ષણ પ્રધાન વોલ્ટર એસ્ટુડિલોએ પત્રકારોને જણાવ્યું કે સ્થાનિક અગ્નિશામકોએ આપેલી (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પે ફરી ભારત-ચીનને આપી ટૂંક સમયમાં ટેરિફ લાદવાની ધમકી


વોશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સત્તાનો દોર સંભાળતા જ સપાટાબંધ આત્યંતિક કહેવાય એવા પગલાં ભરવા લાગ્યા છે. ટેરિફના મુદ્દે વાત કરીએ તો કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકાનો આકરો ટેરિફ ઝીંક્યા બાદ એમણે એના અમલને હાલ પૂરતી બ્રેક મારી છે, પરંતુ ચીન પર લાદેલા ૧૦ ટકા ટેરિફને તેમણે જાળવી રાખ્યો છે. હવે તેમણે ફરી ભારતમાં અઘરો ટેરિફ લાદવાની અને ચીન પરનો ટેરિફ વધારવાની વાત દોહરાવી છે. ડોનલ્ડ (જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં વિપક્ષનાં નેતા તરીકે આતિશીની પસંદગી

નવી દિલ્હીઃ નવી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પૂરી થયા પછી સત્તામાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સત્તામાં આવ્યા પછી મુખ્ય પ્રધાન તરીકે રેખા ગુપ્તાની વરણી કરવામાં આવી છે, ત્યારે વિપક્ષનાં નેતા તરીકે આમ આદમી પાર્ટીએ આતિશી પણ કળશ ઢોળ્યો છે, તેથી વિધાનસભામાં સત્તાપક્ષની સામે વિપક્ષનાં પણ નેતા મહિલા રહેશે. વિધાનસભાનું સત્ર આવતીકાલથી શરુ થશે, ત્યારે આ વખતે સત્રમાં ભાજપ સત્તામાં છે, જ્યારે વિપક્ષમાં આદ આદમી પાર્ટી હશે, તેથી આ સત્ર તોફાની બની શકે છે.

દિલ્હી વિધાનસભાનું સત્ર શરૂ થયા પૂર્વે આમ આદમી પાર્ટી (આપ)ના વિધાનસભ્યોની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક પૂરી થયા પછી દિલ્હી આમ આદમી પાર્ટીના પ્રભારી અને બાબરપુર વિધાનસભાની બેઠકના વિધાનસભ્ય ગોપાલ રાયે કહ્યું હતું કે દિલ્હીનાં પૂર્વ મુખ્ય પ્રધાન અને કાલકાજી બેઠકનાં વિધાનસભ્ય આતિશી વિધાનસભામાં (જુઓ પાનું ૨) ▸▸




ROOPAM
Readymades | Wedding Attire | Toys | Newborn Items | Woollens | Art & Craft
Imitation Jewellery | Crockery | Perfumes | Ladies Handbags | Ladies & Kids Footwear
Near Crawford Market, Opp. Police Commissioner's Office, Mumbai.
Tel: 22061794 • Cell: 9819 911 333 • www.roopam.com • roopamroopmilan




Roop milan®
Experience our full range of Wedding Sarees, Bridal Ghagra Cholis,
Suit Pieces, Readymade Churidars, Imitation Jewelleries, Accessory & Purses
MARINE LINES: Tel: 022-22005951 / 8104035525
DADAR WEST: Tel: 022-24370078 / 9820033363
www.roopmilan.com • roopamroopmilan
OPEN ALL DAYS
MENS WEAR ONLY AT MARINE LINES
SCAN QR CODE FOR DADAR
SCAN QR CODE FOR MARINE LINES

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# થરૂરે મોદીને વખાણ્યા તેમાં કાંઈ ખોટું નથી

કૉંગ્રેસના સીનિયર નેતા અને કેરળના તિરુવનંતપુરમના સાંસદ શશિ થરૂરે કોંગ્રસમાં પોતાની ભૂમિકા અંગે સવાલ કરતાં કૉંગ્રેસમાં પાછું ડખાપંચક શરૂ થયું છે. શશિ થરૂર ૧૮ ફેબ્રુઆરીએ દિલ્હીમાં રાહુલ ગાંધીને મળ્યા ત્યારે કૉંગ્રેસમાં તેમને હાંસિયામાં ધકેલી દેવાયા હોવાનો બળાપો કાઢીને ભારે નારાજગી વ્યક્ત કરી. થરૂરે રાહુલને કહ્યું છે કે તેમને સંસદમાં મહત્ત્વપૂર્ણ ચર્ચાઓમાં બોલવાની તક મળી રહી નથી અને પાર્ટીમાં તેમની અવગણના કરવામાં આવી રહી છે. આ કારણે કૉંગ્રેસમાં પોતાની ભૂમિકા અંગે મૂંઝવણમાં છે અને ઇચ્છે છે કે રાહુલ ગાંધી તેમને તેમની ભૂમિકા વિશે સ્પષ્ટપણે જણાવે.

રાહુલ ગાંધી મહેતા મારેય નહીં ને ભણાવેય નહીં એ ટાઈપના નેતા છે તેથી રાહુલ ગાંધીએ થરૂરની ફરિયાદનું નિરાકરણ કર્યું નથી. મીડિયા રિપોર્ટ્સ કહે છે કે, રાહુલ ગાંધીએ થરૂરની ફરિયાદોનો કોઈ ચોક્કસ જવાબ આપ્યો નથી કે કોઈ વચન આપવા તૈયાર નથી. તેના કારણે થરૂર અકળાયેલા છે અને કૉંગ્રેસને રામ રામ કરી દેવાના મૂડમાં છે એવું પણ મીડિયા રિપોર્ટ્સ કહે છે.

થરૂર કૉંગ્રેસ છોડશે એ વાતમાં કેટલો દમ છે એ રામ જાણે પણ કૉંગ્રેસ હાઈકમાન્ડ અને થરૂર વચ્ચે લાંબા સમયથી કોલ્ડ વોર ચાલે જ છે. થરૂર સાથે કૉંગ્રેસની નેતાગીરીને કોઈને કોઈ વાતે વાંધો પડ્યા જ કરે છે. આ વખતે વાંધો પડવાનું કારણ થરૂરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કરેલી પ્રશંસા છે. ૧૫ ફેબ્રુઆરીના રોજ શશિ થરૂરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાતની પ્રશંસા કરી હતી ને તેના કારણે કૉંગ્રેસના કેટલાક નેતાઓની બળી ગઈ હતી.

થરૂરે કહ્યું હતું કે, વડા પ્રધાન મોદીની અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાતના કેટલાક પરિણામો દેશના લોકો માટે સારા છે. મને લાગે છે કે ભારતને થોડીક હકારાત્મક સિદ્ધિ મળી છે અને એક ભારતીય તરીકે હું તેની પ્રશંસા કરું છું. થરૂરે સ્પષ્ટતા કરી હતી કે, હું અત્યારે પક્ષ વતી બોલતો નથી પણ ફક્ત રાષ્ટ્રીય હિતમાં વાત કરી રહ્યો છું.

થરૂરની વાતથી કૉંગ્રેસીઓને મરચાં લાગી ગયાં ને કેરળમાં કૉંગ્રેસના મુખપત્રે તો શશિ થરૂરને ચૂપ રહેવા સલાહ પણ આપી દીધી. થરૂરે પહેલાં કેરળની પિનારાયી વિજયનની ડાબેરી સરકારની ઉદ્યોગ નીતિની પણ પ્રશંસા કરી હતી. સીપીએમ સરકારની ઔદ્યોગિક નીતિની પ્રશંસા કરતા થરૂરના લેખે કેરળ કૉંગ્રેસમાં કકળાટ કરી નાંખ્યો હતો.

આ કકળાટ ઠરે એ પહેલાં થરૂરે મોદીનાં વખાણ કરી નાખ્યાં તેથી કેરળ કૉંગ્રેસના મુખપત્ર વીક્ષણમ ડેઇલીના તંત્રીલેખમાં બંને મુદ્દા ભેગા કરીને થરૂરનું સીધું નામ લીધા વિના સલાહ અપાયેલી કે કેરળમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માથે છે ત્યારે નેતાઓએ બોલવામાં ધ્યાન રાખવું અને વિધાનસભાની આગામી ચૂંટણી પહેલા પાર્ટીના લાખો કાર્યકરો સાથે દગો ન કરવો જોઈએ.

થરૂરકાંડ એ વાતનો પુરાવો છે કે, કૉંગ્રેસની નેતાગીરીમાં ખેલદિલી નથી. મોદી આ દેશના વડા પ્રધાન છે ને રાજકીય વિચારધારા ગમે તે હોય પણ વિપક્ષના નેતાને પણ તેમની કામગીરી સારી લાગે તો તેમની પ્રશંસા કરવામાં કશું ખોટું નથી. મોદીની અમેરિકા યાત્રા દેશ માટે સારી નિવડી કે ખરાબ નિવડી એ અંગે દેશના દરેક નાગરિકના પોતપોતાના અભિપ્રાય હશે. એ રીતે થરૂરનો પણ પોતાનો અભિપ્રાય છે ને એ તેમણે વ્યક્ત કર્યો તેમાં આભ તૂટી પડ્યું નથી પણ કૉંગ્રેસ એ રીતે વર્તી રહી છે કે જાણે આભ તૂટી પડ્યું હોય. થરૂર પાછા મોદી પર એવા પણ વરસી નથી પડ્યા કે જેના કારણે કૉંગ્રેસને મોટું રાજકીય નુકસાન થઈ જાય કે ભાજપને બહુ મોટો ફાયદો થઈ જાય છતાં કૉંગ્રેસીઓને મરચાં લાગી ગયાં છે.

કૉંગ્રેસની નેતાગીરી સંકુચિત માનસિકતાથી પિડાય છે. મોદીની ને ભાજપની જરા સરખી પણ પ્રશંસા એ લોકો સહન જ કરી શકતા નથી એ જોયા પછી ખરેખર તો કોંગ્રેસની નેતાગીરીની દયા આવે છે. એ લોકો એવું જ માને છે કે, વિપક્ષ તરીકે તેમની ભૂમિકા મોદી અને ભાજપની ટીકા જ કરવાની છે. વખાણનો તો એક શબ્દ પણ ના નીકળવો જોઈએ. આ કારણે પાણીમાંથી પોરા કાઢી કાઢીને મોદીની ને ભાજપની ટીકા કર્યા કરે છે. જે મુદ્દે ટીકા થતી હોય એ મુદ્દે કરવી જોઈએ પણ સામે સારું કામ કરાય તો તેને વખાણવું પણ જોઈએ. કૉંગ્રેસની આ માનસિકતાનું તાજું ઉદાહરણ બજેટમાં આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને ૧૨ લાખ રૂપિયા કરાઈ એ અંગે કૉંગ્રેસનું વલણ છે. મોદી સરકારે મધ્યમ વર્ગને બહુ મોટી રાહત આપી છે તેની પ્રશંસા કરવાના બદલે કૉંગ્રેસે તેની પણ ટીકા કરેલી. થરૂરના મામલે પણ કૉંગ્રેસે એ જ વલણ અપનાવ્યું છે. થરૂર સામે કૉંગ્રેસની નેતાગીરીને વાંધો છે તેનાં ઘણા કારણો છે. સૌથી મોટું કારણ એ છે કે, થરૂર કૉંગ્રેસની નેતાગીરીના ખૂંટે બંધાયેલું ઢોર બનવા તૈયાર નથી. શશિ થરૂર વારંવાર એવાં નિવેદનો આપ્યા કરે છે કે જે પાર્ટીના સત્તાવાર વલણની વિરુદ્ધ હોય. સાથે સાથે થરૂર કૉંગ્રેસની નેતાગીરીની નબળાઈને પણ વારંવાર લોકો સામે છતી કર્યા કરે છે તેથી થરૂર અળખામણા બની ગયા છે.

થરૂરના બગાવતી તેવરની શરૂઆત સોનિયા ગાંધીને પત્ર લખવાથી થઈ હતી. ગુલામ નબી આઝાદ, આનંદ શર્મા, શશિ થરૂર, મુકુલ વાસનિક, પૃથ્વીરાજ ચવાણ વગેરે કૉંગ્રેસના ટોચના કહેવાતા ૨૩ નેતાઓએ હિંમત કરીને સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો. તેમાં તેમણે સોનિયા ગાંધી કૉંગ્રેસનો કારભાર બાપીકી પેઢીની જેમ ચલાવે છે તેની સામે બળાપો કાઢેલો. સોનિયા પોતાના મળતિયાઓને ને આ મળતિયાઓ પોતાના મળતિયાઓને જુદા જુદા હોદ્દા પર ગોઠવી દે છે. કૉંગ્રેસમાં તાકતવર લોકોને તક જ મળતી નથી ને કૉંગ્રેસનું નામું નંખાઈ ગયું છે તેથી કૉંગ્રેસમાં ઉપરથી નીચે સુધી ફેરફારો કરવાની જરૂર છે એ મુદ્દો પણ ઉઠાવેલો.

થરૂર મલ્લિકાર્જુન ખડગે સામે કૉંગ્રેસ પ્રમુખપદની ચૂંટણી લડેલા. કૉંગ્રેસની નેતાગીરી ઈચ્છતી હતી કે, કૉંગ્રેસ પ્રમુખની ચૂંટણી સર્વસંમતિથી ને ચૂંટણી વિના થાય પણ થરૂર ધરાર ચૂંટણી લડ્યા તેમાં કૉંગ્રેસની નેતાગીરી ખફા થઈ ગયેલી. એ પહેલાં ઉત્તર પ્રદેશ સહિતનાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીના પરિણામો પછી પણ થરૂરે પક્ષને મળી રહેલી સતત હાર બાદ કૉંગ્રેસના નેતૃત્વ સામે વિરોધના સૂર ઉઠાવેલા. કારમી હાર બાદ શશિ થરૂરે કૉંગ્રેસમાં સંગઠનાત્મક નેતૃત્વમાં ફેરફાર કરવાની માંગ કરી હતી.

થરૂરે લોકસભાની ૨૦૨૪ની ચૂંટણી પહેલાં પણ કહેલું કે, કૉંગ્રેસનું નેતૃત્વ મારી પાસે હોત તો મેં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે નાના નાના પક્ષો અને પ્રાદેશિક પક્ષોને વિપક્ષના જોડાણમાં આવવા માટે પ્રોત્સાહિત કર્યા હોત. થરૂરે કહ્યું કે, વિપક્ષો એકબીજાના મતોનું વિભાજન થતા અટકાવવાનું નહીં વિચારે તો ભાજપને નહીં રોકી શકે. વિપક્ષો એક થઈ જાય તો ભાજપ માટે પણ ૨૦૨૪ની ચૂંટણીમાં બહુમતી મેળવવી પણ અઘરી થઈ જાય. થરૂરની આ વાત સાચી પડેલી પણ કોંગ્રેસમાં સાચી વાત સ્વીકારવાની તૈયારી જ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, સોમવાર, તા. ૨૪–૨–૨૦૨૫, વિજયા એકાદશી (પેંડા)

- ભારતીય દિનાંક ૫, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ–૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૬મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૮–૫૮ સુધી પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં મધ્યરાત્રે ક. ૨૪–૫૫ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૯ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૮–૩૨, રાત્રે ક. ૨૨–૨૨
- ઓટઃ બપોરે ક. ૧૫–૦૮, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૩૧ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માઘ કૃષ્ણ – એકાદશી. વિજયા એકાદશી (પેંડા), મંગળ માર્ગી સવારે ક. ૦૭–૩૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ એકાદશી વ્રત ઉપવાસ,શ્રી વિષ્ણુલક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્, શ્રીસુક્ત, પુરુસુક્ત અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, તુલસીપૂજા, શાંતિ પૌષ્ટિક પૂજા,ઔષધ ઉપચાર,વિદ્યારંભ,બી વાવવું,નિત્ય થતાં મિલકત લેવડ–દેવડ,નાં કામકાજ,ધન્ય ભરવું.પ્રાણી પાળવાં.
- આચમનઃ ચંદ્ર–મંગળ પ્રતિયુતિ ધનસંપત્તિ વિશે સાવધાની દાખવવી, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ પ્રતિયુતિ, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ, મંગળ સ્તંભી થઈ માર્ગી થાય છે.

ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, માર્ગી મંગળ–મિથુન, બુધ–કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# ‘મન કી બાત’: વડા પ્રધાન મોદી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર મહિલાઓને સોંપશે પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે (૨૩ ફેબ્રુઆરી) તેમના રેડિયો કાર્યક્રમ ‘મન કી બાત’માં મહિલા સશક્તિકરણ પર ભાર મૂકતા એક મોટો નિર્ણય લીધો હતો. તેમણે જાહેરાત કરી હતી કે આ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (૮ માર્ચ)ના રોજ એક દિવસ માટે તેઓ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ મહિલાઓને સોંપશે. આ હેઠળ મહિલાઓ તેમના જીવન સાથે સંબંધિત પ્રેરણાદાયી વાર્તાઓ શેર કરી શકશે.

‘મન કી બાત’ કાર્યક્રમમાં તેમણે ઇસરો અને સ્પેસ સેક્ટરને લઇને કહ્યું કે ઇસરોની સફળતાઓનો વિસ્તાર ખૂબ વધી રહ્યો છે. અન્ય દેશોના અનેક દેશોના સેટેલાઇટ્સ ઇસરો મોકલી ચૂક્યું છે. તેમણે કહ્યું કે સ્પેસ વૈજ્ઞાનિકોની ટીમમાં નારીશક્તિની ભાગીદારી સતત વધી રહી છે. મને એ જોઇને ખુશી થાય છે કે આજે સ્પેસ સેક્ટર યુવાઓની પસંદગીનું ક્ષેત્ર છે. કેટલાક સમય અગાઉ કોઇ પણ આ સેક્ટરમાં પ્રાઇવેટ સેક્ટર અને સ્ટાર્ટઅપ અંગે વિચારી રહ્યું નહોતું. યુવાઓ માટે સ્પેસ સેક્ટર શાનદાર ઓપ્શન રહ્યું છે. આવનારા કેટલાક દિવસોમાં નેશનલ સાયન્સ ડે ઉજવવામાં આવી રહ્યો છે. આપણા બાળકો અને યુવાઓનું સાયન્સમાં રસ અને પેશન ખૂબ મહત્ત્વનું છે. તેને લઇને મારી પાસે એક વિચાર છે જેને તમે વન–ડે એજ એ સાયન્ટિસ્ટ કહી શકો છો. તમે એક દિવસ એક વૈજ્ઞાનિકના રૂપમાં વિતાવીને જુઓ. તમે તમારી સુવિધા અનુસાર, મરજી પ્રમાણે કોઇ પણ દિવસ પસંદ કરી શકો છો. તે દિવસે તમે કોઇ રિસર્ચ લેબમાં અથવા સ્પેસ સેન્ટર જેવી જગ્યાઓએ જરૂર જાવ.

તેમણે કહ્યું હતું કે સ્પેસ અને સાયન્સની જેમ વધુ એક ક્ષેત્ર છે જે ઝડપથી પોતાની ઓળખ બનાવી રહ્યું છે તે છે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ. એક સંમેલનમાં હું ગયો હતો જ્યાં ભારતની આ ક્ષેત્રમાં પ્રગતિની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. આપણા દેશમાં લોકો એઆઇનો ઉપયોગ કઇ રીતે કરી રહ્યા છે તેની અનેક ઘટનાઓ જોવા મળે છે. તેલંગણાની એક સ્કૂલમાં એક શિક્ષકે એઆઇ ટૂલની મદદથી કોલામી ભાષામાં ગીત કંમ્પોઝ કર્યું હતું. તેઓ એઆઇનો ઉપયોગ કરીને અન્ય ભાષામાં ગીતો તૈયાર કરી રહ્યા છે.વડાપ્રધાને નારીશક્તિને લઇને કહ્યું હતું કે આગામી આઠ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે. આ દિવસે નારીશક્તિને વંદન કરવાનો અવસર છે. તમામ વિદ્યાઓ દેવીના જ વિવિધ સ્વરૂપોની અભિવ્યક્તિ છે. તમામ નારીશક્તિમાં તેમનું જ સ્વરૂપ છે. દેશની માતૃશક્તિએ સ્વતંત્રતા સંગ્રામ અને બંધારણના નિર્માણમાં મોટી ભૂમિકા નિભાવી હતી. હંસા મહેતાનું માનવું હતું કે આપણા ધ્વજમાં કેસરિયા રંગથી નારી શક્તિની ભાવનાઓ વ્યક્ત થાય છે. આજે તેમની વાતો સત્ય સાબિત થઇ રહી છે. આ વખતે મહિલા દિવસ પર હું મારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ જેમ કે એક્સ અને ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ દેશની કેટલીક પ્રેરણાસ્રોત મહિલાઓ માટે એક દિવસ માટે સોંપવા જઇ રહ્યો છું. જે મહિલાઓને અલગ અલગ ક્ષેત્રોમાં અલગ ઓળખ બનાવી છે. ■

# ‘આપ’ સરકારે તિજોરી ખાલી કરી નાંખી, પણ મહિલાઓને નાણા આપવામાં આવશેઃ રેખા ગુપ્તા

નવી દિલ: દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ રવિવારે આક્ષેપ કર્યો હતો કે અગાઉની આપ સરકારે ભાજપ સત્તા સંભાળે એ પહેલાં તીજોરી ખાલી કરી નાખી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિગતવાર આયોજન કરીને મહિલાઓને માસિક નાણાં આપવાની યોજના અમલમાં મુકાશે. સોમવારથી શરૂ થનારા આઠમી દિલ્હી વિધાનસભાના પ્રથમ સત્ર પહેલાં પક્ષની રાજ્યની ઑફિસમાં ભાજપના બીજા વિધાનસભ્યો સાથે રેખા ગુપ્તાએ હાજરી આપી હતી.

બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતાં નવા નિમાયેલા મુખ્ય પ્રધાન રેખાએ કહ્યું હતું કે મહિલા સમૃદ્ધિ યોજના જેના હેઠળ દિલ્હીની પાત્રતા ધરાવતી મહિલાઓને દર મહિને ૨,૫૦૦ રૂપિયા આપવાના છે તેના અમલ પહેલાં અનેક બેઠકો યોજાશે.

તેમણે કહ્યું હતું કે અગાઉની સરકારે અમને આ સ્થિતિમાં મૂકી છે ... હાલની સરકારની નાણાકીય સ્થિતિ તપાસવા અમે અધિકારીઓ સાથે બેઠક કરી ત્યારે અમને જાણ થઈ કે સરકારની તીજોરી ખાલી છે. (એજન્સી) ■

# પૂર્વ નેપાળમાં કેબલ કાર યોજનાનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ, ૨૪ ઘાયલ

કાઠમંડુ : નેપાળના તાપલેજંગ જિલ્લામાં કેબલ કાર પ્રોજેક્ટનો વિરોધ થઈ રહ્યો છે. પાથીભરા વિસ્તારમાં કેબલ કાર પ્રોજેક્ટનો વિરોધ કરી રહેલા સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસક અથડામણમાં ૧૨ સુરક્ષા કર્મચારીઓ સહિત ઓછામાં ઓછા ૨૪ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ‘નો કેબલ કાર’ નામનું એક જૂથ કેબલ કારના નિર્માણનો વિરોધ કરી રહ્યું છે. વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓની દલીલ છે કે આ પ્રોજેક્ટને કારણે વિસ્તારની ઐતિહાસિક ઓળખ ભૂંસાઈ જશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસે હિંસામાં સામેલ ૧૫ આરોપીઓની ધરપકડ કરી છે. તેમણે કહ્યું કે તણાવને કારણે તાપલેજંગ જિલ્લા વહીવટીતંત્રે રવિવાર સવારથી ફૂંગલિંગ બજાર અને પાથીભરા વિસ્તાર સહિત જિલ્લાના ઘણા ભાગોમાં પ્રતિબંધિત આદેશો લાગુ કર્યા છે. પ્રતિબંધિત વિસ્તારોમાં પાંચથી વધુ લોકોને એકસાથે ભેગા થવાની, સભા, સરઘસ, પ્રદર્શન વગેરે જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

તાપલેજંગના મુખ્ય જિલ્લા અધિકારી નેત્ર પ્રસાદ શર્માએ જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા છે. જ્યારે પરિસ્થિતિ સુધરશે ત્યારે પ્રતિબંધો હટાવવામાં આવશે. નેપાળના સાંસદો પણ આ મુદ્દે અવાજ ઉઠાવી રહ્યા છે. નીચલા ગૃહમાં રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટીના રાજેન્દ્ર અને રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના તોશિમા કાર્કી સહિત ઘણા વિપક્ષી સાંસદોએ સરકારને આ પ્રોજેક્ટ પર રોક લગાવવાની અપીલ કરી છે. સાંસદોનું કહેવું છે કે સ્થાનિક લોકો કેબલ કાર નિર્માણ પ્રોજેક્ટનો વિરોધ કરી રહ્યા છે, તેથી સરકારે આ પ્રોજેક્ટ તાત્કાલિક બંધ કરવો જોઈએ. ■

# અમેરિકામાં ગોળીબારમાં બંદૂકધારી અને અધિકારીનું મોત

યોર્કઃ અમેરિકામાં ગોળીબારના બનાવો છાશવારે બનતા રહે છે. એવા જ એક બનાવમાં પેન્સિલવેનિયામાં એક હોસ્પિટલમાં ગોળીબાર બાદ એક બંદૂકધારીનું મોત થયું હતું. બંદૂકધારીએ આઇસીયુમાં ઘૂસીને સ્ટાફના સભ્યોને બંધક બનાવ્યા હતા. ત્યારબાદ પોલીસે ગોળીબારમાં તેનું ઢીમ ઢાળી દીધું હતું. આ ગોળીબારમાં એક અધિકારીનું પણ મોત નીપજ્યું હતું. આ માહિતી અધિકારીઓએ આપી હતી. યોર્ક કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ એટર્ની ટિમ બાર્કરના જણાવ્યા અનુસાર આ હુમલામાં યુપીએમસી મેમોરિયલ હોસ્પિટલના ચાર કર્મચારીઓ અને બે અન્ય અધિકારીઓ ઘાયલ થયા હતા. જ્યારે વિવિધ એજન્સીઓના અધિકારીઓ શૂટરનો સામનો કરવા ગયા ત્યારે ગોળીબાર શરૂ થયો હતો. બંદૂકધારીની ઓળખ ૪૯ વર્ષીય ડાયોજીન્સ આર્કેન્જેલ-ઓર્ટીઝ તરીકે કરવામાં આવી હતી. ■

# કાશ પટેલ એટીએફના કાર્યકારી વડા બનવાની શક્યતા

વોશિંગ્ટનઃ અમેરિકાની તપાસ એજન્સી એફબીઆઇના નવા ડિરેક્ટર કાશ પટેલને બીજી મોટી જવાબદારી મળી શકે છે. હાલમાં જ તેમણે શનિવાર(૨૨ ફેબ્રુઆરી)ના રોજ ભગવદ ગીતા હાથમાં લઇને ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન(એફબીઆઇ)ના નવમા ડિરેક્ટર તરીકે શપથ ગ્રહણ કર્યા હતા.

આ અંગે પ્રાપ્ત અહેવાલ અનુસાર નવા એફબીઆઇ ડિરેક્ટર કાશ પટેલ દારૂ, તમાકુ, ફાયરઆર્મ્સ અને એક્સપ્લોઝિવ્સ(એટીએફ)નું નેતૃત્વ કરી શકે છે. ન્યાય વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે કાશ પટેલને દારૂ, તમાકુ, ફાયરઆર્મ્સ અને એક્સપ્લોઝિવ્સ બ્યુરોના કાર્યકારી વડા તરીકે નિયુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે. પટેલ આવતા અઠવાડિયે શપથ ગ્રહણ કરે તેવી શક્યતા છે. આ સાથે પટેલને ન્યાય વિભાગની બે સૌથી મોટી એજન્સીઓનો હવાલો સોંપવામાં આવશે.

આ સમાચાર એટર્ની જનરલ પામ બોન્ડી દ્વારા એટીએફના ટોચના વકીલને બરતરફ કર્યાના થોડા દિવસો બાદ આવ્યા છે. બોન્ડીએ ફોક્સ ન્યૂઝને આપેલા ઇન્ટરવ્યુમાં જણાવ્યું કે તેમણે મુખ્ય વકીલ પામેલા હિક્સને બરતરફ કર્યા છે કારણ કે એજન્સી બંદૂક માલિકોને નિશાન બનાવી રહી હતી. જ્યારે પામેલા હિક્સે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે એટીએફના મુખ્ય વકીલ બનવું તેમની કારકિર્દીનું સૌથી મોટું સન્માન હતું. એટીએફના છેલ્લા ડિરેક્ટર સ્ટીવ ડેટેલબેક હતા, જેઓ ભૂતપૂર્વ ફેડરલ પ્રોસિક્યુટર હતા. જેમણે જુલાઇ ૨૦૨૨થી ગયા મહિના સુધી એજન્સીનું નેતૃત્વ કર્યું હતું.

પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પે ફરી

ટ્રમ્પે કહ્યું હતું કે, અમારું વહીવટી તંત્ર ‘ટૂંક સમયમાં’ ભારત અને ચીન જેવા દેશો પર પારસ્પરિક ટેરિફ લાદશે.’ આ વાત તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની તાજેતરની મુલાકાત દરમિયાન પણ કરી હતી.

અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકના શપથ ગ્રહણ સમારોહમાં બોલતા ટ્રમ્પે કહ્યું હતું કે, ‘અમે ટૂંક સમયમાં પારસ્પરિક ટેરિફ લાદીશું. તેઓ અમારી પાસેથી ચાર્જ લે છે, તો અમે પણ સામે તેમના પર ચાર્જ નાખીશું. સાવ સાદી વાત છે. ભારત કે ચીન જેવો કોઈ દેશ કે પછી કોઈ કંપની અમારી પાસેથી ચાર્જ લે છે, તો અમે પણ ન્યાયી બનીને સામો ચાર્જ વસૂલીશું. અમે અગાઉ ક્યારેય આવું કર્યું નથી, પણ હવે અમે એવું કરવા તૈયાર છીએ.’

ગયા વર્ષની અમેરિકન પ્રમુખપદની ચૂંટણીના અભિયાન દરમિયાન ટ્રમ્પે ભારત દ્વારા વસૂલાતા ઊંચા ટેરિફની ટીકા કરી હતી અને ભારતનો ઉલ્લેખ વેપારના સંદર્ભમાં ‘મોટા દુરુપયોગ કરનારા દેશ’ તરીકે કર્યો હતો. ટ્રમ્પ અગાઉ એવી ગર્જના પણ કરી ચૂક્યા છે કે, ટેરિફ મુદ્દે મારા નિર્ણયોને દુનિયામાં કોઈ પડકારી શકશે નહીં. ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન મોદી સાથેની મુલાકાત અગાઉ જ ટ્રમ્પે અમેરિકા પાસેથી ભારે ટેરિફ વસૂલતા દેશોમાંથી થતી તમામ આયાત પર પારસ્પરિક ટેરિફ લાદતા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરી દીધા હતા. ■

### દિલ્હીમાં વિપક્ષના

વિપક્ષનાં નેતા હશે. અહીંની બેઠકમાં વિધાનસભા સત્રના એજન્ડા અંગે પણ ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી.આમ આદમી પાર્ટીના મુખ્યાલયમાં આયોજિત બેઠકમાં ‘આપ’ના સ્થાપક અરવિંદ કેજરીવાલ સહિત અન્ય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં આતિશી, જરનૈલ સિંહ, સંજીવ ઝા, વીર સિંહ ધિગાન અને પ્રવેશ રતન સહિત અન્ય વિધાનસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. દિલ્હીમાં આયોજિત વિધાનસભ્યની બેઠકમાં સર્વસંમતિથી આતિશીને વિધાનસભામાં વિપક્ષનાં નેતા પસંદ કરવામાં આવ્યાં હતાં, જ્યારે સંદીપ પાઠકને ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સત્તામાંથી બાકાત થયા પછી હવે વિપક્ષના નેતા તરીકે ભૂમિકા કેવી ભજવે છે એ જોવાનું રહ્યું છે. વિપક્ષના નેતા તરીકે સંજીવ ઝાએ નામ મૂક્યું હતું, જ્યારે તમામ વિધાનસભ્યોએ તેના પર મંજૂરીની મહોર મારી હતી.

દિલ્હીનાં પૂર્વ વિધાનસભ્ય આતિશી કાલકાજી વિધાનસભાના મતવિસ્તારમાંથી બીજી વખત ચૂંટાયાં છે. ૨૦૨૫ની ચૂંટણીમાં આતિશીએ ભાજપના કદાવાર નેતા રમેશ બિધુડીને હરાવવામાં સફળ રહ્યાં હતાં, જ્યારે પાર્ટીનું નાક પણ બચાવી લીધું હતું. આમ આદમી પાર્ટીના સ્થાપક અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને સૌરભ ભારદ્વાજ, સત્યેન્દ્ર જૈન જેવા દિગ્ગજ નેતાઓ હાર્યા હતા. જોકે, આવતીકાલથી શરું થનારું ત્રણ દિવસનું સત્ર તોફાની બની શકે છે. વિપક્ષનાં નેતા તરીકે પસંદગી કરવામાં આવ્યા પછી આતિશીએ કહ્યું હતું કે એક મજબૂત વિપક્ષ કઈ રીતે કામ કરે એ અમે બતાવીશું. કેગના રિપોર્ટ મુદ્દે ભ્રમ ફેલાવવામાં આવે છે, જ્યારે મહિલાઓના એકાઉન્ટમાં ૨,૫૦૦ રૂપિયા કઈ રીતે આવશે એ અમારો એજન્ડા રહેશે. ■

### ઉત્તર પ્રદેશ સહિત

પ્રદેશમાં વરસાદની ચેતવણી આપવામાં આવી છે. તે સિવાય પૂર્વોત્તર ભારતમાં ૨૩ ફેબ્રુઆરીના રોજ વીજળી પડવાની, ભારે વરસાદ અને કરા પડવાની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં હવામાનની વાત કરીએ તો અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વ મધ્ય પ્રદેશમાં ૧–૪ ડિગ્રી તાપમાનમાં ઘટાડો થયો હતો. ગુજરાત, જમ્મુ કાશ્મીરમાં તાપમાનમાં એકથી ચાર ડિગ્રીનો વધારો થયો હતો. આગામી ચાર દિવસો દરમિયાન ઉત્તર અને પશ્ચિમ ભારતમાં લઘુતમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. તે સિવાય આગામી ત્રણ દિવસો દરમિયાન મધ્ય ભારતમાં લઘુતમ તાપમાનમાં કોઇ પરિવર્તન થવાની સંભાવના નથી. ત્યારબાદ બેથી ચાર ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની શક્યતા છે.

હવામાન વિભાગના મતે જમ્મુ કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં ૨૫–૨૮ ફેબ્રુઆરી વચ્ચે વરસાદ થશે. જ્યારે જમ્મુ કાશ્મીર, લદ્દાખમાં ૨૫–૨૮ ફેબ્રુઆરીએ વરસાદ વરસશે. તે સિવાય પંજાબ, હરિયાણા,ચંડીગઢમાં ૨૬ ફેબ્રુઆરીથી એક માર્ચ સુધી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ૨૭ ફેબ્રુઆરીથી એક માર્ચ સુધી, પશ્ચિમ રાજસ્થાનમાં ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી, પૂર્વ ઉત્તર પ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં ૨૮ ફેબ્રુઆરી અને એક માર્ચના રોજ વરસાદ વરસશે. ■

### આચાર્ય દેવવ્રતે

૩૫૭ દિવસ, કમલા બેનીવાલ ૪ વર્ષ ૨૨૨ દિવસ, ડો.સ્વરૂપ સિંહ ૪ વર્ષ ૧૯૨ દિવસ, આર.કે. ત્રિવેદી ૪ વર્ષ ૬૬ દિવસ, સુંદરસિંહ ભંડારી ૪ વર્ષ, નિત્યાનંદ કાનુનગો, કૃષ્ણપાલસિંહ, બીકે નેહરુ, કૈલાશપતિ મિશ્રા ૧–૨ વર્ષ રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં મૂળ ઉત્તર પ્રદેશના હોય તેવા ૪ રાજ્યપાલ બન્યા છે. રાજસ્થાન અને કેરળના મૂળ હોય તેવા ૩ લોકો ગુજરાતના રાજ્યપાલ બન્યા છે. પી.એન.ભગવતી એકમાત્ર ગુજરાતી મૂળના ગુજરાતના કાર્યકારી રાજ્યપાલ બન્યા હતા. ■

### પેરુમાં મોલની

માહિતી અનુસાર ઇમારત ધરાશાયી થયા બાદ પાંચ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિનું હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું. એસ્ટુડિલોએ જણાવ્યું કે ૩૦ ઘાયલોને હૉસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. જ્યારે હજુ પણ ૪૮ લોકો હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેમાંથી ત્રણની હાલત ગંભીર છે. પ્રધાને પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

સ્થાનિક ફાયર વિભાગના વડા લુઇસ રોન્કલના જણાવ્યા અનુસાર બચાવ અને રાહત કામગીરી ચાલુ છે. દરમિયાન ટ્રુજિલોના મેયર મારિયો રેયનાએ જોખમને ધ્યાને લઇને મોલને બંધ કરવાની જાહેરાત કરી છે. આ દુર્ઘટના બાદ સમગ્ર દેશમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ■

### વિરાટ સામે

ત્રણ રનનું યોગદાન આપ્યું હતું.

એ અગાઉ રોહિત શર્મા (૨૦ રન, ૧૫ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર)એ ટૂંકી ઇનિંગ્સમાં ભારતને સાધારણ શરૂઆત અપાવી હતી.

પાકિસ્તાનના છ બોલર પણ ભારતની બૅટિંગ લાઇન–અપને તોડી નહોતા શક્યા. શાહીન આફ્રિદીએ સૌથી વધુ બે વિકેટ તેમ જ અબ્રાર તથા ખુશદિલે એક–એક વિકેટ લીધી હતી.

એ પહેલાં ટૉસ જીત્યા બાદ પાકિસ્તાને બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ ભારતે એને ૨૪૧ રન સુધી સીમિત રાખ્યું હતું. મોહમ્મદ રિઝવાનની ટીમે આ ૨૪૧ રન ૪૯.૪ ઓવરમાં બનાવ્યા હતા. ભારતની મજબૂત બૅટિંગ લાઇન–અપ જોતાં ૨૪૨ રનનો ટાર્ગેટ બહુ મોટો નહોતો.

ચાઇનામૅન તરીકે ઓળખાતો રિસ્ટ–સ્પિનર કુલદીપ યાદવ ભારતીય બોલર્સમાં સૌથી સફળ હતો. શરૂઆતમાં તે ખાસ કંઈ નહોતો ફાવ્યો અને ૪૨મી ઓવર સુધીમાં તેના નામે એકેય વિકેટ નહોતી, પણ ત્યાર બાદ તે ત્રાટક્યો હતો અને ઉપરાઉપરી ત્રણ વિકેટ લીધી હતી. આ ત્રણ વિકેટ તેણે ૪૦ રનમાં લીધી હતી.અ

એમાંથી પહેલી બે વિકેટ તેણે બે બૉલમાં મેળવી હતી. સલમાન આગા (૧૯), શાહીન શાહ આફ્રિદી (૦) અને નસીમ શાહ (૧૪) તેના શિકાર થયા હતા.સાઉદ શકીલના ૬૨ રન પાકિસ્તાનની ટીમમાં હાઈએસ્ટ હતા. તેને હાર્દિક પંડ્યાએ અક્ષર પટેલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.ભારત વતી કુલ છ બોલરે બોલિંગ કરી હતી જેમાં કુલદીપ બાદ હાર્દિક બીજા નંબરનો સૌથી સફળ બોલર હતો. તેણે ૩૧ રનમાં બે વિકેટ લીધી હતી, જ્યારે હર્ષિત રાણાને ૩૦ રનમાં એક, અક્ષરને ૪૯ રનમાં એક અને રવીન્દ્ર જાડેજાને ૪૦ રનમાં એક વિકેટ મળી હતી.

નૃસિંહપુરા દિગંબર જૈન



નમન દિવ્ય આત્માને

**ગં. સ્વ. પન્નાબેન અરવિંદભાઈ શાહ**

(ઉં. વર્ષ ૭૭), કલોલ નિવાસી હાલ મુંબઈ
સાકરલાલ બુલાખીદાસ શાહ પરિવાર ના કુળવધૂ.
પારુલ ભાવેશકુમાર, અલ્પા દર્શનકુમાર,
પિંકી અમિતકુમાર, શ્રદ્ધા દેવાંગકુમાર ના માતા.
સ્વ. શંકરલાલ દામોદરદાસ દાણી ના પુત્રી

**તા. ૨૨-૦૨-૨૦૨૫ શનિવારના રોજ અરિહંત શરણ પામેલ છે.**

પ્રાર્થના સભા:
તા. ૨૪-૦૨-૨૦૨૫, સોમવારના રોજ
સમય સાંજે ૪:00 થી ૬:00 કલાકે
સ્થળ - સરદાર પટેલ ભવન, એસ.વી. રોડ,
ગોરેગાંવ પશ્ચિમ.

# ઉલ્હાસનગરમાં સેલ્ફી લેવાને બહાને ત્રણ બાળકીનો વિનયભંગ: નરાધમ પકડાયો

થાણે: ઉલ્હાસનગરમાં સ્કૂલે જવા માટે રિક્ષાની રાહ જોતી ઊભેલી ત્રણ બાળકીનો સેલ્ફી લેવાને બહાને વિનયભંગ કરવા બદલ પોલીસે ૩૭ વર્ષના આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ઉલ્હાસનગરના ઓટી સેક્શન વિસ્તારમાં શુક્રવારે આ ઘટના બની હતી. આઠ અને ૧૦ વર્ષની ત્રણેય બાળકી સ્કૂલ જવા માટે ઘરે નીકળી હતી. તેઓ રિક્ષાની રાહ જોતી ઊભી હતી ત્યારે એ જ વિસ્તારમાં રહેનારો આરોપી ત્યાં આવ્યો હતો. વિઠ્ઠલવાડી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર (ક્રાઇમ) વિક્રમ ગૌડે જણાવ્યું હતું કે આરોપીએ સેલ્ફી લેવાને બહાને બાળકીઓનો વિનયભંગ કર્યો હતો. આરોપીના કૃત્યથી ડરી ગયેલી બાળકીઓ સ્કૂલ બેગ ત્યાં જ છોડીને ભાગી છૂટી હતી. તેઓ એક બાળકીને ઘરે જઇને છુપાઇ ગઇ હતી. આરોપી પણ ઘરમાં કોઇ ન હોવાનો લાભ લઇને અંદર ઘૂસ્યો હતો અને બાળકીઓને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. તેણે ફરી બાળકીઓ સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કર્યો હતો. બાળકીઓએ બૂમાબૂમ કરી મૂકતાં પડોશીઓ ત્યાં દોડી આવ્યા હતા અને આરોપીને તેમણે પકડી પાડ્યો હતો. આરોપીને બાદમાં પોલીસને હવાલે કરાયો હતો. દરમિયાન બાળકીઓની ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ શુક્રવારે રાતે ભારતીય ન્યાય સંહિતા, પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી. (પીટીઆઇ) ■

# બીકેસી-આરે મેટ્રો પ્રવાસીઓને કેમ પસંદ નથી આવતી?

મુંબઈ: મુંબઈની પહેલી અંડરગ્રાઉન્ડ મેટ્રોના પ્રથમ તબક્કાને શરૂ થયાને લગભગ ૪ મહિના થઈ ગયા છે. પરંતુ હજુ સુધી મેટ્રો-૩ કોરિડોર મુસાફરોને આકર્ષવામાં સફળ રહ્યો નથી. ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહના અંત સુધીમાં આરેથી બીકેસી વચ્ચે ચાલતી મેટ્રો-૩માં માત્ર ૨૭ લાખ મુસાફરોએ મુસાફરી કરી છે, જ્યારે તેની ક્ષમતા દરરોજ લગભગ ૪ લાખ મુસાફરોની છે. એવું ધ્યાનમાં આવ્યું છે કે પ્રવાસીઓ મેટ્રોમાં પ્રવાસ કરવાનું પસંદ ન કરવાનું એક કારણ મેટ્રો સ્ટેશન સુધી પહોંચવામાં પડતી મુશ્કેલી છે.

મેટ્રો-૩નું ભાડું અન્ય મેટ્રો લાઇન કરતાં વધુ હોવાથી પણ મુસાફરો પરેશાન છે. ૧૨.૨ કિમીના અંડરગ્રાઉન્ડ મેટ્રો રૂટ પર મુસાફરી કરવા માટે મુસાફરોને લગભગ ૫૦ રૂપિયા ખર્ચવા પડે છે. તેની સામે મુસાફરો મેટ્રો ૭ અને મેટ્રો ૨એ કોરિડોરની ૧૨ કિમીની મુસાફરી ૨૦ રૂપિયામાં કરી શકે છે. ■

# વિરારમાં સગીરા પર બળાત્કાર: બોયફ્રેન્ડ સામે ગુનો

પાલઘર: વિરારમાં મિત્રની બર્થડે પાર્ટીમાં ગયેલી ૧૬ વર્ષની સગીરાને ઘેનયુક્ત પીણું આપ્યા બાદ તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. વિરાર પોલીસે આ પ્રકરણે સગીરાના બોયફ્રેન્ડ સામે ગુનો દાખલ કરી તપાસ આદરી હતી.

પોલીસ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ૨ જાન્યુઆરીએ સાંજે સગીરાને આરોપી તેના મિત્રની બર્થડે પાર્ટીમાં લઇ ગયો હતો.

બર્થડે પાર્ટીમાં કેક ખાધા બાદ સગીરાને ઘેનયુક્ત પીણું પીવડાવવામાં આવ્યું હતું. સગીરા બેભાન થયા બાદ આરોપી મિત્રના ઘરના બેડરૂમમાં તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. દરમિયાન પોતે ગર્ભવતી હોવાનું સગીરાને તાજેતરમાં જણાયા બાદ તેણે વિરાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ) ■






# સિનિયર સિટિઝનોના દાગીના પડાવનારા બે અમદાવાદથી પકડાયા

થાણે: મુંબઈ તેમ જ થાણે જિલ્લામાં સિનિયર સિટિઝનોને માર્ગમાં આંતર્યા બાદ તેમના દાગીના પડાવનારા બે આરોપીને અમદાવાદથી ઝડપી પાડવામાં આવ્યા હતા. મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસની સેન્ટ્રલ ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ભાણાભાઇ મારવાડી અને ગોપીભાઇ મારવાડી તરીકે થઇ હતી. બંને વિરુદ્ધ મુંબઇ-થાણેના વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૦ ગુના નોંધાયેલા છે.

ભાયંદર વિસ્તારમાં ૬૦ વર્ષની વૃદ્ધાને ૪ ફેબ્રુઆરીએ આરોપીઓએ માર્ગમાં આંતરી હતી અને તેને વાતોમાં પરોવી રાખીને હાથચાલાકીથી તેના દાગીના પડાવી લીધા હતા.

આ પ્રકરણે નવઘર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ક્રાઇમ બ્રાન્ચ પણ આ કેસની તપાસ કરી રહી હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં શકમંદો નજરે પડ્યા હતા. ■



**હર હર મહાદેવ:** મુંબઈના પ્રખ્યાત બાબુલનાથ મંદિરમાં મહાશિવરાત્રિની તૈયારી. (અમય ખરાડે)

# મ્હાડાની બે હજાર ઘરની લોટરી

મુંબઈ: બહુ જલદી મ્હાડા પોતાના બે હજાર ઘરની લોટરી કાઢવાની છે. તાજેતરમાં મ્હાડાએ કોકણ મંડળને ૨,૧૪૭ ઘર અને ૧૧૦ પ્લોટના વેચાણ માટે ૨૪,૯૧૧ અરજી ડિપોઝિટ રકમ સાથે પ્રાપ્ત થઈ હતી. હવે ફરી એક વખત મ્હાડાનું કોંકણ બોર્ડ ફરીથી નવા ઘરની યોજના લાવી છે, જે ચિતળસરમાં ૧,૧૭૩ ઘરનો સમાવેશ થાય છે. મ્હાડાના તાજેતર થયેલા કોંકણ મંડળની લોટરીમાં જેને ઘર લાગ્યા નથી તેઓએ નિરાશ થવાની જરૂર નથી. આગામી મહિનામાં મ્હાડાના કોંકણ બોર્ડના લગભગ ૨,૦૦૦ ઘર માટે લોટરી નીકળવાની છે, જેમાં ચિતળસરમાં સૌથી વધુ ૧,૧૭૩ ઘરનો સમાવેશ થાય છે. નો ઓબ્જેકશન સર્ટિફિકેટ મળ્યા બાદ ઘરની સંખ્યા વધવાની છે. મ્હાડા તરફથી દર વર્ષે રાજ્યમાં લગભગ ૩૦,૦૦૦ ઘરની લોટરી કાઢવાનું આયોજન હોઈ દર ત્રણથી છ મહિનામાં મ્હાડાના કોઈના કોઈ મંડળની લોટરી કાઢવાનું પ્રસ્તાવિત છે.

# ભિવંડીની કોર્ટમાં પોલીસ કર્મચારીઓ પર હુમલો: કેદી સહિત ચાર સામે ગુનો

થાણે: થાણે જિલ્લાની કોર્ટમાં પોલીસ કર્મચારીઓને ગાળો ભાંડવા અને તેમના પર હુમલો કરવા બદલ ૪૫ વર્ષના કેદી અને તેના પરિવારના ત્રણ સભ્ય વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર શુક્રવારે આ ઘટના બની હતી. આરોપી સહિત કેટલાક કેદીઓને શુક્રવારે સુનાવણી માટે આધારવાડી જેલમાંથી ભિવંડીની કોર્ટમાં લાવવામાં આવ્યા હતા.

કોર્ટમાં હાજર કરાયા બાદ કેદીઓને પાછા જેલમાં લઇ જવામાં આવી રહ્યા હતા ત્યારે આરોપીએ વૉશરૂમ જવા માટે પોલીસ પાસે પરવાનગી માગી હતી.પોલીસે આ માટે પરવાનગી આપી હતી, પણ દરવાજો ખુલ્લો રાખવા અને અંદરથી લૉક ન કરવાનું આરોપીને કહ્યું હતું. આથી આરોપી રોષે ભરાયો હતો અને પોલીસ કર્મચારીઓને ગાળો આપવાનું તેણે શરૂ કર્યું હતું.

શાંતિનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીને પોલીસ વૅનમાં પાછો લઇ જવામાં આવી રહ્યો હતો ત્યારે પણ તેણે ગાળો ભાંડવાનું ચાલુ રાખ્યું હતું અને ત્યાં હાજર તેના પરિવારજનોને પોલીસ પર હુમલો કરવા માટે બોલાવ્યા હતા. (પીટીઆઇ) ■




છેલ્લા પાનાનું ચાલુ

## ૪૨ મરાઠા સંગઠનો

સંગઠનોની બેઠક યોજાઈ હતી. આ સમુદાયમાં અનેક મરાઠા નેતાઓએ હાજરી આપી હતી. આ બેઠક બાદ ફરી સરકારને ચેતવણી આપવામાં આવી છે. બેઠકમાં ૪૨ મરાઠા સંગઠનોએ ભાગ લીધો હતો. સંગઠનોએ તેમની માગણી માટે ૧૦મી માર્ચ સુધીનો સમય સરકારને આપ્યો છે.

### માગણીઓ શું છે?

મહારાષ્ટ્ર સરકાર ઓ.બી.સી. સમુદાય માટે અમલમાં મૂકવામાં આવેલી સુવિધાઓ અને છૂટછાટો. તેમને મરાઠા સમુદાય પર જેમ છે તેમ લાગુ કરવા જોઈએ. મહારાષ્ટ્ર સરકારે હૈદરાબાદ ગેઝેટ, સતારા ગેઝેટ, બોમ્બે ગેઝેટ મુજબ અનામત લાગુ કરવી જોઈએ. મહારાષ્ટ્રમાં ઓબીસીની જેમ એસઈબીસી (મરાઠા સમુદાય) શ્રેણીના વિદ્યાર્થીઓને ભરપાઈ કરવા માટેની અન્ય ફીમાં છૂટ આપવી જોઈએ. મહારાષ્ટ્રમાં કુણબી પ્રમાણપત્રો આપવા માટે જિલ્લા અને તાલુકા સ્તરે એક સમિતિની રચના કરવી જોઈએ અને આ સમિતિમાં મરાઠા સમુદાયના બે પ્રતિનિધિઓનો સમાવેશ કરવો જોઈએ. મરાઠા સમુદાય માટે શિષ્યવૃત્તિ યોજનાનું અમલીકરણ. ઓબીસીની જેમ, એસઇબીસી શ્રેણીમાં યુવાનો માટે મોટર વાહન ડ્રાઈવર અને વાહક તાલીમ યોજનાના અમલીકરણ અંગે. મરાઠા વિરોધીઓ સામે દાખલ કરાયેલા કેસની તપાસ કરવી જોઈએ અને હાઈકોર્ટના નિર્દેશો અને સરકારના નિર્ણય મુજબ તેને પાછા ખેંચવા જોઈએ. મરાઠા સમુદાયને એસઇબીસી શ્રેણી હેઠળ ૧૦ ટકા અનામત લાગુ કરવામાં આવ્યું છે. જે હાલ કોર્ટમાં છે. રાજ્ય સરકારે કોર્ટમાં પોતાનો કેસ મજબૂતીથી રજૂ કરીને અનામતનો બચાવ કરવો જોઈએ. મરાઠા ભૂષણ અન્નાસાહેબ પાટીલ આર્થિક વિકાસ નિગમ ફક્ત મરાઠા સમુદાય માટે જ લાગુ થવો જોઈએ. ઉપરાંત, વ્યાજની ચુકવણી અને અન્ય લોનની બાબતો સમયસર પૂર્ણ થવી જોઈએ. અરબી સમુદ્રમાં છત્રપતિ શિવાજી મહારાજના સ્મારકનું કામ તાત્કાલિક શરૂ કરવું જોઈએ અને મહારાષ્ટ્રમાં કિલ્લાઓ અને કિલ્લાઓનો વિકાસ થવો જોઈએ.

## ધગધગતી ગરમી

મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રમાં કમોસમી વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. મુંબઈમાં મહત્તમની સાથે જ લઘુતમ તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. રવિવારે, ૨૩ ફેબ્રુઆરીના રોજ સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૭.૨ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જે સામાન્ય કરતા ૫.૨ ડિગ્રી વધુ રહ્યું હતું. છેલ્લા બે દિવસમાં ખાસ કરીને ૨૧ ફેબ્રુઆરીએ ૩૭.૩ ડિગ્રી અને ૨૨ ફેબ્રુઆરીએ ૩૭.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ દરમ્યાન કોલાબામાં રવિવારે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી તાપમાન હતું અને લઘુતમ તાપમાન ૨૨.૫ ડિગ્રી તો સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૨૧ ડિગ્રી નોંધાયું હતું. હવામાન ખાતાએ આગામી ૨૪ કલાક માટે મુંબઈ અને ઉપનગરમાં ગરમી અને ભેજવાળી સ્થિતિ રહેશે એવી આગાહી કરી છે, જેમાં મહત્તમ તાપમાન અને લઘુતમ તાપમાન અનુક્રમે ૩૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨ ડિગ્રીની આસપાસ રહેશે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ ફેબ્રુઆરીના મધ્યભાગ પછી સામાન્ય રીતે સૂકી ગરમી શરૂ થતી હોય છે, તે મુજબ છેલ્લા થોડા દિવસથી મુંબઈમાં ગરમીમાં વધારો થયો છે.૧૯૬૬માં ફેબ્રુઆરીમાં મુંબઈમાં સૌથી વધુ ગરમી ૩૯.૬ ડિગ્રી નોંધાઈ હતી. એક તરફ ગરમી વધી રહી છે ત્યારે બીજી તરફ રાજ્યના મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રમાં કમોસમી વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

## ફિલ્મમાં કામ

ઇન્ડસ્ટ્રીમાં ઉચ્ચ હોદ્દા પરના લોકો સાથે તેમના સારા સંબંધ હોવાનો દાવો કર્યો હતો, એમ કાપુરબાવડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

આરોપી મહિલાએ પીડિતાને મોટી સ્ટાર બનાવવાનું વચન આપ્યું હતું. પીડિતાને સિંગાપોર લઇ જઇને એક પુરુષ સાથે તેની ઓળખાણ કરાવી હતી, જે ખૂબ પ્રભાવશાળી હોવાનું કહેવાયું હતું.

દરમિયાન સિંગાપોરમાં પીડિતાને એ પુરુષ પોતાના ઘરે લઇ ગયો હતો, જ્યાં તેને ઠંડુંપીણું અપાયું હતું અને બાદમાં પીડિતા પર બળાત્કાર ગુજારાયો હતો. એ ઉપરાંત પીડિતા પર મુંબઈ તથા અન્ય વિસ્તારમાંની હૉટેલમાં પણ દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.આરોપી મહિલાએ પીડિતાના વાંધાજનક પૉઝમાં ફોટા પાડી લીધા હતા અને તેને આધારે પીડિતાને બ્લેકમેઇલ કરવામાં આવી રહી હતી.

બાદમાં આરોપી મહિલા, તેનો પતિ અને તેમની પુત્રી પીડિતાને વારંવાર કૉલ કરી બદનામ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતાં હતાં.

પીડિતાની જાતિ પરથી પણ ગાળાગાળી કરવા લાગ્યાં હતાં. દરમિયાન પીડિતાની ફરિયાદને આધારે પોલીસે શનિવારે ચારેય આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)

## વાઢવણ પાસે

હાલના ઍરપોર્ટથી ૧૨૫ કિલોમીટર અંતર પર છે. પશ્ચિમ કિનારપટ્ટી પાસે બાંધવામાં આવનારા આ ઍરપોર્ટની રચના હૉંગકોંગના આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ અને ઓસાકાચે કાનસાઈન ઈન્ટરનેશનલ ઍરપોર્ટ જેવું હશે. આ બંને ઍરપોર્ટ કૃત્રિમ બેટ પર બાંધવામાં આવ્યાં છે. વાઢવણ ઍરપોર્ટને કેન્દ્ર સરકાર તેમજ મહારાષ્ટ્ર સરકારની પ્રાથમિક મંજૂરી મળી ગઈ છે. આ સંબંધે ગયા મહિને બેઠક પણ યોજાઈ હતી. ઍરપોર્ટ બાંધવા માટે હવે તેનો અભ્યાસ ચાલુ કરવામાં આવવાનો છે. આ પ્રક્રિયામાં ભારતીય ઍરપોર્ટ ઓથોરિટીની મદદ લેવામાં આવવાની છે. એક વખત તેનો અભ્યાસ પૂરો થયા બાદ તેને માટે થનારા ખર્ચા બાબતે વિગતો જાહેર કરવામાં આવશે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ થાણા મહેતા બાબુલાલ મેઘજીભાઇના સુપુત્ર. નવીનભાઇ ધર્મપત્ની દિવ્યાબેન (ઉં. વ. ૬૯) તા ૨૨-૨-૨૫ના શનિવારે અવસાન પામેલ છે. જલ્પા બિજલકુમાર, અવની હરેશકુમાર, રિદ્ધિ જયદીપકુમારના માતુશ્રી. કુમુદબેન, જીતુભાઇ, મુકેશભાઇ પ્રવીણાબેન, ભરતભાઇના ભાભી. પિયર પક્ષ નીતિલાલ, લલ્લુભાઇ શાહના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. નવીનચંદ્ર બાબુલાલ મહેતા, ૨૦૧, ૨જે માળે, સનફ્લાવર બિલ્ડિંગ, પોલીસ સ્કૂલની ગલ્લી, જરી મરી મંદિરની સામે, થાણા (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કારીયાણી નિવાસી કાંદીવલી સ્વ. શશીકાન્તભાઇ રમણીકલાલ દોશીના ધર્મપત્ની મીનાબેન (ઉં. વ. ૭૫) સ્વ. બાબુલાલ દુર્લભજી વધાણીનાં દીકરી તા. ૨૨-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે બિમલભાઇ, અમીબેન, હેમાલીબેનના માતા. અ. સૌ. રીનાબેન, સ્વ. પ્રતિકભાઇ, ચિંતનભાઇના સાસુ. નીલનાં દાદી. હર્ષ, કાશ્વી, જીનમનાં નાની. અશ્વિનભાઇનાં ભાભી. હર્ષદભાઇ, દીનાબેન, નીરૂબેન, પુષ્પાબેન, આશાબેન, માલીનીબેનનાં બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

તલવાણા હાલે ઘાટકોપરના ચી. રીથવ માનસી સાગર પોલડીયા (ઉં.વ.૧) તા.૨૧/૨/૨૦૨૫ ના અવસાન પામેલ છે. જયાબેન દીનેશભાઈ મુરજીના પૌત્ર. નીલમબેન ચંદ્રેશ તલકશીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દિનેશ મુરજી પોલડીયા, ૩૦૨, ઓપલ, નીલકંઠ રીજંટ, પંતનગર, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૫.

નવાવાસના અ.સૌ. દમયંતી જયંતીલાલ ભેદા (ઉ. ૭૭) તા. ૨૧-૨ના અવસાન પામેલ છે. સ્વ. સાકરબેન વીરજી ખીંયશીના પુત્રવધૂ. જયંતીલાલના પત્ની. દિપાના માતુશ્રી. નાંગલપુરના વેલબાઇ વેલજીના પુત્રી. દામજી, મગન,ચુનીલાલ, સાકરના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કૈલાસ ગાલા, એ-૫, પ્રભાસા, જગુશા, ઘાટકોપર (વે.), મું. ૮૬.

નવીનાળના અ.સૌ. જયશ્રી પરાગ વોરા (ઉ.વ.૫૦) તા. ૨૧-૨-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. નિર્મળાબેન શશીકાંત વોરાના પુત્રવધૂ. પરાગના ધર્મપત્ની. અનિષાના માતુશ્રી. દમયંતી (હેમલતા) યશવંત ગડાના દિકરી. પ્રીતિ દિલીપ, ભાવના, જ્યોતિ અશ્વિનના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લઘુ નીસર હોલ, દાદર (વે). ટા.૨ થી ૩.૩૦. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. પરાગ શશીકાંત વોરા, હબ ટાઉન હેવન, સી-૮૦૨, ભાઉદાજી રોડ, માટુંગા-૧૯.

નાના આસંબીયાના તલકચંદ શામજી છેડા (ઉ. વ.૮૬) તા. ૨૨/૨/૨૫ના નાશિકમાં અવસાન પામેલ છે. મઠાબાઈ શામજીના સુપુત્ર. સ્વ. મણીબેન, સ્વ. રેખાના પતિ. નરેન્દ્ર, વિજય, મનોજ, નયનાના પિતા. જેઠાલાલ શામજી, ભુજપુર વેલબાઈ રતનશી, મો. ખાખર ખેતબાઈ રતિલાલ, વાંઢ હરખવંતી નાનજીના ભાઈ. ના. આસંબીયા દિવાળીબેન ભવાનજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નરેન્દ્ર છેડા, ૧૧, પૂજા એપા., પંચવટી, નાશિક-૪૨૨૦૦૩.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ.**

વઢવાણ શહેર નિવાસી હાલ બોરીવલી પ્રભાબેન ચંદુલાલ શાહના સુપુત્ર ધીરજલાલ ચંદુલાલ શાહ (ઉં. વ. ૮૮). તેઓ શ્રી સ્વ. નિર્મળાબેનના પતિ, ભૂપેશ, તૃપ્તિ-શકેશકુમાર, ચેતન-પારુલ, રૂપલ-કેતનકુમારના પિતાશ્રી, હસમુખભાઈ-કુસુમબેન, સૂર્યકાંતભાઈ-સ્વ.પ્રેમીલાબેન તથા સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મા. સા. ના સંસારી ભાઈ. યેશા વિરલકુમાર, વંદીત કિમ્પી, ફેનિલ, જીનલ-રૂષભકુમાર, ભવ્યા અને મુનિશ્રી જીનાજ્ઞાશેખર વિજયજી મા. સા. ના સંસારી દાદા, વીંછિયા નિવાસી હાલ બોટાદ જેમલદાસ નાનાચંદ શાહ ના જમાઈ. તે તા. ૨૨/૦૨/૨૦૨૫ ના રોજ અરિહંત શરણ થયેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૪૦૧-૮, લક્ષ્મી વૈભવ બિલ્ડિંગ, જાંબલી ગલી, ફેક્ટરી લેન, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રી. જૈન**

સાયલા નિવાસી હાલ બોરીવલી સ્વ. કેવળીબેન પ્રેમચંદભાઇ શાહના પુત્ર જીતેન્દ્રભાઈ (ઉં.વ.૮૩) તે સ્વ.પુષ્પાબેન ના પતિ, પૂ હર્ષપ્રભાશ્રીજી મ. સા. તથા લલિતભાઈ-મીતાબેનના ભાઈ, કલ્પના-પ્રદીપકુમાર ,તથા જીજ્ઞા - પરેશકુમાર તથા વિરલ - નિકિતાના પિતા , ખીમચંદભાઈ જગજીવનભાઇ શાહના જમાઈ, શનિવાર તા. ૨૨/૨/૨૦૨૫ ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસ સ્થાન : ૯૦૨, સાઇકૃપા, દૌલત નગર, રોડ નં ૪ , બોરીવલી (પૂર્વ) ,મુંબઈ - ૬૬

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

તળાજા નિવાસી હાલ ભાયખલા (મુંબઈ) મહેન્દ્રભાઈ હરિલાલ ફાફડીયાના ધર્મપત્ની અ. સૌ. ભારતીબેન (ભદ્રાબેન) (ઉં. વ. ૭૪), ૨૨/૦૨/૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તે રૂપા અતુલકુમાર ગોસલીયાના માતુશ્રી. અશ્વિનભાઈ, મુકેશભાઈ, સ્વ. ભદ્રાબેન, બીનાબેનના ભાભી. તે પિયર પક્ષે મહુવા નિવાસી સ્વ. સરલાબેન રતિલાલ દોશીની દીકરી. ભારતીબેન, સ્વ. હરેશભાઈ, પ્રકાશભાઈના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લખતર નિવાસી હાલ મુલુંડ સ્વ. કાંતાબેન વસંતલાલ શાહના પુત્ર તે સ્વ. ચંદ્રીકાબેનના પતિ પ્રવીણભાઇ (ઉં. વ. ૮૮) તા. ૨૨-૨-૨૫ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે અ. સૌ. મીતા અને સંદીપના પિતા. તે ધર્મેન્દ્રભાઇ અને સપનાના સસરા. તે લિંબડી નિવાસી સ્વ. કંચનબેન પાનાચંદ તલસાનિયાના જમાઇ. તે સ્વ. કુંદનબેન, સ્વ. અરુણભાઇ અને ગં. સ્વ. નિરંજનાબેનના ભાઇ. તે દેવના દાદા. તે જય, વિધીના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

રાજકોટ, તે સ્વ.માલતીબેન મોદીના પતિ, તે ભાવેશભાઈ, રાકેશભાઈ, પૂર્વીબેન, ભાવનાબેન, રિદ્ધિબેનના પિતા સ્વ.નવીનચંદ્ર રવજીભાઈ મોદી તા.૨૦-૦૨-૨૫, ગુરુવારના રોજ દુઃખદ અવસાન પામેલ છે.

**કચ્છી મોઢ વણિક**

જખૌના સ્વ. પ્રદિપભાઈ ગોકુલદાસ મહેતાનાં પત્ની માલતીબેન (ઉં. વ.૭૦) તા.૨૨.૨.૨૫, શનિવારના શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. ઈશ્વરલાલ જીવાભાઈ પરીખનાં દીકરી. મલય,ખ્યાતિનાં માતા. સ્નેહા, જીતેન કેતનભાઈ કિનારીવાલાનાં સાસુ. મિશા, માનવ, વાયુનાં નાની-દાદી. પ્રાર્થનાસભા સોમવાર, ૨૪મીએ સાંજે ૫થી ૭. ઠે.: જીવરાજ ભાણજી સ્મારક હોલ, અશોક નગર, મુલુન્ડ (પ.).

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

બગસરાવાળા હાલ મુંબઇ સ્વ. ચત્રભુજ વલ્લભદાસ જોગી (ઉં. વ. ૮૭) તે સ્વ. કુંદનબેનના પતિ. જયશ્રી, આશા, પારૂલ, મનિષા, તૃપ્તિ, નયનના પિતાશ્રી. ભરત, ચંદ્રકેતુ, રાજેશ, રમેશ, રાકેશ, જ્યોતિના સસરા. સ્વ. નર્મદાબેન, સ્વ. શારદાબેન, સ્વ. દમુબેન, ગં. સ્વ. પ્રભાબેન, સ્વ. મનુભાઇ, સ્વ. મગનભાઇના ભાઇ. સ્વ. મોહનલાલ મેઘજી મર્થકના જમાઇ શનિવાર, તા. ૨૨-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૨-૨૫ના સોમવારે સાંજે ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, અક્ષરધામ કોમ્પ્લેક્સ, એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ).

**વિસ નાગર**

સાંતાક્રુઝ નિવાસી કુ. વાગિશ્વરી કૃષ્ણલાલ પંડિત (ઉં.વ. ૮૭) તે સ્વ. સન્મુખબહેન પંડિતનાં દીકરી. સૌ. પ્રેરણા જ્યોતિષ (જયદેવ) બૂચનાં બહેન. સૌ. રિદ્ધિ અમીય દીવાનજી, સ્વ. વંદના માંકડના માસીબા. તા. ૨૦-૨-૨૫ ગુરુવારના હાટકેશ શરણ પામ્યા છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ફ્લેટ નીઓ. ૧૩, સાંઇ આરાધના બિલ્ડિંગ, હિંગઃ લીફે મોલની સામે, પી.એમ. રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ).

**હાલાઇ લોહાણા**

મૂળવતન થાનીયાણા નિવાસી હાલ કાંદિવલીના ગં. સ્વ ચંપાબેન ધીરજલાલ પારપાણી (ઉમરઃ૯૩) તે સ્વ. ધીરજલાલ રૂઘનાથ પારપાણીના ધર્મપત્ની, સ્વ. શૈલેષ, સ્વ. હર્ષદ, હેમેન્દ્ર, યોગેશ તથા કુંજલત્તા ભરત માણેકના માતુશ્રી, જ્યોતિ, બીના તથા પારૂલના સાસુ, વાંદરા નિવાસી કેશવજી ગોકલદાસ ઠકરારના દીકરી, જતીન, વિશાલ, પૂજા, જય, અમી, હિરલ, મેઘા તથા પ્રિયક ના બા. ૨૨/૨/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગં. સ્વ. પુષ્પાબેન મોરજરીયા (ઉ. વ. ૮૧ )તે સ્વ. વસંતરાય દ્વારકાદાસ મોરજરીયાના ધર્મપત્ની, સ્વ. વિશ્રામ વાલજી સાયાણીની દીકરી, હિતેન્દ્ર, નયન, જયેશ મોરજરીયાના માતૃશ્રી, લીના, શીતલ, પ્રિતીના સાસુજી. માનસી, સ્નેહ, મિહિર, ધવલ, ધીર, કૃત્વીના દાદી. માધવજી ભાઈ, સ્વ.ઠાકરશીભાઈ, સ્વ. ધનજીભાઈ, સ્વ.કિશોરભાઈ, સ્વ.ચંપાબેન, સ્વ.વસંતાબેન, સ્વ.નિર્મળાબેન, જ્યોત્સનાબેન ના બહેન, હાલ મીરારોડ મુકામે ૨૧-૦૨-૨૫ ના શ્રીજી ચરણ પામ્યા છે. એમની પ્રાર્થનાસભાઃ ૨૪-૦૨-૨૫ સોમવારે સાંજે ૫.૦૦ - ૭.૦૦, મહાજન બેન્કૈટ , હાલાઈ લોહાણા મહાજન વાડી, કણકીયા પુલિસ સ્ટેશન ની પાસે, બેવરલી પાર્ક, મીરારોડ (ઈ).

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ.**

થાનગઢ નિવાસી, હાલ મીરારોડ, અ.સૌ. શકુંતલા વસંત મકવાણા (ઉ.વર્ષ. ૬૪) તે તારીખ - ૨૦.૦૨.૨૦૨૫ ગુરુવારના રોજ દેવલોક પામ્યા છે.તે વસંત શાંતિલાલ મકવાણા ના ધર્મપત્ની. તે સ્વ. સવિતાબેન શાંતિલાલ મકવાણાના પુત્રવધુ. તે સ્વ. જસવંતી બેન દેવજી ભાઈના પુત્રી. તે જીતેન અને ભાવિકા સચિન વોરા ના માતૃશ્રી. તે ભાવેશ, બિપિન, લલિત, નયના દિનેશચંદ્ર સોલંકી, કેતકી, લલિતા, તૃષ્ણા, અલકા નરેન્દ્ર મકવાણા, ભાવના નિતીન શેઠિયા, લલિત, વિનોદ, વિપુલ, લતા સંદિપ સોલંકી, નિતા હિતેશ ગોહિલ, રેખા હિતેશ મકવાણાના ભાભી. સદગતની પ્રાર્થનાસભા તારીખ ૨૪.૨.૨૫ સાંજે : ૪ થી ૬ સ્થળ શ્રી ગિરધારીલાલ મુનશીલાલ જૈન સભાગૃહ, ન્યૂ શાન્તિસાગર, ૧લે માળે, શ્રી આચાર્ય શાંન્તિસાગર ચોકની પાસે, શ્રી ૧૦૦૮ આદિનાથ બાહુબલી દિગમ્બર જૈન મંદિરની સામે, એસ. વી. પી. રોડ, બોરીવલી (પ.). મુંબઈ - ૪૦૦ ૦૯૨ બંને પક્ષની પ્રાર્થના સભા એકજ સ્થળે રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ સિમર હાલ મલાડ મુંબઈ. સ્વ. નાથાલાલ રણછોડભાઈ કવા (ઉં.વ.૮૫) શુક્રવાર તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જેકુવરબેનના પતિ. તે સ્વ. રતિલાલ, સ્વ. વાલીબેન. સ્વ. શાંતાબેન, પાનીબેનના ભાઇ, તે દિલીપ, મનોજ, સુરેશ, શારદા, વર્ષા, અલ્પાના પિતાશ્રી. હરેશ, વિનીત, તેજસ, કિંજલ, ઝલક, યશ. તૃપ્તીના દાદા. સીમરવાળા જીવરાજભાઈ લાખાભાઇ પરમારના જમાઈ. રેખાબેન, વનિતાબેન વીણાબેન, આણંદભાઈ, મહેશભાઈ, નરેન્દ્રભાઇ, જયેશભાઈના સસરા. એમની પ્રાર્થનાસભા તા. ૨૪/૦૨/૨૫ ને સોમવાર ના રોજ રાખેલ છે. સમય ૫ થી ૭. સ્થળઃ- લુહાર સુથાર જ્ઞાતિ વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં ૩, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી પૂર્વ. મુંબઈ - ૪૦૦૦૬૬

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ વિછીયા હાલ મલાડ સ્વ લક્ષ્મીબેન અમરશીભાઈ લાલજીભાઈ ડોડીયાના દીકરા શ્રી રણછોડભાઈ અમરશીભાઈ ડોડીયા, તારીખ ૨૨- ૨- ૨૫ ના શ્રી રામચરણ પામેલ છે તેઓ સ્વ . મંગળાબેનના પતિ, અરુણાબેન રમેશભાઈ વાઘેલા, પ્રવીણભાઈ, સ્વ પ્રીતિબેન અમિતભાઈ આસોડિયા, ભાવનાબેન ધીરેનભાઈ સિધ્ધપુરા, ધર્મિષ્ઠાબેન અશ્વિનભાઈ પટેલ ,

## પારસી મરણ

અરદેશર હોમી ઇરાની તે મરહુમ ઝરીનના ખાવીંદ. તે મરહુમો શેરી ને હોમી ઇરાનીના દીકરા. તે ફરોખના ભાઇ. તે દોનેશ ઇરાનીના કઝીન ભાઇ. (ઉં. વ. ૮૪) રે. ઠે. અમીલ બ્રધર્સ સી. એચ. એસ. બેહરામ બાગ, ફીશ માર્કેટની સામે, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૨-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે અંધેરી પટેલ અગિયારી, મુંબઇ.

મહારુખ સીરીલ પિન્ટો તે સ્વ. સીરીલ પિન્ટોના પત્ની. સ્વ. ફરામરોઝ ગોરીમર અને સ્વ. શીરીનબાઇ ગોરીમરના પુત્રી. શાયને પિન્ટોના માતા. મોના નાવીસના સાસુ. રોહડા, કેકી, મની, મેહરુ, શેરુ અને ફિલ્લીના બહેન (ઉં. વ. ૭૮), તા. ૨૩મી ફેબ્રુઆરીએ અવસાન પામ્યા છે. રે. ઠે. એન્જલ્સ પેરેડાઇઝ, ફ્લેટ નં.૫૦૨, પાંચમે માળે, જય ભવાની માતા રોડ, આંબોલી, અંધેરી (પ.) મું.૫૮, ઉઠમણું ૨૫મી ફેબ્રુઆરીએ રાખ્યું છે.

નીતાબેન અજયભાઈ ચૌહાણના પિતાશ્રી તથા સ્વ. કમુબેન રણછોડભાઈ હરસોરા, ગોવિંદભાઈ, ભીખુભાઈ, સ્વ. જયાબેન મનસુખભાઈ સિધ્ધપુરાના ભાઈ તથા જય , પ્રિતેશના દાદા . તેમની પ્રાર્થનાસભા તારીખ ૨૪ ૨ ૨૦૨૫ ના સાંજના ૪ થી ૬ રાખેલ છે. સ્થળ- એલ.એન્ડ. એમ. રોટરી સર્વિસ સેન્ટર, નિયર બાબુલિન , ક્રિષ્ના હોટલ સામે, એસ.વી. રોડ, મલાડ વેસ્ટ.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ કચ્છ ડુમરા હાલે દહીસર ( મુંબઈ) વસંતલાલ ગાંગજી છાટબારના ધર્મપત્ની અ. સૌ. સરલાબેન, (ઉં. વ.૭૫), તે સમીત, પ્રીતી વિનેશ દુબલ, નિશા ખત્રીના માતુશ્રી, તે શાંતિલાલ, રવિલાલ, વિજય, હીરેન, મહેશ, ગોદાવરીબેન ભવાનજી મામતોરા, વિજયાબેન ગીરીશ ઘેલાના મોટા ભાભી, તે સ્વ. લાલજી વેલજી પોલડીઆ (ડુમરાવાળા) ના પુત્રી, તે ચાંદનીના સાસુ, તે મહીમા, ઈસા, સ્વસ્તિના દાદી તા. ૨૧/૨/૨૦૨૫ ના રામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૪/૨/૨૦૨૫ને સોમવાર સાંજે ૪ થી ૫. પાંજીવાડી કાંજુરમાર્ગ (ઈસ્ટ) ખાતે રાખેલ છે.

**લોહાણા**

મુંબઈ નિવાસી ગં.સ્વ. હેમલતાબેન, તેઓ સ્વ. ભગવાનદાસ મોરારજી પંચમતિયાના ધર્મપત્ની, શ્રી મુકેશભાઈ પંચમતિયા, મૃદુલાબેન રજનીકાંત રૂઘાણી, દીપાબેન ચંદ્રકાન્ત ઠક્કરના માતુશ્રી, તે હરિતા દિવ્યેશ અને સૌરભના દાદી, તે ખ્યાતિ દિવ્યેશ પંચમતિયાના દાદી સાસુ, ત્થા સ્વ. ગીરધરદાસ ગોકલદાસ રાડીઆના જયેષ્ઠ પુત્રી, રવિવાર તા. ૨૩-૨-૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભ સોમવાર તા. ૨૪-૨-૨૦૨૫ના સાંજે ૪.૩૦ થી ૬.૩૦ના પાવનધામ, ૧લે માળે, એમ.સી.એ. ક્લબની સામે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૬૭. વેલેટ પાર્કિંગ ઉપલબ્ધ છે.

**ઝાલાવાડી સઈ સુથાર**

ગામ ચોટીલા હાલ વસઈ, નંદલાલ હરજીવનદાસ પરમારના ધર્મપત્ની સ્વ. કોકિલાબેન, (ઉં.વ. ૭૧), તા. ૨૩-૨-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે ભાવેશ, મયુરીબેન ભાવેશકુમાર મકવાણા, દિપાલી વિપુલ સોલંકી, પૂજા પ્રિયલ પરમારના માતોશ્રી. દિવ્યાબેનના સાસુ, તે જ્યોતિબેન મનસુખલાલ પરમારના દેરાણી, શોભનાબેન નગીનદાસ પરમારના ભાભી, તે પિયરપક્ષ ઢવાણાવાળા મંગુબેન લીલાધર સોલંકીના દિકરી, તેમની બંને પક્ષની સાદડી તા. ૨૪-૨-૨૦૨૫ના રોજ સોમવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે. સ્થળ- જૂના સ્વામિનારાયણ મંદિર, ૬૦ ફિટ રોડ, વસઈ વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

**નાઘેર દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ગાંગડા નિવાસી હાલ મુલુંડ, શ્રી રસિકલાલ જીવરાજ કામદારના પુત્રવધૂ ભાવનાબેન (ઉ.વ. ૬૦), તે હેમંતભાઈ (ડાયાભાઈ)ના ધર્મપત્ની, યશ ત્થા પાર્થના માતુશ્રી, તે સ્વ. મંજુલાબેન નરોત્તમભાઈ રૂખાણા (ગામ કચ્છ તેરા)ના સુપુત્રી ત્થા પ્રિતી જીતેન ઠક્કર અને દેવેનના બહેન તા. ૨૨-૨-૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે પુનીતા સુધીર કામદારના દેરાણી અને સ્વ. માલતીબેન બિપીનચંદ્ર શાહના ભાભી, (પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી)

**હાલાઇ લોહાણા**

કાંદિવલી નિવાસી પદમા (ઉં. વ. ૮૨) તે સ્વ. ધીરજબેન ઠાકરસી તન્નાના પુત્રી. સ્વ. ભગવાનદાસ મીના (મુક્તા) ચંદ્રકાન્ત ભટેના બહેન. રંજનબેનનાં નણંદ. દેવેશ, ઉત્પલા, કુંતલ, કુલદીપ, વૈશાલી, દિશાનાં ફઇ. સ્વ.નારણદાસ મનજી દ્વારકાવાળાનાં દોહીત્ર. વિદિશા, આર્ય, નૂપુર, ક્યાના ફઇ દાદી. તા. ૨૧-૨-૨૫ના ગૌલોક સીધાવ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૨-૨૫ના ક્લબ હાઉસ, પી-૨, સ્પ્રીંગ ગ્રુવ ટાવર્સ, લોખંડવાલા ટાઉનશીપ, કાંદિવલી (ઇસ્ટ) સાંજે ૫થી ૬.૩૦.

**હાલાઇ ભાટીયા**

સ્વ. માધવદાસ ચત્રભુજ કાપડિયા (જેરાજાણી)ના પુત્ર શશીકાંત માધવદાસ કાપડિયા (ઉં. વ. ૮૫) જે જયોતિબેનના પતિ. ભાનુબેન, અજીતભાઇના ભાઇ. અમીત, નીલા, શિલ્પાના પિતા. કલ્યાણજી વેદના જમાઇ તા. ૨૨-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૨-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. રચના એપાર્ટમેન્ટ, મીના નગર, કે. ટી. વિલેજ, ગ્રેટર બેન્કની ગલી, વસઇ (પ.) ખાતે રાખેલ છે.

**કપોળ**

લોટપુરવાળા સ્વ. પુરુષોતમદાસ નરસિંહદાસ વોરાના પુત્રવધૂ. તે સ્વ. ચંદ્રકાંત વોરાના પત્ની. તે મૃદુલાબેન (ઉં. વ. ૭૮) તે નિમિષા વિપુલ ચોટાલિયાની માતા. તે સ્વ. મંજુલાબેન મંગળદાસ સંઘવી (અમરેલી-જમશેદપુરવાળા)ના પુત્રી. તા. ૨૨-૨-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

## ક્લાસિફાઇડ


**૬. પરચુરણ**

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

**૧૦. મહિલાઓ માટે**

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૫૮૪)

**૧૨. યાત્રા સહેલગાહ**

**ચારધામ યાત્રા**
યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ બદ્રીનાથ 21 મે / 10 જુન / 20 જુન યશસ્વીની ટ્રાવેલ 9969531161 / 9930620105. (૧૫૬૦૮-બી)

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહામ હોલિડે 9769977466/9892534488. (બી-૧૫૫૫૯)

**પાસપોર્ટ વિઝા**
આધારકાર્ડ, પેનકાર્ડ, મેરેજ સર્ટિફિકેટ, ગેઝેટ, હોટલ, ઇન્સ્યોરન્સ. 9821376776. (બી-૧૫૫૫૫)

**તુષારભાઈ**
ઉત્તરાખંડ ચારધામ, નેપાળ મુક્તિનાથ પુલ્હાશ્રમ, દેવીબેન પ્રવાસ (40 વર્ષથી) 9833730639. (૧૫૬૨૯-જી)

**૧૪. નોકરી ખાલી છે**

**કમાઓ 8-12 લાખ**
પરિપક્વ અને મેનેજરીયલ ગુણવત્તાવાળા વ્યક્તિઓ, 40-75 વર્ષ. સરકારી સંલગ્ન કંપની. સંપર્કઃ 8356933068 / 8766534390. (જેપી/૪૯૭૩-બી)

■ પેકીંગના કામ માટે લેડીઝ તેમજ જેન્ટ્સ હેલ્પર જોઈએ છે. તુરંત મળો 11, ખેતાણી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, 106/7 બાઝાર વોર્ડ, સોનાપુર લેન, હિન્દુ સ્મશાનભૂમિ પાસે, કુર્લા (પશ્ચિમ) મુંબઈ 400070. (એસડીબી-૨૪૬૫)

**URGENT REQUIREMENT**
Male Candidates for Jewellery Company at Andheri 1. B.Sc Graduate 2. Mechanical Diploma 3. ITI Person-Machinist, Turner, Fitter. Contact - 9167979275 Sameer. (B-15575)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**૩૩. ધંધાદારી**

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭, લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન**

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/-, 3 બેડરૂમ 7,000/-, કમ્પલીટ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ, પ્લાનીંગ અને રીનોવેશન પ્રોફેશનલ ટીમ દ્વારા Helpline - 8989282877. (૧૫૩૨૩-એ)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**૪૬. વોટર પ્રૂફિંગ**

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૯૯)

**૫૨. કુરીઅર્સ**

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૬૧૬)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## મુંબઈમાં થતા માર્ગ અકસ્માતો

મોટાભાગના ભોગ બનેલા લોકો (૫૪ ટકા) રાહદારીઓ હતા. બ્લૂમબર્ગ ફિલાન્થ્રોપીઝ ઇનિશિયેટિવ ફોર ગ્લોબલ રોડ સેફટીના સહયોગમાં મુંબઈ ટ્રાફિક પોલીસ દ્વારા તાજેતરમાં પ્રકાશિત કરાયેલા આ અહેવાલમાં જણાવાયું છે કે મૃતકોમાં ટુ અને થ્રી-વ્હિલરમાં સવાર ૪૮ ટકા અને રાહદારીઓ ૪૦ ટકાનો સમાવેશ થાય છે. આ મૃત્યુમાં સૌથી વધુ પુરુષો (૮૨ ટકા) હતા, જેમાં ૨૦-૩૯ વર્ષની વયજૂથના લોકો ૪૭ ટકા પુરુષોનો સમાવેશ થાય છે. મુંબઈમાં ૨૦૨૩ માં ૩૫૧ માર્ગ અકસ્માતોમાં ૩૭૪ મૃત્યુ નોંધાયા હતા, જે ૨૦૧૫ થી ૩૯ ટકાનો ઘટાડો દર્શાવે છે. એક અધિકારીએ ડેટાને ટાંકીને જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા મોટાભાગના મોટરસાઇકલ સવારો ૨૦-૨૯ વર્ષની વય જૂથના હતા. આમાંના ઘણા રાહદારીઓના મૃત્યુ સાયન-પનવેલ હાઇવે, ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ અને વરલી સીફેસ જંકશનના આંતરછેદ પર થયા છે, એવો ઉલ્લેખ ડેટામાં કરવામાં આવ્યો છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, સાયન-બાંદ્રા લિંક રોડ અને બૈગનવાડી સિગ્નલ જંકશનના આંતરછેદ પર મોટાભાગના મૃત્યુ અને ઇજાઓ જોવા મળી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ડો. બાબાસાહેબ આંબેડકર માર્ગ અને ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ પર કિલોમીટર દીઠ સૌથી વધુ મૃત્યુ અને ઈજાઓ નોંધાઈ છે. ડેટા અનુસાર, ૨૦૨૩માં તે રસ્તાઓ પર કિલોમીટર દીઠ ૧૦ મૃત્યુ થયા હતા. અકસ્માતો નિવારવા રિપોર્ટમાં કેટલાક સૂચનો પણ કરવામાં આવ્યા છે, જેમાં ગતિ મર્યાદા ઘટાડવા ઉપરાંત, મોટરસાઇકલ હેલ્મેટ, સીટ બેલ્ટ, વધુ ચાલવા યોગ્ય માર્ગ બનાવવા, સુરક્ષિત ફૂટપાથો અને સાઇકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો અમલ વધારવો, વગેરેનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)

## મહારાષ્ટ્ર રાજ્ય

રજા હોવા છતાં, વિધાનસભાનું કામકાજ ચાલુ રહેશે. હોળીના અવસર પર ૧૩ માર્ચ ૨૦૨૫ના રોજ રજા જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદે, વિધાનસભાના અધ્યક્ષ એડ. રાહુલ નાર્વેકર, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, સંસદીય બાબતોના પ્રધાન ચંદ્રકાંત પાટીલ, પ્રધાનો રાધાકૃષ્ણ વિખે પાટીલ, ગિરીશ મહાજન, શંભુરાજ દેસાઈ, ધારાસભ્યો પ્રસાદ લાડ, પ્રવીણ દરેકર, એડ. અનિલ પરબ, હેમંત પાટીલ, શ્રીકાંત ભારતીય, છગન ભુજબળ, જીતેન્દ્ર આવ્હાડ, ડો.નીતિન રાઉત, રણધીર સાવરકર, અમીન પટેલ, વિધાન સચિવ (૧) જીતેન્દ્ર ભોલે, સચિવ (૨) વિલાસ આઠવલે સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોરે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભાગ લીધો હતો.

## વડાલામાં

પામેલા ૧૮ મહિનાના બાળકની ઓળખ વરદાન લોંઢે તરીકે થઇ હતી. વડાલામાં મંદિર નજીક ઝૂંપડપટ્ટીમાં રહેનારી પ્રિયા નિખિલ લોંઢે (૨૯) તેના પુત્ર વરદાન સાથે બાળારામ ખેડેકર માર્ગ પરના ફૂટપાથ પર સૂતી હતી ત્યારે મોડી રાતે પુરપાટ વેગે આવેલી કારને બંનેને અડફેટમાં લીધાં હતાં. આ અકસ્માતમાં બંનેને ગંભીર ઇજા પહોંચતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં, જ્યારે ડોક્ટરોએ વરદાનને તપાસીને મૃત જાહેર કર્યો હતો. પ્રિયા લોંઢે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું પોલીસે જણાવ્યું હતું. દરમિયાન અકસ્માત બાદ સ્થાનિકોએ કારચાલક કમલ વિજય રિયા (૪૬)ને તાબામાં લીધો હતો.

## નીલમ ગોરે

જવાબ આપતાં કહ્યું છે કે તે આ રીતે જ રહેવું જોઈએ. તેઓ પોતે પણ મર્સિડીઝમાં ફરે છે, તો પછી તેમની પ્રિય બહેનોને પગાર કેમ નથી મળતો? તેઓ આ કેમ જોતા નથી? દરમિયાન સંજય રાઉતે પણ નીલમ ગોરે પર સવાલ ઉઠાવ્યા છે. સંજય રાઉતે આ સમયે કહ્યું હતું કે જો નીલમ ગોરેને ઉદ્ધવ ઠાકરેએ ચાર વાર વિધાનસભ્ય બનાવ્યાં છે, તો શું તેમણે ઉદ્ધવ ઠાકરેને આઠ મર્સીડિઝ આપી છે? તો તેમણે તેમની રસીદો વગેરે લાવવી જોઈએ. આમ કહીને સંજય રાઉતે નીલમ ગોરે પર પ્રહાર કર્યા છે. કૉંગ્રેસના નેતા કિરણ કાલે આજે ઠાકરે જૂથમાં જોડાયાં. ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં પ્રવેશ સમારોહ યોજાયો હતો. આ વખતે ઉદ્ધવ ઠાકરેએ મીડિયા સાથે વાતચીત કરતી વખતે ભાજપ પર જોરદાર પ્રહારો કર્યા છે. ભાજપ ફક્ત ચૂંટણી ખાતર ધાર્મિક કટ્ટરતાને વેગ આપી રહ્યું છે. શું આ તેમનું હિન્દુત્વ છે કે તેઓ માણિકરાવ કોકાટે અને ધનંજય મુંડેનું રક્ષણ કરે છે અને કહે છે કે આ દેશ માટે યોગ્ય નથી?

## સંજય રાઉત

સંદર્ભમાં કાર્યવાહીનો સંકેત આપ્યો છે. હવે મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે સંકેત આપ્યો છે કે માણિકરાવ કોકાટે સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે સંજય રાઉતના આરોપોનો જવાબ આપ્યો છે. સંજય રાઉતે કહ્યું હતું કે મને રાહુલ નાર્વેકર પાસેથી કોઈ અપેક્ષા નથી. હવે રાહુલ નાર્વેકરે એક નિવેદન આપ્યું છે જેમાં કહ્યું છે કે તેમની અપેક્ષાઓ ચકનાચૂર થઈ જશે. આ નિવેદન બાદ કોકાટે સામે કાર્યવાહી થવાના સંકેતો મળી રહ્યા છે.

## દાનવે

આગેવાની હેઠળની પાર્ટીમાં ભ્રષ્ટાચારનો આરોપ લગાવવા બદલ ટીકા કરી હતી.

તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલા ૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય મહોત્સવમાં નીલમ ગોરેએ દાવો કર્યો હતો કે શિવસેના (યુબીટી)માં હોદ્દાઓ નાણાકીય માધ્યમોથી મેળવાયા હતા, જેમાં મર્સીડિઝ કાર ભેટ આપવામાં આવી હતી.

આ બાબતે વળતો પ્રહાર કરતાં વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું હતું કે ગોરેને પક્ષની ગતિશીલતાની કશી ખબર નથી.

મારા પક્ષે મારી પાસે ક્યારે પૈસા માગ્યા નથી. હું ગ્રામીણ વિસ્તારમાં એક સામાન્ય કાર્યકરમાંથી વિરોધી પક્ષનો નેતા બન્યો છું.

જો ગોરેએ સાચું કહ્યું હોત તો ઉદ્ધવ ઠાકરેના ઘરની બહાર મર્સીડિઝ કારની લાઈન હોત.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ભ્રષ્ટાચાર અસ્તિત્વમાં હોત તો તેમણે તેમના કાર્યકાળ દરમિયાન પોતાની કમાણીનો હિસાબ આપવો જોઇએ.

ગોરેએ એવું પણ જાહેર કરવું જોઇએ કે પક્ષ સાથેના તેમના લાંબા જોડાણથી તેમને કેટલો ફાયદો થયો છે.


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## મનન

# દુઃખ આકાંક્ષાને કારણે છે

હેમંત વાળા
feedback@bombaysamachar.com



**શાસ્ત્રોમાં** કહેવાયું છે કે દુઃખના મૂળમાં આકાંક્ષા હોય છે. ક્યારેક એમ પણ કહેવાય છે કે જે તે બાબત સાથેની લિપ્તતા અર્થાત્ સંલગ્નતા દુઃખનું કારણ છે. તો ક્યારેક એમ કહેવાય છે કે દુઃખના મૂળમાં લોભ છે. પરંતુ થોડું ઊંડાણમાં જોતા એમ જણાય છે કે લિપ્તતાને કારણે જ જે તે બાબત પ્રત્યેની આકાંક્ષા ઊભી થાય. લોભને કારણે પણ ધનની આકાંક્ષા જન્મે છે. કામ કે અર્થના મૂળમાં પણ આકાંક્ષા જોવા મળશે. એકંદરે એમ કહી શકાય કે આકાંક્ષા એ જ દરેક દુઃખનું મૂળ છે.

જેટલી આકાંક્ષા જટિલ તેટલું જટિલ તેની સાથે સંકળાયેલું દુઃખ, જેટલી આકાંક્ષા વિસ્તૃત એટલો જ તેનાથી સંભવિત દુઃખનો વ્યાપ વિસ્તૃત. જેટલી આકાંક્ષા મોટી તેટલું દુઃખ મોટું. નાની આકાંક્ષા સિદ્ધ થઈ શકે, તે માટેનો પુરુષાર્થ પણ શક્ય હોય, તે કદાચ ઝડપથી પરિણામ પણ આપી શકે, પરંતુ જ્યારે આકાંક્ષા અતિ વિશાળ હોય ત્યારે તે માટેની પ્રાપ્તિ બહુ મુશ્કેલ બની રહે. જો પ્રાપ્તિ સંભવ ન બને તો દુઃખ પણ એટલું જ વિશાળ હોય. પથ્થર ખસેડી શકાય, શીલાને ખસેડવા થોડો વધુ શ્રમ જોઈએ, પર્વતને ખસેડવાની આકાંક્ષા ન રાખવી જોઈએ. અહીં નિરાશાની વાત નથી, વાસ્તવિકતા સમજવાની વાત છે. અહીં નિરુત્સાહ કરવાની વાત નથી, સામર્થ્યને સમજવાની વાત છે. અહીં નકારાત્મકતાની વાત નથી, સકારાત્મકતા માટેનું ક્ષેત્ર નિર્ધારિત કરવાની વાત છે. આ વાત નીચું નિશાન રાખવા માટેની નથી, વાસ્તવિક પરિસ્થિતિને સમજવાની સલાહ છે. વાસ્તવિકતાને સમજ્યા બાદ નિશાન થોડું ઊંચું રાખી શકાય, પરંતુ તે એટલું ઊંચું તો ન જ હોવું જોઈએ કે જે સિદ્ધ ન થઈ શકે અને અંતે અપાર નિરાશા વ્યાપી જાય, નાસીપાસ થઇ જવાય.

દુઃખ જિંદગીને કારણે નથી આકાંક્ષાને કારણે છે. જિંદગી તો સરસ છે. જિંદગી તો સંભાવનાઓથી ભરપૂર છે. જિંદગી રંગીન છે અને તેમાં દરેક પ્રકારનાં રંગ સમાયેલા છે. જિંદગી પ્રકાશ સ્વરૂપ છે જ્યાં અંધકારને કોઈ સ્થાન નથી. જિંદગી અપાર ક્ષમતાથી ભરેલી છે, માત્ર તે માટેનો પરિશ્રમ કરવો જરૂરી છે. જિંદગી સુંદર પણ છે અને રસિકતા સભર પણ છે. જિંદગી સત્ય સ્વરૂપ છે અને આનંદ સ્વરૂપ પણ છે. જિંદગી એક પુરસ્કાર સમાન છે, જિંદગી પ્રાપ્ત થયેલા એક સન્માન સમાન છે, જિંદગીનું અસ્તિત્વ ઈશ્વરના અસ્તિત્વની સાક્ષી છે, અને જિંદગી તે જ ઈશ્વરના પ્રતિનિધિ સમાન છે. જિંદગી સાથે કોઈ તકલીફ નથી, જિંદગી સાથે કોઈ પ્રશ્ન નથી, પ્રશ્ન આકાંક્ષાનો છે. પ્રશ્ન આકાંક્ષા સાથે ઉદ્ભવતી ઘટનાની શૃંખલાનો છે. આ ઘટના જો ઈચ્છિત પ્રકારની અને ઈચ્છિત માત્રામાં ન હોય – મોટાભાગના કિસ્સામાં જેની સંભાવના વધુ હોય છે – તો અંતે દુઃખની ભાવના જાગ્રત થાય.

જિંદગીમાં ઈશ્વરે દરેક તક આપી છે. નવધા ભક્તિ પણ કરી શકાય, જ્ઞાન માર્ગે આગળ વધી શકાય, યોગ-સાધના માટે પ્રયત્ન કરી શકાય, નિષ્કામ કર્મ કરીને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી શકાય, શાસ્ત્ર તથા ગુરુદેવ પાસેથી માર્ગદર્શન મેળવી આધ્યાત્મિકતા તરફનો પ્રવાસ શરૂ કરી શકાય, રુચિ અનુસાર પોતાના ઇષ્ટદેવનું શરણું સ્વીકારી શકાય, અને ધર્મ અને સત્યના સિદ્ધાંત પ્રમાણે જીવન વ્યતીત થઈ શકે. મજાની વાત એ છે કે, ક્યારેક એમ જણાય છે કે, આ બધી બાબતોમાં પણ ક્યાંક આકાંક્ષા હોય છે. સમજવાની વાત એ છે કે આકાંક્ષા સાત્વિક પણ હોઈ શકે, રાજસી પણ હોઈ શકે, અને તામસી પણ. જે પ્રકારની આકાંક્ષા તે પ્રકારનું દુઃખ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, કોઈપણ કાર્ય પાછળ આ ચારમાંથી એક પુરુષાર્થ હાવી રહે છે. અહીં પણ આકાંક્ષા તો છે જ. પરંતુ જો આકાંક્ષા ધર્મ અને મોક્ષ લક્ષી હોય તો તેનું હકારાત્મક પરિણામ આવે, અન્યથા પરિણામ નકારાત્મક અને દુઃખદ બની રહે.

આકાંક્ષાથી દુઃખ જન્મે છે તે લગભગ બધા જાણે છે, પણ તેનાથી મુક્ત થઈ શકાતું નથી. આકાંક્ષા એક રીતે વ્યસન સમાન છે. જીવનમાં નિતનવા સોપાન સિદ્ધ કરીને આગળ વધવાનું મન દરેકને હોય છે, અને હોવું પણ જોઈએ. પ્રગતિ અને વિકાસ માટે આ પ્રકારની માનસિકતા જરૂરી પણ છે. વ્યક્તિ આગળનું વિચારે તો જ આગળ વિકસી શકે. વ્યક્તિ કંઈક વધુ આકાંક્ષા રાખે તો જ પ્રગતિ સંભવ બને. જો દુન્યવી પ્રગતિની જ વાત કરવી હોય, દુનિયાની દ્રષ્ટિએ જેને સફળતા કહેવાય તેની વાત કરવી હોય, તો આ દલીલ યોગ્ય છે. પણ જો સંતોષની વાત કરવી હોય, માનસિક શાંતિની વાત કરવી હોય, આધ્યાત્મિક પ્રગતિની વાત કરવી હોય, જીવનથી મુક્ત થવાની વાત કરવી હોય તો કોઈપણ પ્રકારની અપેક્ષા, આશા કે કામના બાધારૂપ બની શકે. કોઈક સમયે તો તેનો અંત આવવો જોઈએ. સમગ્ર અસ્તિત્વ જ્યારે દુન્યવી આકાંક્ષામાં – તેના સમીકરણમાં સંલગ્ન હોય તો ચિત્ત શાશ્વત સત્ય તરફ દ્રષ્ટિ જ ન કરી શકે. દુઃખનું આ મૂળ છે.

પ્રત્યેક આધ્યાત્મિક બાબત સાથે પણ આકાંક્ષા સંકળાયેલી હોય છે. આ આકાંક્ષાના પ્રકાર દ્વારા જ માર્ગ નક્કી થતો હોય છે. પણ આમ માત્ર પ્રારંભિક તબક્કામાં થતું હોય છે. જ્યારે પ્રવાસ આગળ વધી જાય ત્યારે આકાંક્ષા પણ શૂન્યમાં પરિણામે. ઉપર ચઢવા માટે નિસરણી સમાન આ વાત છે. સાધન તરીકે નિસરણી જરૂરી છે પરંતુ ઉપર પહોંચી ગયા પછી નિસરણી અસંદર્ભિક બની રહે. પછી નિસરણીનો ત્યાગ કરવાનો હોય. પછી નિસરણી પાસે કોઈ અપેક્ષા ન હોય, નિસરણીના અસ્તિત્વ માટેની આકાંક્ષા ન હોય. પૂર્ણ સ્થિતિને પામ્યા પછી, પરમની અનુભૂતિ કર્યા પછી, સત્યનો સાક્ષાત્કાર કર્યા પછી, કોઈપણ સાધનની અપેક્ષા કે આ આકાંક્ષા ન હોય. ■

# ભગવાન શિવનો અર્થ છે કલ્યાણ, કયો ધર્મ કલ્યાણની ના પાડી શકે?

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



**શંકર** કોણ છે ? 'ओमकार मूलं तुरीयं' ચોથી અવસ્થા છે. ન સ્વપ્ન, ન સુષુપ્તિ, ન જાગ્રત, હે મહાદેવ, બાપ! તું તો તુરીય છે. તું તો તુરિયાવસ્થાનો પાદશાહ છે. અ,ઉ,મ, એ ત્રણે ગુણોના પ્રતીક છે, ત્રણ અવસ્થાઓના પ્રતીક છે. ત્રિભુવનનો પ્રતીક છે. શું નથી ? અ,ઉ,મ, વિજ્ઞાન છે ઓમકાર. ઈશ્વરનો વાચક શબ્દ છે ઓમ. તેથી જ્ઞાની લોકો કોઈ નામનો ઉચ્ચાર નથી કરતાં, ફક્ત ઓમ,ઓમ,ઓમ કરે છે.

ઘંટનાદ થાય છે ને, તે ખૂબ વૈજ્ઞાનિક છે. એમાં જે નાદ નીકળે છે, વર્તુળાકાર, એ ઓમનો જ ધ્વનિ છે. ઓમ, ઓમ, ગૂંજે છે. આપણા મંદિરનું જે વાસ્તુશાસ્ત્ર છે, એમાં પણ જ્યારે એક 'ઓમ' મેળવવામાં આવે તો એક ધ્વનિ પેદા થાય છે. એવી રીતે આપણે ત્યાં મંદિરોના શિલ્પ, વૈજ્ઞાનિક ઢબે થયા છે. આદિ ઈશ્વરનો વાચક શબ્દ છે 'ઓમ'. ૐ વાચક શબ્દ છે, ૐ પ્રણવ છે. વેદનો બોધક છે. એ જગતનું મૂળ છે. પણ હે મહાદેવ, ઓમકારના પણ ઈશ્વર, ઓમકારનુંયે મૂળ એ તું છે. તારામાંથી ઓમકાર નીકળે છે, ઓમકારનું ફૂલ નીકળે છે, તારી જડોમાંથી, તારા મૂળમાંથી, ઓમકાર ફૂટ્યો છે. તારી જડની કોઈ જડ નથી.

યુવાન ભાઈ-બહેનો, સાંભળો. 'અયોધ્યાકાંડ'ના મંગલાચરણનો પહેલો મંત્ર તુલસીદાસજીએ શંકર અને પાર્વતીની વંદના કરતાં લખ્યો છે. અયોધ્યા એટલે યૌવન અને યુવાનીમાં જે માણસ કોઈની સાથે કજિયા-કંકાસ કરી-કરીને પોતાની ઊર્જાને ખરચી ન નાખે એવી યુવાનીનું નામ છે 'અયોધ્યાકાંડ'. અને 'અયોધ્યાકાંડ'ને રમણીય બનાવવો હોય તો તમે ગમે તે સંપ્રદાય કે ગમે તે ધર્મના હો પણ તમારે શંકરને સ્મરવા પડશે. શંકર એ યુવાનીનું જતન કેમ કરવું એનું શિક્ષણ આપે છે. એટલે તુલસીએ શિવની વંદના મંગલાચરણમાં કરી. એક વસ્તુ સમજી લેજો, શિવ શિવ છે. હું ગાઉં છું રામને,પણ રામ કરતાંય માનું છું વધારે શંકરને. એનો જેવો કોઈ દેવ નહીં. ભગવાન શંકર રાસનો પણ દેવ છે અને હ્રાસનો પણ દેવ છે. 'શિવ'નો અર્થ છે કલ્યાણ. કયો ધર્મ કલ્યાણનો ઇનકાર કરી શકે? તો,યુવાનો માટે બહુ પથદર્શક છે મહાદેવની સ્તુતિ. એટલે પહેલો શ્લોક-

यस्याइके च विभाति मधुरसुता देवापगा मस्तके
भाले बालविधुर्गले च गरलं यस्योरसि व्यालराट्
सोडयं भूतिविभूषण : सुरवर : सर्वाधिपः सर्वदा
शर्व : सर्वगत : शिव : शशिनिभ : श्रीशङ्कर
: पातु माम् ।।

હે યુવાન ભાઈ-બહેનો,મંગલાચરણમાં શિવવંદના કરીને તુલસી એમ કહેવા માગે છે કે હે યુવાન,જુવાનીમાં તારાં લગ્ન થશે. 'અયોધ્યાકાંડ'ને પૂજ્ય ડોંગરેબાપા 'જુવાનીનો કાંડ' કહેતા હતા. ત્યાં યુવાનોને સંકેત છે. ગોસ્વામીજીનો આપણા સૌ માટે કદાચ ત્યાં એવો ઈશારો છે કે યુવાન,યુવાનીમાં તારા લગ્ન થાય ત્યારે શિવનાં દર્શન કરતાં-કરતાં એવું શીખજે અને ભગવાન શિવે પાર્વતીને જે રીતે આદર આપ્યો એ રીતે તું પણ ઘરમાં આદર આપજે. મર્યાદા ન તૂટવી જોઈએ. આ સુંદર દામ્પત્યનો નમૂનો છે. શિવજીની ડાબી બાજુએ જેમ હિમાલયપુત્રી બિરાજમાન થાય છે એમ દામ્પત્ય આવું સરસ રાખજે, તારી ધર્મપત્નીને તું આટલો આદર આપજે અને એને હ્રદયના ભાગમાં બેસાડજે.

શંકરની જટામાંથી ગંગા નીકળે છે એમ હે યુવાન, તારી બુદ્ધિ વિવેકની ગંગા રાખજે. શંકરના કપાળમાં બાલચંદ્ર છે; હે યુવાન, સંયમથી તેજ વધશે, તારા લલાટમાં તપનું તેજ રાખજે. અને એ પૂર્ણચંદ્ર નહીં; પૂર્ણચંદ્રને કૃષ્ણપક્ષ લાગુ પડશે,'હજી માટે વિકસિત થવાનું છે',એમ તારી યુવાનીમાં સંકલ્પ કરજે. મહાદેવે ઝેર પીધું છે; હે યુવાન,યુવાનીમાં તારે ઘણું બધું સહન કરવું પડશે, ત્યારે એ વિષને કંઠમાં રાખજે; એટલે 'નીલકંઠ' બનજે. શંકરનાં આભૂષણોમાં સર્પોનાં ઘરેણાં છે. કવિ 'કલાપી' એ લખ્યું છે, 'જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી' જે પોષે છે એ જ મારે છે. હે યુવક, તું આભૂષણ પહેરજે, પરંતુ સાવધાની રાખજે કે એ ભૂષણ ભુજંગ બનીને તને દંશ ન દે. કોઈ યુવક સારાં કપડાં-ઘરેણાં પહેરે તો ધર્મએ એની આલોચના ન કરવી જોઈએ,એને સાવધાન કરવો જોઈએ. વિવેક શીખવવો એ ધર્મનું ક્ષેત્ર છે. ભગવાન શંકરે વિભૂતિનું લેપન કર્યું છે. એના બે અર્થ; એક અર્થ એ છે કે શરીર ભસ્મ છે. એ યાદ રાખવું,બીજો અર્થ,આ શરીરનો તું સદુપયોગ કરીશ તો તું ઐશ્વર્ય પામીશ. વિભૂતિ એટલે ઐશ્વર્ય. 'શિવસૂત્ર'માં ભગવાન શિવ કહે છે,- આપણું અંતિમ સૂત્ર-જ્ઞાન જ તારું ભોજન છે. જ્ઞાન જ તારું અન્ન છે, તું આત્મા છે, તું જીવ છે એ ભ્રાંતિમાં ન રહીશ, તને લોકોએ જીવાત્મા કહીને ભૂલવામાં નાખી દીધો છે. અને સિંહના સંતાન ! તે માની લીધું કે તું બકરીનું બચ્ચું છે ! તું છે આત્મા. તારા આત્માનો ખોરાક શું છે? આપણે શરીર પાસે તો બહુ ઉપવાસ કરાવ્યા. પણ આત્માને ઉપવાસ કરાવશો નહીં. આત્મા જ્ઞાન સિવાય રાજી નથી થતો. જ્ઞાન જ એનો ખોરાક છે. એનો અર્થ એવો નથી કે જ્ઞાન એટલે બહુ સુંદર કથા કહી દો, બહુ સરસ દૃષ્ટાંત આપી દો, સ્તોત્ર, કવિતા વગેરે યાદ રહી જાય ! આ બધી માહિતી છે. જ્ઞાનનો અર્થ છે શિવની દ્રષ્ટિમાં 'જાગૃતિ-પ્રકાશ' ઉજાલા, હોશ ! તમારી જાગૃતિ જ તમારા આત્માનો ખોરાક છે તું હોશમાં આવ ! આપણે શરીરને તો બહુ ભોજન આપ્યું. પણ આત્માને ઉપવાસી રાખ્યો. શરીરને ભોજન ન આપવું એવી વાત નથી. પણ આત્માને ઉપવાસી ન રાખો. આત્માને જ્ઞાનનું ભોજન આપો. રોજ આત્માને ભોજન મળે એ માટે સત્સંગ કરો. સત્સંગ આત્માનો ખોરાક છે. આ ઉપવાસ આપણે ક્યારે કરીએ છીએ? સત્કર્મમાં લાગી જઈએ તો ઉપવાસ કરીએ છીએ. યજ્ઞ કરીએ છીએ, ત્યારે ઉપવાસ કરીએ છીએ. યજ્ઞ તો બડા ઉત્સવ હૈ,એ દિવસે ભૂખ્યા રહેવાની શું જરૂર? યજ્ઞમાં આપણે આત્માને ભોજન કરાવીએ છીએ,એટલે દેહનું ભોજન છૂટી ગયું. સત્કર્મમાં ઉપવાસ શા માટે કરવાનો ! ખૂબ મનોવૈજ્ઞાનિક શિરસ્તો છે. ઋષિઓનો તમે જન્માષ્ટમીનો મહોત્સવ મનાવી રહ્યા છો, કીર્તન કરી રહ્યા છો, નાચી રહ્યા છો, આનંદમાં ડૂબ્યાં છો, તમારા આત્માને ખોરાક આપી રહ્યા છો, તો આત્માને ખોરાક મળી રહ્યો છે તેથી શરીરને ઉપવાસ કરાવો શરીરને તારે ખવડાવતા નથી,આજે આપણે આત્માને ભોજન કરાવીએ છીએ. ઉપવાસ શરીરને કરાવીએ છીએ. રોજ સત્સંગ કરો,રોજ સ્વાધ્યાય કરો. જ્ઞાન જ તારું અન્ન છે.

આભૂષણો પહેરેજે,પણ એ ભૂષણ ભુજંગ ન બની જાય એનું ધ્યાન રાખજે. શરીર પરણી ભસ્મ સંકેત કરે છે કે આ કાયા એક દિવસ ભસ્મ પણ બનશે એટલે તું નિરાશ ન થા,પણ નાશવંતતાનું સ્મરણ રાખજે. કલ્યાણકારી વિચાર રાખજે. આ રીતે 'અયોધ્યાકાંડ'નો આરંભ માર્ગદર્શક લાગે છે.

(સંકલન : જયદેવ માંકડ)■

## અલૌકિક દર્શન

# પૃથ્વીનો ઉદ્ધાર

ભાણદેવ
bhandev@bombaysamachar.com



આ પ્રથમ તત્ત્વ દ્વારા, તેના માધ્યમથી બ્રહ્માજી અન્ય સૃષ્ટિની રચના કરે છે. જેમ પુરુષ સ્ત્રીના માધ્યમથી સંતાન ઉત્પન્ન કરે છે, તેમ બ્રહ્માજીએ પ્રથમ તત્ત્વ દ્વારા અન્ય સૃષ્ટિની રચના કરી. આ દ્વિતીય પ્રક્રિયા દરમિયાન જે પ્રથમ તત્ત્વ હતું તેણે પત્નીની ભૂમિકા ભજવી, તેમ રૂપકાત્મક ભાષામાં, પૌરાણિક કથાશૈલીની પદ્ધતિમાં કહી શકાય.

ઉત્પત્તિના પ્રથમ તબક્કામાં જે તત્ત્વ પુત્રીરૂપ હતું તે જ તત્ત્વ આ દ્વિતીય તબક્કામાં પત્નીની ભૂમિકારૂપ બને છે. પત્ની સંતાનની ઉત્પત્તિ માટે માધ્યમ બને છે. તે જ રીતે પ્રથમ તત્ત્વ પણ સૃષ્ટિની ઉત્પત્તિનું માધ્યમ બને છે. આ એકસમાનતાને કારણે તેને પત્નીની ઉપમા આપવામાં આવેલ છે.

સૃષ્ટિ-ઉત્પત્તિની પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં પ્રથમ તત્ત્વ બ્રહ્માજીનું સર્જન છે, તેથી તે સંતાન છે, પુત્રી છે તેને જ સરસ્વતી કહે છે. સંતાન પિતાનું સર્જન છે. આ પ્રથમ તત્ત્વ બ્રહ્માનું સર્જન છે, આ સમાનતાના કારણે કથાશૈલીમાં તેને પુત્રી કહેલ છે. જેમ જળપ્રવાહ સરતો-સરતો આવે છે, તેમ પ્રેરણા પણ જળપ્રવાહની જેમ સરતી-સરતી આવે છે, તેથી તેને સરસ્વતી નામ આપવામાં આવેલ છે.

આ પ્રથમ તત્ત્વ જ દ્વિતીય તબક્કામાં સર્જનનું માધ્યમ બને છે. માધ્યમ બનવાને નાતે તેનું પત્ની સાથે સાદૃશ્ય ગણવામાં આવે છે, કારણ કે પતિ માટે પત્ની સંતાનોત્પત્તિની ક્રિયામાં માધ્યમ બને છે. આ સાદૃશ્યને કારણે આ જ તત્ત્વને દ્વિતીય તબક્કામાં પૌરાણિક શૈલીથી પત્ની કહેલ છે.

આમ જે તત્ત્વ પુત્રીસમાનધર્મા છે, તે જ તત્ત્વ પત્નીસમાનધર્મા પણ બને છે. બ્રહ્માજી પોતાની પુત્રી સરસ્વતી સાથે કામક્રીડા માટે તત્પર થયા તેનો આવો અર્થ છે. કામક્રીડા એટલે સર્જનપ્રક્રિયા. સૃષ્ટિસર્જનની પ્રક્રિયાને સાંકેતિક ભાષામાં અહીં કામક્રીડા ગણેલ છે, કારણ કે કામક્રીડા વસ્તુતઃ સર્જનની જ પ્રક્રિયા છે. બંનેમાં સર્જનનું તત્ત્વ સમાન છે.

બ્રહ્મા પોતાની પુત્રી સાથે કામક્રીડા માટે તત્પર થયા, એટલે બ્રહ્માજી પોતે ઉત્પન્ન કરેલ પ્રથમ તત્ત્વ દ્વારા દ્વિતીય ભૂમિકાનું સર્જન કરવા માટે તત્પર થયા.

તાત્ત્વિક સત્યને અહીં પૌરાણિક કથાશૈલીની પદ્ધતિથી પાત્રો અને પ્રસંગોના રૂપ દ્વારા અભિવ્યક્ત કરેલ છે.

આમ બ્રહ્માજી અને સરસ્વતીમાં પાત્રો અને તેમના પ્રસંગ દ્વારા સૃષ્ટિસર્જનનું તત્ત્વ અભિવ્યક્ત કરવામાં આવેલ છે. આ કથા દ્વારા પુરાણકાર સૃષ્ટિસર્જનની તાત્ત્વિક પ્રક્રિયા સમજાવે છે.

આટલું સમજ્યા પછી બ્રહ્મા-સરસ્વતીનો આ પ્રસંગ વાંચીને કે સાંભળીને કોઈએ દ્વિધા કે સંશય અનુભવવાની જરૂર નથી. કોઈએ લજ્જા પણ અનુભવવાની જરૂર નથી. કોઈએ મોં મચકોડવાની પણ જરૂર નથી.

આપણાં પુરાણોની કથાને આ રીતે સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાની જરૂર છે તેટલું સમજવાની આ પ્રસંગ દ્વારા પ્રેરણા મળવી ઘટે.

***

એકવાર મહારાજ મનુએ હાથ જોડીને બ્રહ્માજીને પ્રશ્ન પૂછ્યો: 'હે પિતાજી! અમે આપની શી સેવા કરીએ?'

મહારાજ મનુનો આ પ્રશ્ન સાંભળીને બ્રહ્માજી પ્રસન્ન થયા. પ્રસન્ન થઈને બ્રહ્માજીએ મનુ મહારાજને આજ્ઞા આપી: 'પ્રજા ઉત્પન્ન કરો, પ્રજાનું ધર્મપૂર્વક પાલન કરો તથા યજ્ઞ દ્વારા હરિનું યજન કરો.'

બ્રહ્માજીની આવી આજ્ઞા સાંભળીને મહારાજ મનુ કહે છે: 'હે ભગવન્! અમે આપની આજ્ઞા પ્રમાણે વર્તીશું, પરંતુ અમારા માટે કોઈ સ્થાન આપો, કારણ કે પૃથ્વી તો અત્યારે રસાતલમાં ગયેલી છે અને જળમાં ડૂબેલી છે.'

બ્રહ્માજી પૃથ્વીને રસાતલમાંથી બહાર કેમ કાઢવી તેનો વિચાર કરતા હતા તેવામાં તેમના નાકમાંથી એક ભૂંડનું બચ્ચું નીકળ્યું. પ્રથમ તો તે અંગૂઠા જેવડું જણાયું, પરંતુ ધીમેધીમે તેનું કદ વધવા લાગ્યું અને તે પર્વતની મોટી શીલા જેવડા કદનું અને ભૂંડના આકારવાળું બની ગયું. આ મહાન કદનું ભૂંડના આકારનું પ્રાણી તે વસ્તુતઃ ભગવાન શ્રીવિષ્ણુનો વરાહાવતાર હતો.

થોડી વારમાં વરાહભગવાન પ્રચંડ વેગથી સમુદ્રમાં પ્રવેશ્યા. પ્રચંડ વેગથી જળમાં પ્રવેશીને ખૂબ ઊંડાણમાં જતા વરાહભગવાને રસાતલમાં પૃથ્વીને પોતાના દંતશૂળ પર ધારણ કરી અને પૃથ્વીને લઈને તેઓ વેગપૂર્વક બહાર આવતા હતા ત્યારે અધવચ્ચે હિરણ્યાક્ષ નામનો એક અસુર ગદા લઈને ભગવાન સામે લડવા માટે આવ્યો. ભગવાન વરાહે લીલામાત્રમાં તે રાક્ષસનો વધ કરી નાખ્યો.

અસુરનો વધ કરીને પુનઃ પૃથ્વીને પોતાના દંતશૂળ પર ધારણ કરી ભગવાન વરાહ જળમાંથી બહાર આવ્યા અને પૃથ્વીને જળની ઉપર સ્થાપિત કરી. આ રીતે ભગવાન વરાહે પૃથ્વીને રસાતલમાંથી બહાર કાઢી, પૃથ્વીનો ઉદ્ધાર થયો અને પૃથ્વી માનવ વસવાટ માટે લાયક બની.

આ નાની અને સરળ કથામાં ગહન આધ્યાત્મિક અને તાત્ત્વિક રહસ્ય છુપાયેલું છે, પરંતુ તે માટે આ કથાના સૂક્ષ્માર્થનું ઉદ્ઘાટન કરવું આવશ્યક છે. આ કથાનું સ્વરૂપ જ એવું છે કે આ કથાને સ્થૂળ અર્થમાં સમજી શકાય તેમ નથી. તેના સૂક્ષ્માર્થમાં જવું અનિવાર્ય છે. આ કથાના સ્થૂળ સ્વરૂપનો વિચાર કરતાં કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ પ્રશ્નો જોઈને પછી આપણે તેના સૂક્ષ્માર્થને ખોલવાનો પ્રયત્ન કરીએ.

૧. પૃથ્વી એટલે શું?
૨. રસાતલ એટલે શું?
૩. પૃથ્વીનું રસાતલમાં જવું એટલે શું?
૪.ભગવાન વરાહ કોણ છે?
૫. હિરણ્યાક્ષ કોણ છે?
૬. પૃથ્વી માનવ-વસવાટને લાયક બની એટલે શું?
૭. યજ્ઞ એટલે શુ?
૮. ભગવાન વરાહને યજ્ઞસ્વરૂપ ગણવામાં આવે છે તેનો અર્થ શો છે?

૧. પૃથ્વી એટલે શું?

આ કથામાં પૃથ્વીનો અર્થ આપણે જેને સૂર્યમંડળનો એક ગ્રહ ગણીએ છીએ તે પૃથ્વીનો ગોળો નથી. પૃથ્વી એટલે પંચભૂતાત્મક સૃષ્ટિ. પંચીકરણની પ્રક્રિયા પ્રમાણે પૃથ્વી પાંચે ભૂતોના સંમિલનથી બનેલી છે. તેથી આ કથામાં પૃથ્વીનો અર્થ માત્ર 'પૃથ્વી' નામનું મહાભૂત જ નહીં, પરંતુ પાંચે મહાભૂતોના સંમિશ્રણથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિ. વૈદિક ભાષામાં કહીએ તો પૃથ્વી એટલે ભૂલોક.પૃથ્વી એટલે બ્રહ્માંડવ્યાપી પંચભૂતાત્મક સૃષ્ટિ.

૨. રસાતલ એટલે શું?

પૌરાણિક બ્રહ્માંડવિદ્યા (cosmology) પ્રમાણે બ્રહ્માંડ ચૌદ લોકનું બનેલું છે: સાત નીચેના લોક અને સાત ઉપરના લોક. સાત નીચેના લોક આ પ્રમાણે છે: અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, અને પાતાલ. સાત ઉપરના લોક આ પ્રમાણે છે: ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોક. (ક્રમશઃ)■



પ્રકરણઃ ૩

# જમનો

**અનિલ રાવલ**

આખા પંથકમાં ઘોડા ડાક્ટર તરીકે પ્રખ્યાત પશુઓના એકમાત્ર ડોક્ટર જાની કાનમાં સ્ટેથોસ્કોપ ભરાવીને બચુ સુથારના ફળિયામાં ચત્તિપાટ પડેલી ગાયના ધબકારા ગણી રહ્યા હતા. ગાયનું આખું શરીર ધમણની જેમ ઊંચુંનીચું થઇ રહ્યું હતું. નગરશેઠ, સરપંચ, જમન, અરજણ, બચુ સુથાર, એની પત્ની લખમી ઘોડા ડાક્ટરનું મોઢું જોતા ઊભાં હતાં. માત્ર બચુના પાંચ અને આઠ વરસના બે દીકરા ગાયની પાસે બેસીને ગાય પર પોતાના કુમળા હાથ ફેરવી રહ્યા હતા. ઘોડા ડાક્ટરે એની ઘસાઇ ગયેલી ચામડાની બેગમાંથી ઢોરને પીવરાવવાનો વાંસનો બાંબુ કાઢીને શીશીમાંથી એમાં દવા નાખી. પછી મદદની આશાએ અરજણિયાની સામે જોયું. એણે અને બચુએ ગાયનું જડબું ખોલ્યું. જેમતેમ કરીને દવા એના મોંઢામાં રેડી. દવા પીવરાવીને ઘોડા ડાક્ટરે એલાન કરતા હોય એમ કહ્યુંઃ 'આપણે કોશિશ કરવી રહી, પણ કદાચ આજની રાત નહીં કાઢે.' લખમીએ ડૂસ્કું મૂક્યું. જમન કોઇ અમંગળ ઘટનાને પામી ગયો હોય એમ બહાર નીકળી ગયો. મનમાં આશંકા અને ચિંતા સાથે બધા છૂટા પડ્યા. એક ગાયનું મોત અને બીજી મોતને રસ્તે.

જમન ખુલ્લાં આકાશને તાકતો અને પડખાં ઘસતો ખાટલામાં પડ્યો હતો. આકાશમાં તારાઓની ફરતી દિશા જોઇને કેટલા વાગ્યા હશે એનું અનુમાન કરી લેનારા જમને જોયું કે લગભગ ત્રણ વાગ્યા હશે. એણે સૂવાની કોશિશમાં આંખો મીંચી કે કોઇએ એને ઢંઢોળ્યો. એ સફાળો બેઠો થઇ ગયો. એ અરજણ હતો. બન્નેનાં પગલાં એક ચોક્કસ ઘર તરફ જતા હતા. શેરીઓ સૂમસામ હતી. ઘરોમાંથી હજી ઘંટી ચાલવાનો લયબદ્ધ અવાજ શરૂ થયો નહતો. ભાભાઓના કર્કશ ખોંખારા ય સંભળાતા નહોતા. ગાડાં જોડાવાને પણ વાર હતી. હજી તો ભળભાંખળું પણ થયું નહતું. જમનના ખાસડાનો અવાજ ઠંડી પરોઢ અને નીરવ શાંતિમાં ખલેલ પહોંચાડતો હતો. બેઉ જેમજેમ આગળ જતા ગયા તેમ તેમ બચુ સુથારના ઘરમાંથી આવતો રોકકળનો અવાજ અરજણને સંભળાવા લાગ્યો, પણ જમનને નહીં. એને કાન સાથે કોઇ સંબંધ નહતો...એનો નાતો માત્ર આંખ સાથે હતો. આંખ જે જુએ એ સાચું. હવે એણે જે જોવાનું હતું એજ સત્ય હતું. મન ન માને તોય એનો સ્વીકાર કરવો પડે એમ હતો...કારણ એ સાંભળેલી વાત નહતી, આંખે જોયેલી ઘટના હતી. શેરીમાં ઘોડા ડાક્ટર મળ્યા. અબોલ જીવને પોતે બચાવી શક્યા નથી એવા અપરાધભાવ સાથે જમન સાથે આંખ મિલાવ્યા વિના જ બાજુમાંથી નીકળી ગયા. બચુ સુથારના ઘરે બનેલી ઘટના રઘુના ઘરમાં બનેલી ઘટનાનું પુનરાવર્તન હતું. ફરક એટલો હતો કે પહેલી ઘટના સીમમાં બની હતી અને બીજી ઘરમાં. હવે ચિંતા વધી ગઇ. શંકાનાં વાદળો વધુ ઘેરાયાં. બધા પોતપોતાની બુદ્ધિ પ્રમાણે વિચારતા હતા. ગાયોએ કોઇ ઝેરી ઝાડપાન ચરી લીધા હશે કે હવાડાનું ઝેરી-દૂષિત પાણી પીધું હશે....કે કોઇએ ઝેર તો આપી નહીં દીધું હોયને, પણ ગામમાં કોઇને કોઇ માટે મનમાં ઝેર નથી કે નથી કોઇ વેરઝેર, પણ જમનના મનમાં કોઇ બીજા જ તર્કબદ્ધ વિચારો ઘૂમરાતા હતા. ઝેરી ઝાડપાન ખાધા હોય કે કોઇએ ઝેર આપ્યું હોય તો મોંઢામાંથી ફીણ નીકળે....પેટમાંથી કંઇક મળી આવે, પરંતુ ઘોડા ડાક્ટરે પણ કોઇ પ્રમાણ આપ્યું નથી કે જીવલાએ પણ કોઇ પુરાવો આપ્યો નથી. ગાયોના મોતની પાછળ નક્કી કોઇ અકળ કારણ છે. એક મૂંગો જીવ બીજા અબોલ જીવ વિશે વિચારી રહ્યો હતો.


**************

એ પછી બેચાર દિવસ ગામમાં ભારે અજંપો રહ્યો. ગામ પર ગાયોના મોતના ભયનો ઓછાયો પથરાયેલો રહ્યો. ગાયને ચરાવવા માટે જમનને સોંપતા જીવ ચાલતો નહીં. જમન ગાયોને લઇને શેરીમાંથી નીકળે એટલે લોકો એને શંકાભરી આંખે જોવા બહાર આવે. કોઇ પોતાની ગાયની સાથે પાદર સુધી મૂકવા જાય. કોઇ છેક સીમમાં એની સાથે જ રહે. કેટલાક ગામવાળા એને સલાહ આપે. જોજે વાંહળી વગાડવા બેહી જાતો નૈ...ગાય શું ચરે છે એનું ધ્યાન રાખજે. તારે તો નહીં હાંભળવું કે નહીં બોલવું...પણ ભગવાને આંખો તો આપી સેને...

જમનની લાખ દરકાર અને ગામવાળાઓની હજાર સૂચના અને સલાહ છતાં ફરી કોઇ ગામવાળાની ગાયને મોત ભરખી ગયું. ફરી ગામમાં સન્નાટો છવાઇ ગયો. ફરી ગાયોનું અકાળે થતું મૃત્યુ અને જમન ચર્ચામાં આવ્યા. ગાયોના મરવાના કિસ્સા વધતા ગયા. ગામમાં એક પછી એક ગાયો મરવા લાગી એટલે લોકોએ પોતાની ગાયોને ચરવા મોકલવાનું બંધ કર્યું, પણ બધાના આશ્ચર્યની વચ્ચે ઘરમાં, ગમાણમાં ખૂંટે બાંધી રાખેલી ગાયો પણ અકારણ મરવા માંડી. ગાયોની સંખ્યા ઘટવા લાગી. ઘોડા ડાક્ટર કોઇ કારણ પકડી શકતા નથી, કોઇ નિદાન થતું નથી. આખું ગામ ફફડી ઊઠ્યું. આખાય પંથકમાં ગામની વાતું થવા લાગી. ગામને ચોરે જાતજાતની ચર્ચાઓ થવા માંડી. તાજુબની વાત તો એ હતી કે આસપાસના કોઇ ગામમાં આવું બનતું નહતું. તો પછી માત્ર આ ગામ જ કેમ.? આ જ ગામની ગાયોના મરવાનું કારણ શું.? ગાયો ઉપર જ મોત કેમ ભમે છે.? ગામમાં લોકો એકબીજાને મળી જાય ત્યારે ગાય કેમ એવું પૂછી લેવા માંડ્યા. જેના ઘરે ગાય હોય એ પણ દિવસમાં બેચારવાર ગાયને જોઇ-તપાસી લે. કોઇક લોકો તો ગમાણની બહાર ખાટલો ઢાળીને સૂવા લાગ્યા. ગાયોના મોતનું કારણ શોધો. બસ, સૌના મોઢે આ એક જ વાત. નગરશેઠ, સરપંચ, ઘોડા ડાક્ટર અને ગામના મોભીઓ ઉપરાઉપર મીટિંગો કરવા લાગ્યા.

(ક્રમશઃ) ■

> **જોજે વાંહળી વગાડવા બેહી જાતો નૈ... ગાય શું ચરે છે એનું ધ્યાન રાખજે. તારે તો નહીં હાંભળવું કે નહીં બોલવું... પણ ભગવાને આંખો તો આપી સેને...**








## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પ્રવચન | Worship |
| પ્રાર્થના | Renunciation |
| દીક્ષા | Faith |
| આરાધના | Prayer |
| આસ્થા | Sermon |

## ઓળખાણ પડી?



આદિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે એ ભાવનગર જિલ્લાનું જૈન તીર્થ કયા નામથી વધુ જાણીતું છે એ કહી શકશો?

અ) મહુડી બ) અયોધ્યાપુરમ ક) તારંગા ડ) શંખેશ્વર

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | ત્યા | ૨ દ | ૩ ન | | ૪ ભા | ર | ૫ પૂ | ર્વ | ૬ ક |
| | | ૭ બા | ર | ૮ સા | ખ | | જિ | | સ |
| ૯ તો | ૧૦ ર | ણ | | ૧૧ ક્ષા | ર | | ૧૨ ત | ૧૩ લ | બ |
| | સ | | ૧૪ ખ | ત | વ | ણી | | ગ | |
| ૧૫ અ | ભ | રા | મ | | ડી | | ૧૬ એ | ની | ૧૭ મા |
| ૧૮ નુ | ર | | ૧૯ તી | ૨૦ ર | | ૨૧ ખા | ક | | હિ |
| સા | | ૨૨ આ | ધ | ણ | | ૨૩ ઇ | મ | ૨૪ ર | તી |
| ૨૫ ર | ૨૬ જા | | ર | | ૨૭ વ | | | ૨૮ વિ | પ્ર |
| | ૨૯ વ | ૩૦ ખા | | ૩૧ હા | શ | ૩૨ કા | ૩૩ રો | | દ |
| ૩૪ આં | ક | ડા | કી | ય | | ૩૫ શ | મ | ણાં | |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | | |
| ૮ | | | | ૯ | | ૧૦ | | | ૧૧ |
| ૧૨ | | | | ૧૩ | | | | ૧૪ | |
| | | ૧૫ | | | | | ૧૬ | | |
| | ૧૭ | | | | | ૧૮ | | | |
| ૧૯ | | | | | ૨૦ | | | | |
| | | | | ૨૧ | | | | | ૨૨ |
| | | | ૨૩ | | | ૨૪ | ૨૫ | | |
| | ૨૬ | ૨૭ | | ૨૮ | | | | | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

### આડી ચાવી

૧. પ્રસિદ્ધિ, જાહેરખબર (૪)
૫. મોટા પ્રમાણમાં (શેરનું) વેચાણ (૪)
૮. ગરાસનો માલિક (૫)
૧૦. બગીચાની માવજત કરે (૨)
૧૨. બેટ્સમેનને લેવો હોય (૨)
૧૩. ---માં અનાજ પાકે (૩)
૧૪. ઘોંઘાટ, હોબાળો (૨)
૧૫. સાબિતીઓ (જો.છૂ.) (૩)
૧૬. આત્મા વિનાનું, જડ (૩)
૧૭. શ્રેષ્ઠ (૨)
૧૮. આદું (૪)
૧૯. નોંધવાલાયક (૪)
૨૦. બીજી જ્ઞાતિ (૪)
૨૧. ઇર્ષ્યા, ક્રોધ (૩)
૨૩. દુનિયા (૨)
૨૪. કલંક વિનાનો (૪)
૨૬. બૂમ, રાડ (૨)
૨૮. હાલત, પરિસ્થિતિ (૨)
૨૯. અઢળક વાદળો (૫)
૩૦. આગતા સ્વાગતા (૪)

### ઊભી ચાવી

૧. ધાર્મિક કારણોસર જાગવું તે (૪)
૨. પરેશાન (૩)
૩. વૃંદાવનમાં કૃષ્ણે રચાવ્યો (૨)
૪. ત્યારે (૨)
૬. ચામડાનું કામ કરનાર (૩)
૭. સ્ત્રીઓ નાકમાં પહેરે (૨)
૯. ચોકીદાર (૪)
૧૧. રાજનીતિમાં --- આયોજન કરવું પડે (૪)
૧૪. દુર્ઘટના (૪)
૧૫. પૂરઝડપે (૪)
૧૬. સામાન્ય, મામૂલી, રાંક (૩)
૧૭. દુષ્ટોનો --- કરવો જરૂરી (૨)
૧૮. ઇચ્છા, અપેક્ષા, આકાંક્ષા (૪)
૧૯. નોંધ કરવી તે (૩)
૨૦. પખવાડિયું (૨)
૨૧. ઘોડાઓનું સૈન્ય (૪)
૨૨. સતત (૪)
૨૫. કમી, ખોટ (૩)
૨૬. ચોખા, ડાંગર (૨)
૨૭. બીમારને આપો (૨)

## ગુજરાત મોરી મોરી રે

ધ્યાન અને જાતની ઓળખાણ કરાવતા સ્થળ તરીકે જાણીતો શ્રીમદ રાજચંદ્ર આશ્રમ કયા સ્થળે છે એ વિકલ્પમાંથી શોધો.

અ) ઉમરગામ બ) ધરમપુર ક) ચીખલી ડ) વ્યારા

## માતૃભાષાની મહેક

જૈનો શરીરના પાંચ પ્રકાર માને છેઃ ઔદારિક શરીર એટલે બાહ્યસ્થૂલ શરીર, કાર્મણ શરીર એટલે પ્રાણીનાં વિવિધ કર્મોરૂપી શરીર, તૈજસ શરીર એટલે સ્થૂળ શરીરમાં પાચનક્રિયા વગેરે કરનાર શરીર, આહારક શરીર એટલે એક પ્રકારનું સૂક્ષ્મ શરીર અને વૈક્રિય શરીર એટલે યોગસિદ્ધિથી પ્રાપ્ત, નાનું મોટું કરી શકાય તેવું શરીર.

## સુડોકુ-૮૦૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | ૪ | | ૨ | | | ૬ |
| | | ૮ | | ૬ | | ૪ | | ૫ |
| ૪ | ૬ | | | | | | ૧ | ૯ |
| | | ૪ | | ૭ | | ૩ | | |
| | | | ૫ | | ૧ | | | |
| | | ૧ | | ૨ | | ૯ | | |
| ૩ | ૮ | | | | | | ૨ | ૪ |
| ૫ | | ૭ | | ૯ | | ૧ | | |
| ૬ | | | ૮ | | ૩ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૭ | ૩ | ૮ | ૯ | ૫ | ૪ | ૬ |
| ૩ | ૮ | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૭ | ૯ |
| ૯ | ૬ | ૪ | ૭ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ |
| ૮ | ૫ | ૬ | ૪ | ૯ | ૨ | ૭ | ૧ | ૩ |
| ૪ | ૭ | ૯ | ૧ | ૩ | ૮ | ૬ | ૨ | ૫ |
| ૨ | ૩ | ૧ | ૫ | ૬ | ૭ | ૯ | ૮ | ૪ |
| ૬ | ૪ | ૮ | ૨ | ૫ | ૧ | ૩ | ૯ | ૭ |
| ૫ | ૯ | ૨ | ૫ | ૭ | ૩ | ૪ | ૬ | ૧ |
| ૭ | ૧ | ૩ | ૯ | ૪ | ૬ | ૮ | ૫ | ૨ |

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'મારા દેશના સૂડા સારા, જે પરદેશીની કરે પ્રીત' કહેવતમાં સૂડાનો અર્થ જણાવો.

અ) પવન
બ) સરનામાં
ક) પોપટ
ડ) સોપારી

## ઈર્શાદ

*મારી જ ભીતર રહીને ધબકે તું બીજા માટે?*
*નૈં થાય, હૃદય! આવો ઉપહાસ સહન નૈં થાય.*

*અનિલ ચાવડા*

## માઈન્ડ ગેમ

(૨૯ + ૩૧ + ૧૮) X (૧૯ + ૨૪ + ૩૭) = કેટલા થાય એ ચોકસાઈથી ગણતરી કરીને કહી શકશો?

અ) ૫૮૦૦ બ) ૫૯૫૦
ક) ૬૦૯૦ ડ) ૬૨૪૦

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| વેદ વ્યાસ | મહાભારત |
| વાલ્મીકિ | રામાયણ |
| તુકારામ | અભંગ |
| નરસિંહ મહેતા | પ્રભાતિયા |
| ગુરુ ગોવિંદ સિંહ | ચંડી ચરિત્ર |

ઓળખાણ પડી
ઓડિશા

માઈન્ડ ગેમ
૬૨૬૪

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
સખત મહેનત કરવી

ગુજરાત મોરી મોરી રે
વાંસદા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગિરીશ શેઠ (૧૬) શિલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતીન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) નૂતન વિપીન (૪૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૯) જયેશ પરબતભાઈ ચૌહાણ

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# અગમ અગોચર અધ્યાત્મનો ભેદ



ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
ભેદ અગમરા કહોને સાધુ હો.. જી..
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
હાં..કેમ કરીને સતગુરુ સમરિયે હો જી.., કેમ કરી લીજિયે નામા,
ક્યા મૂળકા દેખિયે રે જી, હે કહાં સે આતમ રામા...
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
હો શ્વાસ ઉસાસે સતગુરુ સમરિયે હે જી, હે અહોનિશ લિજિયે નામા,
નુરત સુરતકા ખેલ દેખિયે, હે ઘટોઘટ આતમરામા..
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
કિયાં વીજ માહીં કરે ઝબકારા, હો ક્યાંથી જ્યોતું જાગે,
કોણ મંડળમાં નોબત વાગે,તખતે કોણ બિરાજે..
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
હાં આપ તેજસે વીજ કરે ઝબકારા, ત્રિકૂટિ જ્યોતું જાગે,
ગગન મંડળમાં નોબત વાગે, તખત આપ બિરાજે..
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
કિયાંથી આવ્યા, કિયાં જવાના, કિયા છે તમારા ધામા,
આરે કાયા તો પડી જાવાની, તમે છોડ બતાવો ઠામા..
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
હમ હે આદુસે આયા, અમરાપર હે ધામા,
ચડી સુરત અસમાન ચડાવી, બ્રહ્મ હમેરા ઠામા..
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
કોન શબદકી ધૂન લગાવો, એ..કોન નામ નિરધારા,
ખેમ સાહેબ રવિસાહેબને પૂછે, તમે ઘટમાં ખેલો છો કે બારા..
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..
હાં સત શબદકી ધૂન લગાવું, ઓહંગ નામ નિરધારા,
કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે, ઓહમ્ સોહમ્ હે અપારા..
ભેદ અગમરા બૂઝોને સાધુ હો.. જી..

સંતકવિ રવિસાહેબનું આ ભજન સમગ્ર ભારતીય સંતસાધના સાથે અનુસંધાન કરાવે છે. અગમ- અગોચરનો ભેદ કઈ રીતે સમજી શકાય? કઈ રીતે સદ્ગુરુની શરણાગતિ સ્વીકારીને, પાંચતત્ત્વોની ઓળખાણ,ત્રણ ગુણોની પિછાન, પચીસ પ્રકૃતિની લાક્ષણિકતા જાણી લઈને નામસાધનાના ક્ષેત્રમાં આગળ વધવું, શ્વાસ ઉચ્છવાસની અહર્નિશ સાધના દ્વારા મૂળ વચન-મૂળ શબદનો આધાર લઈને આત્મતત્ત્વની ઝાંખી કેમ કરવી, પિંડ અને બ્રહ્માંડમાં ક્યાં શબ્દબ્રહ્મની જ્યોતનો પ્રકાશ અને ક્યાં નાદબ્રહ્મનો અનુભવ થાય છે ? મૂલાધારથી લઈને સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા એ છ ચક્રોની યાત્રા કરીને સહસ્રારચક્ર સુધી પહોંચવું અને ઉલટની એ સુરતાની જાતરાને પલટમાં પાછી વાળીને ત્રિકૂટિ, ત્રિવેણી,બંકનાળ,ઓઘટ ઘાટ,માનસરોવર સુધી પહોંચીને સાચાં મોતીડાંનો ચારો ચરવો અને શૂન્ય શિખર પર બિરાજમાન સદ્ગુરુના ખોળામાં આશરો લેવો ત્યાં સુધીની સાધનયાત્રાની વિવિધ પરિભાષાઓ આપણને આવાં ભજનોમાં સાંપડે છે.

રવિસાહેબ પોતાના ગુરુ ભાણસાહેબના પુત્ર-શિષ્ય ખીમસાહેબની પૃચ્છાના જવાબમાં કહે છે કે- હે સાધુજનો તમે અગમ-અગમ્ય-અગોચર જે સહેલાઈથી આપણી સમજમાં આવી શકે એવું જે તત્ત્વ છે એનું રહસ્ય આત્મસાધના કરીને જાણી લેજો. સતગુરુનું સ્મરણ કેવી રીતે કરવું ? કઈ રીતે નામ-સતનામ-નિજનામને ધારણ કરવું? આ સમગ્ર સૃષ્ટિના મૂળને,એના આરંભને,એના રહસ્યને તથા આપણો આત્મા ક્યાંથી-કઈ રીતે આવે છે એવા પિંડ-બ્રહ્માંડના મૂળ મર્મને જાણવા માટે ગુરુકૃપા અને આત્મસાધના જરૂરી છે.

શ્વાસ-ઉચ્છવાસની સાથે રાત-દિવસ અટક્યા વિના,અહર્નિશ સતત-સદૈવ એનું સમરણ- જાપ કરવાનું હોય,પછી નૂરત-સુરતનો ખેલ જોવા મળશે. (નૂરત અને સુરત શબ્દોના વિવિધ અર્થઘટનો આપણે ત્યાં કરવામાં આવ્યા છે. મૂળ સંસ્કૃત નિઃરતિ અને સુરતિ શબ્દોને લોકભજનિકો નૂર એટલે પ્રકાશ અને સૂર એટલે નાદ,ધ્વનિ,અવાજ તરીકે ઓળખાવીને આંખની-અંતદ્રષ્ટિની સાધના અને કાનની- નાદબ્રહ્મની ઉપાસના- અંતઃકરણને સાંભળવાની સાધના તરીકે સમજણ આપે છે.) એ કરવાથી પછી ઘટોઘટ-તમામ પિંડમાં -કીડીથી કુંજર સુધીના તમામ ચેતન જીવોમાં વસનારા આત્મા વચ્ચે અભેદ દ્રષ્ટિ થશે, પછી વીજળીના ચમકારા જેવો કરોડો સૂર્યના પ્રકાશનો અને અખંડ જ્યોતિનો અનુભવ થશે, અખંડ એવા અનહદ - અનાહત નાદના વિવિધ ધ્વનિઓ સંભળાશે, અધર તખત ઉપર બિરાજમાન સતગુરુ- અલખધણી-સાહેબધણીની કૃપાથી- સ્વયંના તેજ-પ્રકાશને કારણે ત્રિકુટિના તાળાં ઉઘડી જશે અને ગગનમંડળ સુધી પહોંચી જશો.

હે સંતો આ પછી જ તમને ખ્યાલ આવશે કે આપણે ક્યાંથી આવ્યાં છીએ અને ક્યાં જવાનું છે. આદિ -અનાદિથી આવન-જાવન કરનારા આ આત્માનું અસલ રહેઠાણ - અમરાપુરી ક્યાં છે, તમારી સુરતા જ્યારે આસમાનમાં-શૂન્યશિખર સુધી પહોંચશે ત્યારે જ બ્રહ્મનું ઠામ-ઠેકાણું સહજ રીતે જાણી શકશો.

ખીમસાહેબ વળી પૂછે છે કે- પણ આને માટે ક્યા શબ્દનો ગુંજાર કરવો? ક્યું નામ લેવું ? તમે અત્યારે ઘટમાં છો કે ઘટ એટલે કે પિંડની બહાર? ત્યારે રવિસાહેબ ઉત્તર આપે છે કે- સદ્ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલા સત શબદની ધૂન, એનું સતત આવર્તન અને સાથોસાથ તૂંહિ..તૂંહિ.. ઓહમ્.. સોહમ્.. એવી વિવિધ નામ-વચનની સરળ સાધના જે તમારા પિંડને અનુકૂળ હોય તે કરવાથી તમે અગમનો ભેદ - એનું રહસ્ય પામવાના અધિકારી બની જશો... ■

વિશેષ


રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# સાંભળો, સંસારમાં કે ધર્મમાં સાચે માર્ગે આગળ વધવાની પૂર્વશરત...

*'શ્રુયતાં ધર્મ સર્વસ્વં શ્રુત્વા ચાપ્યવધાર્યતામ,*
*આત્મનઃ પ્રતિકુલાનિ પરેષાં ન સમાચારેત'*

**પદ્મપુરાણનો** આ શ્લોક ગાગરમાં અર્થનો સાગર સમાવીને બેઠો છે. શ્લોકનો અર્થ છે, 'સાંભળો, ધર્મનો સાર શું છે? સાંભળો અને તેનું પાલન કરો. વ્યક્તિએ અન્ય લોકો સાથે એવું વર્તન ન કરવું જોઈએ જે પોતાને માટે પ્રતિકૂળ હોય. કેવી સુંદર વાત!

સહુથી પહેલાં કહ્યું છે, સાંભળો. મોટા ભાગે લોકોને સાંભળવામાં ઓછો અને સંભળાવવામાં વધુ રસ હોય છે. મનુષ્યમાત્રનો આ સ્વભાવ છે. પરિસ્થિતિ કોઈ પણ હોય, વ્યક્તિ કોઈ પણ હોય અને સંબંધ કોઈ પણ હોય, બધે જ આ સમસ્યા જોવા મળશે. નાનું સરખું બાળક, જે હજી બોલતાં પણ ન શીખ્યું હોય, ઇચ્છા રાખતું હોય છે કે આખું ઘર તેને સાંભળે. મોટું અને સમજણું થાય એટલે તેને ઇચ્છા થાય કે મા-બાપ તેને સાંભળે. પાલકોની ઇચ્છા હોય છે કે બાળકો તેમનું સાંભળે. પત્ની અને પતિ બંને એકમેક પાસે પોતાનું સંભળાય તેવી અપેક્ષા રાખે. નેતાઓ તો આમ પણ સાંભળવા ઓછું ને સંભળાવવા વધુ આવ્યા હોય છે. શાસ્ત્ર કહે છે, બધી સમસ્યાનું મૂળ આ જ છે, કે આપણે સાંભળવાનું હોય છે અને ઇચ્છા સંભળાવવાની હોય છે. જ્ઞાન મેળવવું હોય તો પહેલી શરત એ છે કે, આપણે સાંભળીએ. બાળક બોલવાનું કેવી રીતે શીખે છે? સાંભળીને જ તો! શિષ્ય પણ જો એકચિત્તે ગુરુને ન સાંભળે તો જ્ઞાનથી વંચિત રહી જાય છે. આપણે



ત્યાં તો મુખોપમુખમ જ્ઞાન આપવાની હજારો વર્ષની પરંપરા હતી. જો એકાગ્રતાપૂર્વક સાંભળ્યું જ ન હોત, તો એ શક્ય બન્યું હોત ખરું? હાથ જોડીને સાંભળતા અર્જુન અને ગુરુ બનીને ઉપદેશ આપતા કૃષ્ણનું ચિત્ર આપણા ધર્મનું અભિન્ન અંગ છે.

મહત્ત્વનું એ પણ છે કે આપણે શું સાંભળીએ છીએ? કેમ કે મંઝિલ જે માર્ગ પર આવતી હોય તે છોડીને બીજો રસ્તો લઈએ તો પહોંચી ન શકાય, તેવી રીતે આપણે ઉદ્દેશ્ય નક્કી કરીને સાંભળવું જોઈએ. પેલા બે બોલતા પોપટની વાર્તા સાંભળી છે ને? એક પોપટ સજ્જનના ઘરે ગયો અને બીજો પોપટ દુર્જનના ઘરે. સજ્જનના ઘરે મહેમાન આવે ત્યારે તેમનો પોપટ સ્નેહભર્યો આવકાર આપે અને દુર્જનના ઘરે મહેમાન આવે ત્યારે તેમનો પોપટ ગાળો બોલતો. કેમ? કારણકે જેવી વાણી સાંભળી હોય, તેવા સંસ્કાર પડે. આ કારણે જ નવજાત બાળકના કાનમાં સૌપ્રથમ દેવવાણી સમાન શ્લોક બોલવાની આપણે ત્યાં પરંપરા રહી છે. શિષ્યને સ્વીકારતી વખતે પણ ગુરુ સૌપ્રથમ તેને ગુરુમંત્ર કાનમાં સંભળાવે છે. આધુનિક વિજ્ઞાન પણ હવે તો સ્વીકાર કરે છે, કે ઊંઘમાં પણ વ્યક્તિના કાનમાં જે બોલાય તેની અસર તેને થાય છે. કેટલાક રોગના ઉપચારમાં આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. અરે, મનુષ્યની શું વાત કરવી? વનસ્પતિ પણ સાંભળી શકે છે અને સંગીતના સુંદર સ્વરની પણ વનસ્પતિના વિકાસ પર થતી અસરને વિજ્ઞાને સ્વીકારી છે! મૌન રહેવાથી વાણી તો સંયમમાં રહી શકે, પરંતુ સાંભળવાનું તો બંધ કેવી રીતે થાય? આપણે અંતર્મુખ થઈએ તો જ એ શક્ય છે. આપણા ઋષિ-મુનિઓ વનગમન કરતા હતા તેનું કારણ પણ એ જ હતું, જેથી દુનિયાના અવાંછિત સ્વરોથી મુક્તિ મળે.

મનુષ્ય પોતાને ન સાંભળવું હોય ત્યારે કાન ખુલ્લા રાખીને પણ તેને અવગણી કાઢવામાં માહેર છે. ભરી સભામાં જેનું ચીરહરણ થતું હતું તે સ્ત્રીનું આક્રંદ સભામાં કેટલાને સંભળાયું? આડે રસ્તે ચડેલાં સંતાનો પણ માતાપિતાની સલાહને સાંભળી ન સાંભળી કરી નાખે છે. સજ્જનની સલાહને અવગણવી અને દુર્જનની સલાહને સાંભળવી, એ બન્ને પતન તરફ દોરી જતો એક્સપ્રેસ-વે સાબિત થાય છે. માટે સાંભળો! સંતોના હિતોપદેશને, સાંભળો, સજ્જનની સાચી સલાહને, સાંભળો ગુરુ તરફથી પ્રાપ્ત થતા જ્ઞાનને, સાંભળો મિત્રોની ટકોરને, સાંભળો માબાપની પ્રેમભરી ચેતવણીને. જો સંસારમાં સાચે માર્ગે આગળ વધવું હોય અને ધર્મમાં મોક્ષના રસ્તે પ્રગતિ કરવી હોય તો એ બન્ને પરિસ્થિતિમાં પહેલી શરત છે, સાંભળો! જેટલી સંભળાવવાની વૃત્તિ પર કાબૂ મેળવશો અને જેટલું સાંભળવાની વૃત્તિને ખીલવશો તેટલો જ આત્માના જ્ઞાનને ઉજાગર કરવાનો માર્ગ મોકળો થશે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# જાણો અક્ષરાતીત પુરુષોત્તમને

**પરબ્રહ્મને** જાણવા યોગ્ય તત્ત્વ કહીને હવે ભગવાન કૃષ્ણ સમજાવે છે કે-

સમગ્ર સૃષ્ટિમાં બે પ્રકારના પુરુષો (ચૈતન્યો) રહેલા છે ક્ષર અને અક્ષર. તેમાંથી બધા જ જીવો અને તેનાથી વધારે ઐશ્વર્યયુક્ત તત્ત્વો પણ 'ક્ષર' છે અને કૂટસ્થ (અવિકારી) એવા બ્રહ્મ તે 'અક્ષર' છે. વળી, આ બંને પુરુષો (ચૈતન્યો) કરતાં જે ઉત્તમ પુરુષ (પરમાત્મા) છે તે તો તે બંનેથી જુદા જ છે અને તે પરમાત્મા નામથી શાસ્ત્રોમાં કહેવાયા છે, કે જેઓ સમગ્ર જગતમાં અંતર્યામી પણે પ્રવેશીને તેને ધરી રહ્યા છે. એવો હું પરમાત્મા 'ક્ષર' અને 'અક્ષર'થી પણ ઉત્તમ હોવાથી જ આ લોકમાં અને વેદોમાં પણ 'પુરુષોત્તમ' નામથી પ્રસિદ્ધ છું. જે મનુષ્ય પોતાની મૂઢમતિ મૂકીને મને આવી રીતે (અક્ષરાતીત) પુરુષોત્તમ જાણે છે તે જ બધું જાણ્યો કહેવાય, અને તે જ મને સર્વે પ્રકારના ભક્તિભાવથી ભજી શકે છે. (ગીતા-૧૫/૧૬-૧૯)

અહીં, પ્રત્યક્ષ ભગવાનમાં ભક્તિભાવ કે પરાભક્તિ પામવાનું સર્વોત્તમ અને સરળતમ સાધન ઉદ્બોધાયું પ્રત્યક્ષ ભગવાનને અક્ષરાતીત પુરુષોત્તમ જાણવા તે!! સર્વેથી પર અક્ષરને જાણવાથી જ સઘળું જણાઇ જાય છે, તો તેવા અક્ષરથી પણ પરપણે પુરુષોત્તમને જાણવાથી ભગવાનના માહાત્મ્યજ્ઞાનમાં બાકી જ શું રહે? તેથી જ અક્ષર અને પુરુષોત્તમ એ બંનેને તત્વતઃ જણાવનારી બ્રહ્મવિદ્યાનો પણ સાર પ્રત્યક્ષ ભગવાનને 'અક્ષરાતીત પુરુષોત્તમ' જાણવામાં સહેજે જ સમાઈ-સમજાય છે.



બ્રહ્મવિદ્યાનો આ સાર સમજવા માટે મુમુક્ષુઓએ 'એ બે પુરુષો કેવા છે, કે અક્ષરથી પર ઉત્તમ, પુરુષોત્તમ કેવા છે?' એવી જિજ્ઞાસા સાથે પ્રથમ તો એ બે પ્રકારના ચૈતન્ય-પુરુષો ક્ષર અને અક્ષર સ્વરૂપતઃ સમજવા પડે. તેમાં પણ મુમુક્ષુઓને 'ક્ષર' એવા ક્ષરણશીલ દેહના ધારકો (જીવો વગેરે) ઓળખાતા તે સર્વેના નાશવંત દેહાદિકમાંથી, વૈરાગ્ય પામ્યા પછી પરમ પદ કહેવાયેલા અક્ષર ને ઓળખીને અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની પરાભક્તિ પામી શકે છે.

અહીં વૈદિક શ્રુતિઓ દ્વારા પ્રતિપાદિત થયેલી અક્ષરપુરુષોત્તમ ઉપાસના માત્ર એક 'પુરુષોત્તમ' શબ્દમાં સમજાઈ જાય છે! તેથી જ ગીતામાં ગૂંથાયેલા આ સારભૂત શબ્દનો અર્થ સમજાવાથી સમગ્ર વૈદિક સિદ્ધાંત સમજાઈ જાય છે!

ગીતામાં 'પુરુષોત્તમ' શબ્દ સમજાવવા માટે ભગવાને તે શબ્દના અંગભૂત શબ્દો જેવા કે પુરુષ, અક્ષર, ક્ષર વગેરે પહેલાં જ સમજાવી દીધાં. અહીં, વપરાયેલો 'પુરુષ' શબ્દ સ્ત્રી-પુરુષમાં વપરાતા 'પુરુષ' જેવો જાતિવાચક શબ્દ નથી. શાસ્ત્રોમાં 'પુરુષ' શબ્દ ચેતન આત્મા માટે પણ વપરાય છે. અહીં વપરાયેલા 'પુરુષ' શબ્દ પણ ચૈતન્ય તત્ત્વ માટે જ વપરાયો છે.

'ક્ષર' શબ્દનો અર્થ ભગવાને પોતે જ બહુવચનયુક્ત શબ્દ દ્વારા અનંત જીવો-આદિ પરક કર્યો (સ્વરૂપતઃ તે બધા શુદ્ધ ચૈતન્યો હોવા છતાં તેમના ક્ષરણશીલ માયિક દેહના સંબંધે કરીને તેને 'ક્ષર' કહેવાય છે.) જ્યારે 'અક્ષર' શબ્દનો અર્થ કરવા માટે ભગવાને 'કૂટસ્થ' એવો એકવચનયુક્ત શબ્દ વાપરીને નિત્ય, એક અને અદ્વિતીય એવા અક્ષરબ્રહ્મપરક જ તે શબ્દાર્થ સમજવાનું સ્પષ્ટ સૂચન કરી આપ્યું! (કૂટ એટલે પર્વત. જેમ પર્વત પોતાના સ્થાને સ્થિર રહે છે, ચલિત થતો નથી, તેમ અક્ષરબ્રહ્મના સ્વરૂપ-સ્વાભાવાદિક નિત્ય સ્થિર રહે છે, તેમાં હાનિ-વૃદ્ધિ જેવા વિકારો નથી. તેથી જ આવા નિર્વિકારી અક્ષરબ્રહ્મને 'કૂટસ્થ' શબ્દથી ઓળખાવ્યા છે.)

વળી, પરબ્રહ્મ પણ પોતે એક ચૈતન્ય 'પુરુષ' છે. તેમ છતાં આ 'પુરુષ'(પરબ્રહ્મ) પેલા બંને પુરુષો(ક્ષર-અક્ષર) કરતા તદ્દન નોખા અને ઉત્તમ છે.

જેનાથી ઉત્કૃષ્ટ કોઈ જ ન હોય તેના માટે જ ઉત્તમ શબ્દ સાર્થક ઠરે છે. પરમાત્મા એવા પુરુષોત્તમ છે કે જેનાથી ઉત્કૃષ્ટ કોઈ અન્ય પુરુષ ચૈતન્ય છે જ નહીં, તેથી તેનું ઉત્તમ વિશેષણ ઉત્તમ સાર્થકતાને વરેલું છે.

આવી રીતે, માયાનિર્મિત દેહવાળા ક્ષર એવા જીવો અને નિર્વિકારી 'અક્ષર' એવા અક્ષરબ્રહ્મથી પણ 'ઉત્તમ' ઉત્કૃષ્ટ એવા પરબ્રહ્મ માટે ઉદ્બોધાયેલ 'પુરુષોત્તમ' શબ્દમાં અક્ષરપુરુષોત્તમ દર્શનમાં દર્શાવેલા નિત્ય પાંચ તત્ત્વોનું જ્ઞાન પણ ગર્ભિત થતું જોઈ શકાય છે. તે પણ શ્રુતિ પ્રમાણે પાંચેય તત્ત્વોના અનુક્રમ સાથે માયાવેષ્ટિત જીવ વગેરેથી પર અક્ષરબ્રહ્મ અને તે બધાથી પર પરબ્રહ્મ એમ પાંચેય તત્ત્વોનું ઉત્તરોત્તર શ્રેષ્ઠપણું પણ 'પુરુષોત્તમ' એ એક શબ્દમાત્રે સમજાઈ જાય તેમ છે. તેથી જ સનાતન વૈદિક સિદ્ધાંતોના સારરૂપ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત તત્ત્વજ્ઞાનનું 'અક્ષર પુરુષોત્તમ' એવા નામાભિધાનના નિર્માણ માટે હરિનાં હજારો નામોમાંથી આ એક સારભૂત નામ 'પુરુષોત્તમ' પસંદ કરાયું.

આમ, પ્રત્યક્ષ અક્ષરાતીત પુરુષોત્તમ નારાયણના સ્વરૂપના નિશ્ચયથી (સ્વરૂપનિષ્ઠાથી) સનાતન વૈદિક બ્રહ્મવિદ્યાનો 'યોગ' સિદ્ધ થાય છે. તેથી જ અક્ષરપુરુષોત્તમના જ્ઞાનરૂપી બ્રહ્મવિદ્યાનું જ મુખ્યપણે પ્રતિપાદન કરતું ગીતાશાસ્ત્ર, 'અક્ષરાતીત પુરુષોત્તમ'ની સ્વરૂપનિષ્ઠા રૂપ યોગના પ્રતિપાદક 'યોગશાસ્ત્ર' તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે. ■

ફોકસ

આર. સી. શર્મા
mahendra.punatar@bombaysamachar.com

# શિવ ને શક્તિનું મિલન એટલે મહાશિવરાત્રી



**મહાશિવરાત્રીને** આદિ અને અનંતની આરાધનાનું પર્વ ગણવામાં આવે છે. ૨૬ ફેબ્રુઆરીએ હર્ષોલ્લાસથી ભોળાનાથનો આ ઉત્સવ મનાવવામાં આવશે. ફાગણ માસની કૃષ્ણપક્ષની ચતુર્દશી તિથિએ સૃષ્ટિનો આરંભ થયો હતો. પૌરાણિક કથાઓ પ્રમાણે 'અગ્નિલિંગમ'ના ઉદયથી સૃષ્ટિની શરૂઆત થઈ હતી. કથા એવી છે કે એક વખત ભગવાન વિષ્ણુ અને બ્રહ્મા વચ્ચે વિવાદ થયો હતો કે બન્નેમાંથી શ્રેષ્ઠ કોણ? આ વિવાદ એટલો તો વધી ગયો કે એના સમાધાન માટે ભગવાન શિવને 'અગ્નિલિંગમ'નું રૂપ ધારણ કરવું પડ્યું હતું. આ 'અગ્નિલિંગમ' એટલો તો વિશાળ હતો કે એનો આરંભ અને અંત ક્યાં થાય છે એ જાણવું અઘરું હતું.

બ્રહ્માએ એના આરંભને શોધી કાઢવા માટે હંસનું રૂપ ધારણ કર્યું હતું અને પર્વતો તરફ ઊડી ગયા હતા. તો સામે ભગવાન વિષ્ણુએ એનો અંત જાણવા માટે વરાહનું રૂપ ધારણ કર્યું અને ધરતીના ઊંડાણમાં ચાલ્યા ગયા. જોકે અથાગ પ્રયાસો કરવા છતાં પણ તેમને આરંભ અને અંતની જાણ ન થઈ તો તેઓ પરેશાન થઈ ગયા હતા. એથી ભગવાન શિવ સ્વયં પ્રગટ થયા અને કહ્યું કે 'હું આદિ અને અનંત છું.' આ ઘટના બાદથી તેમની શિવલિંગ રૂપે પૂજા થાય છે.

'અગ્નિલિંગમ' અનંતનું પ્રતીક છે એટલે કે એ શિવ છે. એ સર્જન અને વિનાશનું પણ પ્રતીક છે. શિવ સર્જનકર્તાની સાથે સંહારક પણ છે. આ જ કારણ છે કે મહાશિવરાત્રી નિમિત્તે 'અગ્નિલિંગમ'ની વિશેષરૂપે પૂજા થાય છે. જેને ભગવાન શિવની અનંત શક્તિનું પ્રતીક ગણવામાં આવે છે.

### મહાશિવરાત્રીનો સંદેશ

મહાશિવરાત્રીને શિવ અને શક્તિના મિલનની રાત્રી તરીકે ગણવામાં આવે છે. આ મિલનનો અર્થ માત્ર દૈવીય મિલન સુધી સીમિત નથી. એ તો સૃષ્ટિની ઊર્જા, સંતુલન અને આધ્યાત્મિક જાગૃતિનું પ્રતીક છે. એથી મહાશિવરાત્રીનો સંદેશ માનવ કલ્યાણ માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. શિવ આપણી ચેતના છે જે શુદ્ધ અસ્તિત્વનું પ્રતીક છે. જોકે શક્તિ સર્જનાત્મક ઊર્જા અને ગતિશીલતાનું પ્રતીક છે. મહાશિવરાત્રીએ ધ્યાન, સાધના અને આત્મબોધ કરવું જોઈએ. આ એ પર્વ છે જ્યારે વ્યક્તિ પોતાની અંદરના શિવ અને શક્તિની ચેતના અને ઊર્જાનું સંતુલન કરી શકે.

મહાશિવરાત્રીએ ભક્તોએ જાગરણ કરવું જોઈએ. રાતભર મહાદેવનું ધ્યાન ધરવું જોઈએ. મહાશિવરાત્રીએ શંકર ભગવાન અને માતા પાર્વતીના વિવાહ સંપન્ન થયા હતાં. એથી એ દિવસને સૃષ્ટિના સંતુલનનો દિવસ પણ માનવામાં આવે છે. આ મિલન પ્રેમ, ત્યાગ અને ભક્તિને સૂચવે છે. આવી રીતે મહાશિવરાત્રી ધાર્મિક દૃષ્ટિએ ખૂબ અગત્યની છે. ■

ચિંતન

# ઈશ્વરના ન્યાયનું સત્ય

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



ઈશ્વરના ન્યાય માટે પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આજના સમયમાં અધર્મનું આચરણ કરનાર, અસત્યનો સહારો લેનાર, અન્યના હક છીનવી લેનાર, પ્રપંચ તથા કપટ દ્વારા સત્તા અને સામર્થ્ય પ્રાપ્ત કરનાર, અનૈતિક ધારાધોરણથી સંપત્તિ એકત્રિત કરનાર, યોગ્યતાને અન્યાય કરી અયોગ્ય બાબતોનો પક્ષ લેનાર તથા લગભગ દરેક પ્રકારની નકારાત્મક બાબતોને ટેકો આપનાર સફળ થાય છે. તેની સરખામણીમાં ધર્મ, સત્ય અને નૈતિકતા મુજબનું આચરણ કરનાર તકલીફમાં જીવે છે. ઈશ્વરના આ પ્રકારના ન્યાય માટે પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે.

આ પ્રશ્ન આજનો નથી. દુર્યોધને જ્યાં સુધી રાજ્ય કર્યું ત્યાં સુધી સત્તાને પૂર્ણતામાં ભોગવી. તેની પાસે સંપત્તિ પણ અપાર હતી. તેનું આખું કુટુંબ તેના સુખમાં ભાગીદાર થવા હાજર હતું. તેની રક્ષા માટે ભીષ્મ, દ્રોણ અને કર્ણ કટિબદ્ધ હતા. સામ્રાજ્ય ચલાવવા માટે તેની પાસે દરેક પ્રકારનાં સંસાધનો અને માનવબળ પ્રાપ્ય હતું. યુધિષ્ઠિર માટે આમ ન કહી શકાય. જ્યારે યુધિષ્ઠિર હસ્તિનાપુરની ગાદી પર બેઠા ત્યારે સૈનિક તરીકે કામ કરી શકે તેવી એક પણ વ્યક્તિ કદાચ હસ્તિનાપુરમાં નહીં હોય. રાષ્ટ્રનાં સંસાધનો અને અન્ય પ્રકારનું માનવબળ પણ ક્ષીણ થઈ ચૂક્યું હતું. ચાર ભાઈઓ અને દ્રૌપદી-સુભદ્રા સિવાય પરસ્પર સુખ કે આનંદ માણી શકાય તેવું કુટુંબ ન હતું. સમગ્ર રાષ્ટ્રમાં ચારે તરફ એક પ્રકારની નિરાશા વ્યાપેલી હશે. યુધિષ્ઠિરે આ પ્રકારની પરિસ્થિતિમાં રાજ્ય ચલાવ્યું હશે. અહીં રાજ્યસત્તા માણવા કરતા તેની સાથે જોડાયેલું કઠિન ઉત્તરદાયિત્વ વધુ મુશ્કેલ હશે. શું ઈશ્વરનો આ ન્યાય છે.

યુધિષ્ઠિર જેવી સત્યનિષ્ઠ, ધાર્મિક, નૈતિકતાના માપદંડનું પાલન કરનાર, નિર્દોષ તથા કરુણાસભર વ્યક્તિએ, તેના ભાઈઓએ, તેની પત્નીએ, તેની માતાએ જિંદગીના ઘણા તબક્કા સુધી દુઃખ અને તકલીફ ભોગવ્યાં. દ્રૌપદી જેવી સતીના વસ્ત્રનું હરણ થયું. કુંતી જેવી માતા જંગલમાં ભટકતી રહી. અને આ બધું ત્યારે કે જ્યારે તેમને સ્વયં શ્રીકૃષ્ણનો સથવારો હતો. ઈશ્વરના ન્યાય માટે પ્રશ્ન તો થાય જ. તેની સામે દુર્યોધને લાક્ષાગૃહનું કપટ કર્યું, સતી દ્રૌપદીને અપમાનિત કરી, જુગારના કપટથી ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય છીનવી લીધું, નાનપણમાં જ ભીમને ઝેર આપી મારી નાખવાનો પ્રયત્ન કર્યો - છતાં એમ જણાય છે કે તેની જિંદગી સરળતાથી પસાર થઈ. પ્રશ્નો થવા સ્વાભાવિક છે. કોઈ એવો દાવો કરી શકે કે દુર્યોધનને નર્ક પ્રાપ્ત થયું હતું જ્યારે યુધિષ્ઠિરની ગતિ સ્વર્ગની હતી. આ વાત ખરેખર કોણે જાણી છે.

આવાં તો અનેક ઉદાહરણ છે જેને આધારે ઈશ્વરના ન્યાય માટે પ્રશ્ન થાય. પરંતુ ઊંડાણથી જોતા સમજાશે કે ઈશ્વરનો ન્યાય શાશ્વત છે, સચોટ છે, નીતિયુક્ત છે અને સંપૂર્ણ છે. ઈશ્વરના ન્યાય પાછળ ત્રણ બાબતો કાર્યરત હોય તેમ જણાય છે.

પ્રથમ. ઈશ્વરના ન્યાયમાં મનની શાંતિ અગત્યની છે. દુર્યોધને કદાચ ભૌતિક સવલતો ભોગવી હશે, પણ તેનું મન હંમેશા અશાંત રહ્યું હશે. તે ચોક્કસ પ્રકારના ડર, અનિશ્ચિતતા તથા સંશયના ભાવમાં જીવતો હશે. તેને ક્યાંય શાંતિ નહીં હોય. સુખસાહ્યબી માટેનાં બધાં જ સંસાધનો હાજર હોવા છતાં પણ તે ઉદ્વેગમાં જીવતો હશે. આ સારી નિશાની નથી. ઈશ્વરનો આ ન્યાય છે. ઈશ્વર જ્યારે ન્યાય કરે ત્યારે મન, બુદ્ધિ, ચિત, અહંકારને પ્રાધાન્ય આપે. અંતઃકરણની આ અવસ્થાઓને હકારાત્મક પરિસ્થિતિ માટે સુનિશ્ચિત કરે. સંપત્તિ સગવડતા આપી શકે, શાંતિ કે સંતોષ નહીં. સમાજના દ્રષ્ટિકોણ પ્રમાણે નરસિંહ મહેતા દુઃખી જણાશે પરંતુ ઈશ્વરના ન્યાય પ્રમાણે તેમને ક્યાંય કોઈ ફરિયાદ નહીં હોય. ઈશ્વરના ન્યાયમાં મહેતા પોતાની રીતે ભક્તિમાં સંપૂર્ણતાથી તલ્લીન રહી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી. આ ન્યાય છે. પણ જો નજર ભૌતિક બાબતો પર જ પડે તો આમાં અન્યાય દેખાય.

બીજું. આંબા પર સમય આવે ત્યારે જ કેરી પાકે. કોઈ ખેડૂત અપાર મહેનત કરે, ઘણું ખાતર આપે, અખૂટ પાણી પીવડાવે, તો પણ કેરી તો તેના સમયે જ આવે. ઈશ્વરના ન્યાય માટે પણ આવું છે. ઈશ્વરનો ન્યાય ચોક્કસ સમયે થાય. જ્યારે સૃષ્ટિના નિયમોને અનુસાર પરિસ્થિતિ અનુકૂળ થાય, જ્યારે સમાજ ન્યાય લેવા અને તેનો સ્વીકાર કરવા પરિપક્વ બને, જ્યારે જે તે કર્મફળ પાકે, જ્યારે દરેક પ્રકારના સંભવિત અપવાદ ક્ષીણ થઈ ગયા હોય, જ્યારે ન્યાય માટેની યોગ્ય ભૂમિકા તૈયાર થઈ ગઈ હોય ત્યારે ઈશ્વર પોતાના ન્યાયને પ્રગટ કરે.

ત્રીજું. ઈશ્વરનો ન્યાય આંખ સામે આંખ પ્રકારનો નથી હોતો. કોઈ સત્પુરુષની પત્નીનું અપહરણ કરનાર રાવણને ન્યાયપૂર્વક સજા આપવા તેની પત્નીનું અપહરણ ન થાય, તેનો સર્વનાશ થાય. ઈશ્વરનો ન્યાય ઉદાહરણ સ્થાપવા માટે હોય છે. એમ જણાય છે કે આમાં જુદા જુદા ગુનાઓની શ્રેણી નક્કી કરાઈ હશે. આ શ્રેણી નક્કી કરવામાં નૈતિકતા તથા આધ્યાત્મિકતાના વિવિધ માપદંડ ધ્યાનમાં રખાતા હશે. ગુનો જેમ વધુ ગંભીર તેમ તેની સજાનો વિસ્તાર વધુ હોય. ઘણીવાર તો સજાનો વિસ્તાર યોગ્ય માત્રા સુધી વધી શકે તે માટે પ્રતીક્ષા પણ કરાતી હશે. એમ પણ જણાય છે કે નાના ગુના માટે પ્રાયશ્ચિત પણ સ્વીકૃત હશે. વળી આ સમગ્ર પ્રક્રિયામાં સૃષ્ટિનાં સમીકરણોમાં ખલેલ ન પડે તેની કાળજી પણ રખાતી હશે.

એમ જણાય છે કે સાંપ્રત સમયમાં ઈશ્વરનો ન્યાય લોકોની નજરે નથી ચડતો, અને તેથી ડર વિના લોકો નકારાત્મક બાબતોનું પાલન કરતાં હોય છે. પરંતુ થોડુંક ઊંડાણપૂર્વક વિચારતા જણાશે કે ઈશ્વરનો ન્યાય તો છે જ. તે તરફ દૃષ્ટિ કરવાની લોકોની તૈયારી નથી, અથવા તે પ્રકારની તેમની ક્ષમતા નથી, અથવા મળતા ત્વરિત લાભથી લોકો આકર્ષાઈ જાય છે, અથવા સૃષ્ટિના તથા નિયતિના નિયમો બાબતે લોકો ગંભીરતાથી વિચારતા નથી. જો એમ માનવામાં આવે કે ઈશ્વરનો ન્યાય નજરે નથી ચડતો તો તેમાં દોષ નજરનો છે. ઈશ્વરના ન્યાયમાં બહુ ઝીણું કંતાય છે. ■

ભજનનો પ્રસાદ

# નિષ્કુળાનંદસ્વામીઃ વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કબદ્ધ સર્જક

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

### ભક્તિચિંતામણિ

(ઈ.સ. ૧૮૩૧) (વિ.સં. ૧૮૮૦, આસો સુદી તેરસ)

**નિષ્કુળાનંદ** સ્વામીએ શ્રીહરિના આ સુદીર્ઘ ચરિત્ર ગ્રંથમાં ચરિત્રનાયકના ગુણો, એમનાં લીલાકાર્યો, એમના હરિભક્તોને આપેલા પરચાઓ, વિવિધ સ્થળોના નિવાસી હરિભક્તો એમ આઠ દશ બાબતને કુલ ૧૬૪ પ્રકરણમાં ગુજરાતી ભાષામાં ગૂંથી લીધેલ છે. શ્રીહરિના ચરિત્રના ભક્તે ચિંતન કરવા જેવા પ્રસંગોનું ચયન એનું સમુચિત ક્રમે આલેખન નિષ્કુળાનંદની આ રચનાને પ્રશિષ્ટચરિત્ર ગ્રંથનું સ્થાન-માન અપાવે છે.

પ્રકરણ પહેલું અને બીજું ભૂમિકા રૂપ છે. એમાં કવિ આલેખે છે:

'અલ્પબુદ્ધિએ આદર્યો ગ્રંથ, નથી પૂરો કરવા સમર્થ,
માટે સ્તુતિ કરું છું તમારી, કરજ્યો સહુ મળી સ્હાય મારી.'
(પ્રકરણ-૨, કડી-૨૩)

મંગળાચરણ-ભૂમિકાના બે-ત્રણ પ્રકરણો પછી ત્રીજા-ચોથા પ્રકરણમાં જ્યાં તપોમય અવસ્થારૂપે શ્રીહરિએ યાત્રા કરેલી એ હીમગિરિ શૃંગ, પ્રકૃતિ, નર-નારાયણ દર્શન આદિનું આલેખન છે. શ્રીહરિના પાદુર્ભાવકાલીન સામાજિક અવસ્થિતિનું આલેખન ૬ થી ૯ પ્રકરણોમાં કરીને પછી ઇષ્ટદેવની જન્મભૂમિ, માતા-પિતા, સરયૂ નદી અને શ્રીહરિના પૂર્વજોની વિગતો ૧૦ થી ૧૬ પ્રકરણ સુધી કરાઈ છે. ત્યારબાદ ૧૭ થી ૧૦૦ ક્રમાંકના પ્રકરણોમાં ખૂબ જ વિગતે અને વિશદ્ રીતે ઇષ્ટદેવની બાળલીલા, દિવ્યલીલા, અનેક મહાન કાર્યોનું રસપાન કરાવાયું છે. ૧૦૧ થી ૧૧૨ પ્રકરણોમાં શ્રીહરિની ઐશ્વર્યલીલાઓ તથા પંચવર્તમાનોનો ટૂંકમાં પરિચય પ્રસ્તુત કરેલ છે. ૧૧૩ થી ૧૨૭ ક્રમાંકના પ્રકરણોમાં સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડના વિવિધ જિલ્લાના નિવાસી તત્કાલીન હરિભક્ત ભાઈ-બહેનો એની જ્ઞાતિ, ગામની વિગતો ભારે મોટો દસ્તાવેજી સૂચિનો પરિચય કરાવે છે. ૧૨૮ થી ૧૫૮માં વિવિધ સ્થળોએ હરિભક્તોને પોતાના ઐશ્વર્યના પરચાઓથી પરિતૃપ્ત કર્યાની વિગતો વર્ણવાઈ છે. ૧૫૯થી ૧૬૨ ક્રમના પ્રકરણોમાં ગોલોકનું વર્ણન, રાસલીલાનું આલેખન અને ઈષ્ટદેવ અંતર્ધ્યાન થયાની વિગતો મુકાઈ છે. ૧૬૩-૧૬૪ કૃતિનું સમાપન કરતાં નોંધ્યું છે કે-

*'ગંગ ઉન્મત તીરે છે ગામ રે, પુર પવિત્ર ગઢડું નામ રે*
*તિયાં ભાવે શું કથા આ ભણી રે, ભક્તપુર ભક્તચિંતામણિરે,* ૫૧
*સંવત અઢાર વર્ષ સત્યાશી રે, આસો સુદી સુંદર તેરશી રે*
*ગુરુવારે કથા પૂરી કીધી રે, હરિભક્તને છે સુખનિધિ રે'.* ૫૨
(પ્રકરણ ૧૬૪, કડી ૫૧, ૫૨)

શ્રીહરિના ચિંતન કરવા જેવા કાર્યો,ચરિત્રનું ચિંત્વન ભક્તિભાવ કરનારું પરિબળ બની રહે, એવી ભાવનાથી શ્રીહરિનું શ્રદ્ધેય-શ્રેયસ્કર અને પ્રેયસ્કર ચરિત્ર નિષ્કુળાનંદજીએ આલેખ્યું જણાય છે. એમાં એમનો સંપ્રદાયના પ્રતિબદ્ધ હરિભક્તોની વિગતોને આલેખવાનો ઉપક્રમ શ્રીજીની તે સમયે કેવી શ્રદ્ધાથી સ્વિકૃતિ હતી તેનાથી ભાવકને પરિચિત થયાનું બને છે. આવા બધા કારણે એમના દ્વારા રચાયેલા આ દસ્તાવેજી વિગતોથી સભર ચરિત્રગ્રંથનું



વિશેષ મહત્ત્વ છે.

### અવતાર ચિંતામણિ

માત્ર ૩૨ ચોપાઈ સંખ્યાની ગુજરાતી ભાષાની આ નાનકડી કૃતિમાં નિષ્કુળાનંદે શ્રીજીના ચરિત્રના સર્વોપરી પાસાને વર્ણવેલી છે. એક-એક ચોપાઈમાં એક અવતારને રેખાંકિત કરેલ છે. છેલ્લે ૩૨મી ચોપાઈમાં :

*'આદ્ય, મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર*
*પણ સર્વના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ.'*

સર્વે અવતાર સંદર્ભે શ્રીહરિના અવતાર ચરિત્રને રેખાંકિત-આછી લકીરથી અહીં વર્ણવેલ છે. આવા કારણથી મને નિષ્કુળાનંદના ચરિત્રમૂલક સાહિત્યમાં આ રચના મહત્તા ધારણ કરતી જણાઈ છે.

**૨. ભક્તિમૂલક સાહિત્ય :**

નિષ્કુળાનંદ સ્વામીની ભાગવત ભક્તિપરંપરાની દૃષ્ટિ મૂળે તો રામાનંદીય-ઉદ્ધવ પરંપરાથી પોષાયેલી, એમાં શ્રીહરિ સંદેશ, સત્સંગ અને સાહિત્ય પરંપરાગત રીતે શ્રુતપરંપરા રૂપે ભળ્યું. એટલે એમની નિશ્રામાં માત્ર ભક્તિભાવના પદો, કીર્તનો અને ધોળ જ નહીં પરંતુ કથામૂલક પ્રકારની સુદીર્ઘ રચનાઓ પણ રચાઈ. જેમ શીર્ષકરૂપે ગીતા સ્વરૂપની પ્રાચીન રચના સમાજમાં સ્થિર અને સ્વિકૃત થયેલી એમ મુક્તાનંદથી સંપ્રદાયમાં ભક્તિભાવના નિરૂપણ રૂપે 'સતીગીતા' અને 'ઉદ્ભવગીતા'નું સર્જન થયું. મધ્યકાલીન પરંપરામાં 'અખેગીતા' અને 'અર્જુનગીતા' જેવી જ્ઞાનમાર્ગી રચનાઓ સાથે 'ભ્રમરગીતા', 'રસિકગીતા', 'પ્રેમરસગીતા' જેવી ભક્તિમાર્ગી રચનાઓ પણ પ્રચલિત બનેલી પરંતુ સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓએ વિવિધ પ્રકારની અંત્ય ગીતાશીર્ષકથી રચનાઓ રચીને આ પરંપરાને ઢમૂળ કરી. શ્રીહરિ કથિત ઉદ્ધવ પરંપરાનું સમાર્જિત-સંયમિત ભક્તિસ્વરૂપ મુક્તાનંદ અને નિષ્કુળાનંદ દ્વારા અર્થપૂર્ણ રીતે અભિવ્યક્તિ પામ્યું. પછીના બ્રહ્માનંદ, પ્રેમાનંદ આદિ તો સીધા માત્ર શ્રીહરિના જ સત્સંગી બનેલા, પરંતુ મુક્તાનંદ અને નિષ્કુળાનંદ તો આદ્ય પરંપરાથી પોષિત હતા અને શ્રીહરિ પ્રણિત-સંવર્ધિત નવ્યરૂપથી અનુપ્રાણિત બન્યા. એમાં એમની સમજગ્રહણ શક્તિ, નવ્ય વિગત-ઘટકને સ્વીકૃત કરવાનું હકારાત્મક વલણ તથા એમના અભ્યાસ-સ્વાધ્યાય સંપન્ન સત્સંગી ચિત્તને થયેલ પ્રતીતિનું એ પરિમાણ અને પરિણામ છે. એ કારણે સ્વામિનારાયણીય ભક્તિભાવના 'વચનામૃત' - 'શિક્ષાપત્રી'થી પ્રસારિત થઈ પણ વિશેષ પ્રચલિત થઈને સ્વિકૃતિ પામી આ બન્ને તથા બ્રહ્માનંદ જેવા આદ્યકવિઓના કથનથી. આવા કારણથી મને નિષ્કુળાનંદજીનું ભક્તિસાહિત્ય વિશેષ અર્થપૂર્ણ જણાયું છે એમની આ ધારાની પદ રચનાઓ સિવાયની છ કથામૂલક સુદીર્ઘ કૃતિઓનો અત્રે પરિચય કરાવવા ધાર્યો છે :

### સ્નેહગીતા

પ્રેમલક્ષણા ભક્તિ ઉદ્ધવસંપ્રદાયમાં કેન્દ્રસ્થાને હોય તે સ્વાભાવિક છે. મુક્તાનંદસ્વામીએ તો 'ઉદ્ધવગીતા' રચીને ભક્તિમાં સ્નેહ-હેતના મહિમાનું ગાન કરેલું. મોક્ષગતિ અપાવનાર પરિબળ સ્નેહ-પ્રેમલક્ષણાભક્તિ છે. એમના અનુગામી નિષ્કુળાનંદે પણ ગુજરાતી ભાષામાં ૪૪ કડવાની અને ૧૧ પદોની 'સ્નેહગીતા' રચીને સ્વામિનારાયણીય ભક્તિ પરંપરાની વિગત ગોપીઓના કૃષ્ણ પરત્વે પ્રેમ-સ્નેહને કારણે કેવી અવસ્થિતિમાં મુકાયેલી તેનું હૃદયસ્પર્શી આલેખન છે. ઉદ્ધવજી જ્યારે કૃષ્ણને લઈને મથુરા જવા માટે રથમાં લઈને નીકળ્યા એ સમયે એમની વિદાયવેળાના દશ્યમાંથી કરુણરસનો વિનિયોગ રસાનુભવ કરાવતી અર્થપૂર્ણ અભિવ્યક્તિથી કર્યો છે.

*'દૂર લગી તો રથ દીઠો, બેહ તેહ રહી જોઈ;*
*જ્યારે નમણે ગરદ ન દીઠી, ત્યારે પડી પૃથ્વીએ રોઈ.'*
(કડવું-૧૬, કડી-૨)

શ્રીહરિ પરત્વે હરિભક્તોએ કેવો સ્નેહ-પ્રેમ રાખવો એના દૃષ્ટાંત માટે નિષ્કુળાનંદજીએ 'સ્નેહગીતા'નું સર્જન કર્યું જણાય છે. ગોપાંગનાઓ જે રીતે લોકલાજ ત્યજીને કૃષ્ણમય બની એ રીતે ભક્તોએ શ્રીહરિમાં તન્મય અને તલ્લીન બનવાનું સૂચવતી કડી અવલોકીએ.

*'હરતાં ફરતાં કામ કરતા, કૃષ્ણ-કૃષ્ણ કરે કામિની,*
*પ્રીતવશ થઈ પ્રમદા, જાતિ જાણે નહીં દિન જામની.'*
(કડવું - ૩, કડી-૩)

શબ્દચિત્રાત્મક આલેખન, લયાન્વિત પદાવલિ, યમક આદિનું નિરૂપણ નિષ્કુળાનંદની કવિ પ્રતિભાનું દ્યોતક છે. પ્રભુમાં ઓતપ્રોત થઈને પ્રત્યેક ક્ષણે પ્રભુમય બનીને એનું જ સ્મરણ-રટણ કરવા ભાવકને દીશાદર્શન કરાવતા કવિનું પોતાનું પણ એ અનુભૂતિજગત જણાય છે. 'સ્નેહાગીતા'માંથી પસાર થતાં અહીં તો અક્ષરે-અક્ષરે, શબ્દે-શબ્દે સ્નેહ દ્રવે છે. સ્નેહભાવની અનુભૂતિ ભાવકને થાય છે. શ્રીહરિને જાણવાની ઇચ્છા થઈ કે ભગવાન પ્રત્યે કેવો સ્નેહ રાખવાનો-દાખવવાનો કે કરવાનો હોય તેના પ્રત્યુત્તર રૂપે નિષ્કુળાનંદ સ્વામીએ પ્રસ્તુત ગ્રંથની રચના કરેલી. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ગીતાકાવ્યોમાં, ૪૪ કડવાં અને ૧૧ પદોની મળીને કુલ ૪૯૦ કડીઓ અને વિવિધ પ્રકારના ભાવનારૂપ રાગ-રાગિણીમાં ઢાળેલી આ રચના (ઈ.સ. ૧૮૧૬) ધ્યાનાર્હ અને ઉલ્લેખનીય બની રહેશે. (ક્રમશઃ)■

શિવ રહસ્ય

# આસુરી તત્ત્વના સંહાર માટે લોકો હંમેશાં દેવીની ઉપાસના કરશે

ભરત પટેલ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

**પૃથ્વી** પર વેદોના અવતરણ બાદ અરવલ્લીના ડુંગરોમાં આબુની આસપાસ આહુક-આહુઆ નામનું ભીલ દંપતી રહેતું હતું. આ દંપતી ભગવાન શંકરનું પરમ ઉપાસક હતું. શિવભક્ત આહુઆ અતિથિના આદર સત્કાર માટે હંમેશાં તત્પર રહેતો. કૈલાસ ખાતે માતા પાર્વતી અને ભગવાન શિવ ખેલમાં વ્યસ્ત હતાં. ઘણાં સમયથી કોઈ ભક્તનો સ્વર કૈલાસ સુધી પહોંચ્યો નહોતો. માતા પાર્વતી કહે છે, 'સ્વામી, ઘણો સમય થઇ ગયો તમારા કે મારા ભક્તોમાંથી કોઈનો સ્વર કૈલાસ સુધી પહોંચ્યો નથી, ચાલો આપણે જોઈએ કે આપણાં ભક્તો શું કરી રહ્યા છે.' માતા પાર્વતી કહે છે, 'જુઓ સ્વામી, અરવલ્લીના આબુ પર્વતની તળેટીમાં રહેતા ભીલ પતિ-પત્ની આહુક અને આહુઆ તો આપનાં પરમ ભક્ત છે. આવું અનુપમ જીવન વ્યતીત કરનાર દંપતીને તમે કંઈ જ આપ્યું નથી? શું ભીલ જાતિ પ્રત્યે તમને તિરસ્કાર તો નથી આવી ગયો ને?' માતા પાર્વતીના સ્ત્રી સહજ વૃત્તિથી બોલાયેલા એ વેણને શિવજી સમજી ગયા. ભગવાન શિવે કહ્યું, 'હું આ ભીલ-ભીલડી વિશે જ વિચાર કરી રહ્યો હતો, તેમની કસોટી કર્યા વગર તો કેમ ચાલે? ભગવાન ભક્તોની આડકતરી રીતે કસોટી તો કર્યા જ કરે છે. આથી શિવજી પૃથ્વી પર આવ્યા. તેમણે યોગીનું રૂપ ધારણ કર્યું. સંધ્યા સમયે આહુકના બારણે આવીને બૂમ પાડી, 'છે કોઈ ઘરમાં?' આહુક-આહુઆ બહાર આવ્યાં. યોગીને જોઈ પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. યોગીએ જમણો હાથ ઊંચો કરી કહ્યું : 'તમારું કલ્યાણ થાઓ.' આહુક શી સેવા કરું પૂછતાં બોલ્યોઃ 'બોલો મહારાજ ! આપની શી સેવા કરું.' યોગી રૂપધારી (ભગવાન શિવ): 'આજે મારે નકરડો ઉપવાસ છે એટલે ભોજન તો નહિ લઉં. આરાસુરી અંબાના દર્શને જવું છે અને હું આદ્યશક્તિ અંબાનો પરમ ઉપાસક છું...' શિવભક્ત આહુકઃ 'મહારાજ! આપ આરાસુરી અંબાને દર્શને જાઓ એ પહેલાં અમારું આતિથ્ય સ્વીકારો અને અમને 'અંબા' મહાતત્ત્વનું ઐશ્વર્ય સાંભળવાની ઉત્કંઠા છે તો તેમનો મહિમા અને ઐશ્વર્ય કહી સંભળાવો.'

* * * *

યોગીસ્વરૂપે શિવજી પાર્વતીજીની પ્રશંસા કરતાં કહે છે : સર્વ મનોકામના પરિપૂર્ણ કરનાર ભગવતી ભવાની ભુવનેશ્વરી શ્રી અંબાને સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર માનવામાં આવે છે. વળી આ આદ્યશક્તિ અંબાને આદિમાયા, આદિશક્તિ, મહાશક્તિ પણ માનવામાં આવે છે. 'બ્રહ્મ' સાથેનો મહામાયાનો સંબંધ અભેદ્ય છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ જ આ 'અંબા' મહાતત્ત્વ છે, જે સર્વની જનેતા છે, તે અનાદિ અનંત છે, જે જન્મ અને મૃત્યુથી મુક્ત છે. આ અંબા-ભવાનીનું યાને પાર્વતીજીનું સ્વરૂપ સગુણ, નિર્ગુણ અને કલ્યાણક છે. એને મહાલક્ષ્મી, મહાસરસ્વતી, મહાકાલી બ્રહ્માણિ આદિ અનેકવિધ નામથી ઓળખવામાં આવે છે.

'શક્ત્યઃ સર્વભાવાનામ નિન્ત્યજ્ઞાન ગોચરાઃ'

અર્થાત્ શક્તિ એ આપણા જ્ઞાનનો વિષય નથી પણ સાધનાનો



વિષય છે. વેદનો જન્મ આ જગદંબા દ્વારા જ થયો છે. એનો સંબંધ સત્ત્વ, તમ અને રજથી પર છે. આ ચારુહા સિની, મહેશ્વરી, પરમેશ્વરી છે, જેમનું રૂપ દેવાંશી અને અવર્ણનીય છે તે સાક્ષાત્ જગદંબા છે!

આદ્યશક્તિ 'અંબા' મહાતત્ત્વ એ પૂર્ણ પ્રકૃતિ છે, મહાવિદ્યા કે મહામાયા છે. મંદબુદ્ધિવાળા એવા આપણે આ મહાતત્ત્વને, આ મહા વિદ્યાને ઓળખી શકતા નથી. યોગગમ્ય એવી આ ભગવતી ભવાની ભુવનેશ્વરીનો સાક્ષાત્ સંસર્ગ કે સાક્ષાત્કાર 'યોગ' દ્વારા જ શક્ય બને છે. પરબ્રહ્મની એ ઈચ્છા છે. હું જે 'અંબા' મહાતત્ત્વનું ઐશ્વર્ય કહું છું તે જ ઐશ્વર્ય 'શિવા' તત્ત્વની સર્વોપરિતા છે.

'શિવા' પોતે નિત્ય છે અને એમનો દેહ પણ નિત્ય છે. આ ભવાની ભુવનેશ્વરી ભગવતી, વિશ્વેશ્વરી, વેદગર્ભા, અંબા, વૈષ્ણવી વગેરે નામે પ્રખ્યાત છે.

'અંબા' મહાતત્ત્વ એ આદિજનની હોવાથી વંદનીય અને પૂજનીય છે. પ્રલય સમયે સમગ્ર વિશ્વને સમેટી લેવાની આ વિશ્વેશ્વરી અમોઘ શક્તિ ધરાવે છે. આ પૂર્ણ પ્રકૃતિમાં જીવપ્રાણીમાત્રની આકૃતિ પરિસમાપ્ત થાય છે, એમના દેહમાં સર્વ જીવોની આકૃતિ સમાઈ જાય છે. એમની કરોડો પ્રતિકૃતિઓ છે. સદાશિવની માફક શિવાના પણ અનેક અવતારો છે. એ મૂળ પ્રકૃતિ છે, એ અનાદિ છે, અનંત છે.

આહુક-આહુઆ યોગીજી મહારાજ (શિવજી)ને એકચિત્તે સાંભળી રહ્યાં છે.

બ્રહ્માંડની રચના આ 'અંબા' મહાતત્ત્વને આભારી છે. વિશ્વમાં જે કાંઈ દૃષ્ટિગોચર થાય છે તે એમને આભારી છે. આ મહાતત્ત્વ મહાશક્તિ છે, પરમ પુરુષ દૃષ્ટા છે, ચરાચર જગત દૃશ્ય છે. તે સર્વથી પર છે, દિવ્યાંગના છે. આ 'અંબા' આરાસુરી એટલે જીવપ્રાણીમાત્રની જનેતા, આખું જગત, બ્રહ્માંડ વગેરે 'અંબા'માં આવિર્ભાવ પામ્યું છે. એમનામાં સમાયેલું છે. આ 'અંબા' અખિલ જગતની ધાત્રી છે. અંબાની શક્તિથી વંચિત એક પણ વસ્તુ આ વિશ્વમાં દૃષ્ટિગોચર થતી નથી. જો આ આદ્યશક્તિની શક્તિ અલગ થઈ જાય તો વિશ્વની વ્યવસ્થા ખોરંભે પડી જાય.

શક્તિઓનાં બેસણાં તો સઘળે ઠેકાણે છે. આ અદૃશ્ય શક્તિઓ તમારા જેવા શ્રદ્ધાળુ ભક્તોનો આર્તનાદ પૃથ્વીના કોઈ પણ છેડાએથી સાંભળે છે, અને ભક્તોની મનોકામના પરિપૂર્ણ કરે છે.

ભવાની ભુવનેશ્વરી આદ્યશક્તિનો મહિમા અપરંપાર છે. પુરુષ શક્તિ જ્યારે પરાજય પામે અને એના બળના દીવડા જ્યારે ઓલવાઈ જાય છે, અસુરો વિજયઘેલા બની ત્રણેય લોકને ત્રાહિ ત્રાહિ પોકરાવે છે ત્યારે સ્ત્રી શક્તિ, માતૃ શક્તિ એટલે કે ભવાની ભુવનેશ્વરી પોતાના મહાબળથી ધર્મ અને ધરતીનું રક્ષણ કરે છે. આસુરી તત્ત્વો સામે લડવાનું કર્તવ્ય આવીને ઊભું રહે છે ત્યારે આ શક્તિ ક્ષણભરની ઢીલ કર્યા સિવાય મહાદૈત્યો સામે યુદ્ધમાં ઊતરે છે, અને એનો ધ્વંસ કરી ધર્મની સ્થાપના કરે છે.

સૃષ્ટિમાં શક્તિ સદૈવ સર્વોપરી, સર્વવ્યાપી, અદ્ભુત અને અલૌકિક સામર્થ્ય ધરાવતી અભીષ્ટ ફળદાતા છે. મહાન પુરુષોને પણ શક્તિની ઉપાસના કરવી પડે છે. શ્રી કૃષ્ણે પણ અર્જુનને કહ્યું હતું કે, હે અર્જુન ! જો તારે વિજય પ્રાપ્ત કરવો હોય તો તું શક્તિની ઉપાસના કર.

લોકકવિ કહે છે,

*'સતીકુળ સતી નીપજ, સતીકુળ સતી થાય;*
*છીપ મહેરામણ માંય, ડુંગર ન થાય દાદવા.'*

આદ્યશક્તિ ભવાનીનું દેવી કાલિકાને વરદાન મળ્યું હતું તે, તમે ચંડ-મુંડના મસ્તકો મારે ચરણ ધર્યા છે તેથી હવે તમારી ખ્યાતિ સંસારમાં 'ચામુંડા' દેવી તરીકે પણ થશે. આસુરી તત્ત્વના સંહાર માટે લોકો હંમેશાં તમારી ભક્તિ ઉપાસના કરશે. તમારું રૌદ્ર સ્વરૂપ હંમેશાં જગતના પાપીઓ, દુષ્ટાત્માઓ, નીચ અને શઠ લોકોને ભયભીત કરનાર બનશે.

સ્વાર્થ અને અહંકારથી અર્ચનપૂજન કરનાર સામે શિવા દૃષ્ટિ સુધ્ધા કરતાં નથી. શિવાદેવીને શરણે ગયેલ દેવ-દાનવ કે માનવ સૌ કોઈનું ભલું જ થયું છે, થાય છે. વળી શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કહી શકાય કે ભલું થવાનું જ છે.

શરણે આવેલાનું નિત્ય કલ્યાણ કરનાર રિદ્ધિ અને સિદ્ધ સ્વરૂપા માતા ભવાનીને આપણે હંમેશાં વંદન કરવાં જોઈએ, કારણ કે માતા ભવાની કૃપારૂપી 'વર્ષા' વરસાવે છે તેમ દલિત-પીડિત વર્ગને પરિતૃપ્ત કરે છે. સાથોસાથ પશુ-પંખી, માનવ, જીવ-જંતુ, વનસ્પતિ, વૃક્ષો વગેરેને પણ પરિતૃપ્ત કરે છે, પાલન કરે છે, પોષણ કરે છે અને રક્ષણ કરે છે. મા અંબાએ તો આસુરી તત્ત્વોનો તો બહુધા વિનાશ કર્યો છે. દાનવ-શક્તિને આ ભવાની ભુવનેશ્વરીએ હરહંમેશાં ભસ્મીભૂત કરી છે. (ક્રમશઃ)■

## હિ.પ્ર.ના મંડીમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ

શિમલાઃ હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં રવિવારે સવારે ૮-૪૨ વાગ્યે મધ્યમ તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપની તીવ્રતા ૩.૭ નોંધવામાં આવી હતી. આ માહિતી અધિકારીઓએ આપી હતી. જિલ્લાના કેટલાક ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જો કે જાનહાનિ થયાના કોઇ અહેવાલ ન હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મંડી જિલ્લામાં આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૭ નોંધાઇ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ મંડી વિસ્તારમાં ૩૧.૪૮ ડિગ્રી અક્ષાંશ અને ૭૬.૯૫ ડિગ્રી રેખાંશ પર સ્થિત હતું. ■

# વડા પ્રધાન મોદીએ મહાકુંભને એકતા સાથે જોડ્યો

## ભારતની ધાર્મિક પરંપરાઓની મજાક ઉડાવનારાઓની કરી ટીકા

છતરપુર (મધ્ય પ્રદેશ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓનો વિરોધ કરનારાઓની ટીકા કરી અને પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભને ''એકતાનો મહાકુંભ'' ગણાવ્યો હતો. મધ્ય પ્રદેશના છતરપુરમાં બાગેશ્વર ધામ મેડિકલ એન્ડ સાયન્સ રિસર્ચ સેન્ટર એન્ડ કેન્સર હોસ્પિટલનું ઉદઘાટન કર્યા પછી વડા પ્રધાન લોકોને સંબોધિત કરી રહ્યા હતા. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલો મહાકુંભ એક દુર્લભ ખગોળીય સંયોગને કારણે ૧૪૪ વર્ષ બાદ યોજાઈ રહ્યો છે.

મોદીએ કહ્યું હતું કે, નેતાઓનો એક વર્ગ ધર્મની મજાક ઉડાવે છે. તેઓ લોકોમાં ભાગલા પાડવામાં વ્યસ્ત છે અને ઘણી વખત વિદેશી શક્તિઓ પણ આ લોકોને સાથ આપીને દેશ અને ધર્મને નબળા પાડવાનો પ્રયાસ કરતી જોવા મળી રહી છે.

તેમણે કહ્યું હતું કે , હિંદુ આસ્થાને નફરત કરનારા આ લોકો સદીઓથી એક યા બીજા વેશમાં રહે છે. ગુલામીની માનસિકતાથી ઘેરાયેલા આ લોકો આપણા મઠો, મંદિરો, આપણા સંતો, આપણી સંસ્કૃતિ અને સિદ્ધાંતો પર હુમલો કરતા રહે છે. વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે આ લોકો આપણા તહેવારો, પરંપરાઓ અને રિવાજોનો દુરુપયોગ કરે છે. જે ધર્મ અને સંસ્કૃતિ સ્વભાવે પણ પ્રગતિશીલ છે તેના પર કાદવ ફેંકવાની હિંમત બતાવે છે. તેમનો એજન્ડા આપણા સમાજને વિભાજીત કરવાનો અને તેની એકતાને તોડવાનો છે.

મહાકુંભને સફળ બનાવવામાં 'સ્વચ્છતા કર્મીઓ' અને પોલીસ કર્મચારીઓની ભૂમિકાની પ્રશંસા કરતા મોદીએ કહ્યું કે હજારો ડોકટરો અને સ્વયંસેવકો સમર્પણ અને સેવાની ભાવના સાથે આ ''એકતાના મહાકુંભ''માં સ્વેચ્છાએ જોડાયા છે. તેમણે કહ્યું કે જે લોકો એકતાના આ મહાન કુંભમાં જઈ રહ્યા છે તેઓ આ પ્રયાસોની પ્રશંસા કરી રહ્યા છે. વડા પ્રધાને મેળામાં નેત્ર ચિકિત્સકો દ્વારા લોકોને આપવામાં આવતી સેવાઓની પણ પ્રશંસા કરી હતી.કેન્સર જેવા જીવલેણ રોગ સામે લડવા માટે તેમની સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે આ વર્ષના બજેટમાં આ રોગ સામે લડવા માટે ઘણી જાહેરાતો કરવામાં આવી છે અને કેન્સરની દવાઓ સસ્તી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આગામી ત્રણ વર્ષમાં દેશના દરેક જિલ્લામાં કેન્સર 'ડે કેર સેન્ટર' ખોલવામાં આવશે. ■




**શિલારોપણઃ** મધ્ય પ્રદેશમાં બાગેશ્વર ધામ મેડિકલ અને સાયન્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ બનાવવા માટે વડા પ્રધાન મોદીએ શીલારોપણવિધિ કરી હતી. (એજન્સી)



વડા પ્રધાન મોદી સોમવારથી ગુહાવાટીના સારુસઅજાઈની મુલાકાતે જવાના છે, ત્યારે તેમના મનોરંજન માટે ઝુમોઈર બીનાનંદિની કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. આ નૃત્ય સ્પર્ધામાં કલાકારો નવો વિશ્વવિક્રમ બનાવવા ઈચ્છી રહ્યા છે.

# ઉત્તર પ્રદેશના સંભલમાં લગાવવામાં આવશે ૩૦૦ સીસીટીવી કેમેરા

**તમામ ગતિવિધિ પર રહેશે પોલીસની નજર**

સંભલઃ ઉત્તર પ્રદેશના સંભલમાં ગત વર્ષે બનેલી હિંસક ઘટનાઓ બાદ હવે વહીવટી તંત્ર એલર્ટ પર છે. શહેરની સુરક્ષા માટે સંવેદનશીલ વિસ્તારો સહિત ૧૨૭ સ્થળોએ ૩૦૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. નગરપાલિકાના એક્ઝિક્યુટિવ ઓફિસર મણિ ભૂષણ તિવારીએ જણાવ્યું હતું કે, ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ શહેરભરમાં સર્વેલન્સ માટે ૨ કરોડ રૂપિયાના ખર્ચે સીસીટીવી કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. નોંધનીય છે કે ગયા વર્ષે ૨૪ નવેમ્બરના રોજ સંભલના કોટ ગર્વી વિસ્તારમાં મુગલકાળની જામા મસ્જિદના સર્વેક્ષણ દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. જેમાં ગોળી વાગવાથી ચાર લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા.મણિ ભૂષણ તિવારીએ જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્રે સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ભવિષ્યની કોઈપણ ઘટનાને અસરકારક રીતે મોનિટર કરવા માટે આ યોજનાનો પ્રસ્તાવ મુક્યો છે. તેમણે કહ્યું કે પહેલાથી જ લગાવેલા સીસીટીવી કેમેરાએ બદમાશોને ટ્રેક કરવામાં અને ઓળખવામાં નોંધપાત્ર મદદ કરી છે. અધિકારીએ જણાવ્યું હતું કે સમગ્ર શહેરમાં ૧૨૭ સ્થળોએ નવા સીસીટીવી કેમેરા સુરક્ષા અને દેખરેખને મજબૂત બનાવશે અને ટ્રાફિક વ્યવસ્થાપન, કાયદાનું અમલીકરણ અને જાહેર સલામતી વધારવાની અપેક્ષા છે, ખાસ કરીને સ્નેચિંગ અટકાવવા અને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મદદ મળશે.આ કેમેરા મુખ્ય પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળો, સંવેદનશીલ વિસ્તારો અને મુખ્ય ચોક પર લગાવવામાં આવશે. આ સાથે 'વોઈસ કંટ્રોલર' સિસ્ટમમાં એકીકૃત કરવામાં આવશે. તેમણે કહ્યું કે, બે કેન્દ્રિય કંટ્રોલ રૂમ દ્વારા કેમેરાનું નિયંત્રણ અને દેખરેખ હાથ ધરવામાં આવશે. એક કંટ્રોલ રૂમની કામગીરી અધિક પોલીસ અધિક્ષક (એએસપી) ની દેખરેખ હેઠળ કરવામાં આવશે, જ્યારે બીજો કંટ્રોલ રૂમ પોલીસ, મ્યુનિસિપલ અધિકારીઓ અને જાળવણી માટે જવાબદાર એજન્સી દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવશે. તેમણે કહ્યું કે એકવાર કામ પૂર્ણ થઈ જાય પછી સંભલની સમગ્ર ગતિવિધિઓ પર નજર રાખી શકાય છે. ■

## શ્રીલંકાએ ૩૨ ભારતીય માછીમારોની ધરપકડ કરી

કોલંબોઃ શ્રીલંકાએ રવિવારે ૩૨ ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી. ટાપુ રાષ્ટ્રના જળવિસ્તારમાં કથિત રીતે પ્રવેશ કરવાના આરોપમાં પાંચ માછીમારી બોટ પણ જપ્ત કરી હતી. આ માહિતી શ્રીલંકાના નૌકાદળે આપી હતી.

શ્રીલંકાના નૌકાદળે એક નિવેદનમાં જણાવ્યું કે મન્નારના ઉત્તરમાં દરિયાઇ વિસ્તારમાં એક વિશેષ અભિયાન દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી. શ્રીલંકાના જળવિસ્તારમાં ગેરકાયદે શિકાર કરતી વખતે પાંચ ભારતીય માછીમારી બોટ જપ્ત કરવામાં આવી હતી અને ૩૨ ભારતીય માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. નૌકાદળે જણાવ્યું કે ધરપકડ કરાયેલા માછીમારો અને તેમની બોટને તલાઇમન્નાર જેટી પર લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને કાનૂની કાર્યવાહી માટે મન્નારના ફિશરીઝ ઇન્સ્પેક્ટરને સોંપવામાં આવશે.

નિવેદનમાં જણાવાયું છે કે આ વર્ષે અત્યાર સુધીમાં નૌકાદળે શ્રીલંકાના જળવિસ્તારમાં ગેરકાયદે શિકાર કરવાના આરોપમાં ૧૩૧ ભારતીય માછીમારોની ધરપકડ કરી છે અને ૧૮ માછીમારી બોટ જપ્ત કરી છે. વર્ષ ૨૦૨૪માં ટાપુ રાષ્ટ્રના નૌકાદળે શ્રીલંકાના જળવિસ્તારમાં ગેરકાયદે શિકાર કરવાના આરોપસર ૫૨૯ ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોમાં માછીમારોનો મુદ્દો એક વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે.■

## એનએએસીપી એવૉર્ડઃ કમલા હેરિસને ચેરમેન્સ પ્રાઈઝ

લોસ એન્જલસ : અમેરિકાનાં ભૂતપૂર્વ ઉપપ્રમુખ કમલા હેરિસને 'નેશનલ એસોસિયશન ફોર ધ એડવાન્સમેન્ટ ઑફ કલર્ડ પીપલ' ચેરમેન એવૉર્ડ શનિવારે રાત્રે એનાયત કરવામાં આવ્યો હતો. કમલાએ આમાં શાંત અને સૌમ્ય સંદેશો આપ્યો હતો. કમલાએ નાગરિક અધિકાર સંસ્થાને અશ્વેતોનો સ્તંભ ગણાવ્યો હતો. તેમણે લોકોને પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની મુદત દરમિયાન તેમની આસ્થા જાળવી રાખવાનું કહ્યું હતું. કમલાએ કહ્યું હતું કે આપણા અમેરિકાની ગાથાના આ પ્રકરણમાં આપણી સામેના પડકારથી આપણે હતાશ ન થવું જોઈએ. આ પ્રકરણ ઓવલ ઑફિસમાં બેસનાર કે આપણામાંના સૌથી સમૃદ્ધ લોકો લખવાના નથી. આ પ્રકરણ તમારા અને આપણા એટેલે કે જનતા દ્વારા લખાશે. ગયા વર્ષની પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પે હેરિસને હરાવ્યા હતા. હેરિસ ઉપપ્રમુખ બનનાર પ્રથમ અશ્વેત વ્યક્તિ હતાં. ટ્રમ્પ સામે હારી ગયા બાદ હેરિસ પહેલી વાર જાહેરમાં દેખાયા હતા. (એજન્સી) ■

## યુદ્ધવિરામ વચ્ચે હમાસે છ બંધકો અને ઈઝરાયલે ૬૦૨ પેલેસ્ટાઈન કેદી મુક્ત કર્યા

જેરુસલેમ : ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામ વચ્ચે હમાસે શનિવારે ઈઝરાયલના છ બાનને મુક્ત કર્યા હતા. બધા બંધકોને આઈડીએફ અને આઈએસએની સંયુક્ત દેખરેખ હેઠળ તેમના ઘરે મોકલવામાં આવ્યા હતા. આના પહેલાં ઈઝરાયલના લશ્કરે બાનોને સલામ કરીને ગળે લગાડ્યા હતા. તેમનું તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ બાનના બદલામાં ઈઝરાયલે પેલેસ્ટાઈનના ૬૦૨ કેદીઓને મુક્ત કર્યા હતા. આ આદાનપ્રદાન ગાઝાના દક્ષિણના શહેર રફાહમાં થયું હતું. હમાસના બુકાનીધારી લડવૈયાઓએ બાનોને રેડ ક્રોસ એમ્બ્યુલન્સમાં બેસાડતા પહેલાં એક મંચમાં લાવ્યા હતા. સૌથી પહેલાં બે બંધક ચાલ શોહમ (૪૦) અને અવેરા મેંગિસ્ટુ (૩૯)ને મુક્ત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ વારાફરતી બીજા બંધકોને છોડ્યા હતા. ■

## સિટી ન્યૂઝ

# ગંદકી ફેલાવનારા મુંબઈગરા પાસેથી ₹ ૪.૫૪ કરોડનો દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ 'સ્વચ્છ મુંબઈ ઝુંબેશ' અંતર્ગત મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈને સ્વચ્છ રાખવાના પ્રયાસ હેઠળ ઠેર-ઠેર ગંદકી ફેલાવનારા પાસેથી દંડ વસૂલ કરવા માટે ક્લીન-અપ માર્શલ નીમવામાં આવ્યા છે. છેલ્લા ૧૧ મહિનાના સમયગાળામાં ૧,૪૦,૫૮૪ નાગરિકો પાસેથી ૪,૫૪,૫૧,૪૧૨ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં જરૂર પડી તો ક્લીન-અપ માર્શલની સંખ્યા વધારાવામાં આવશે.

મુંબઈમાં સાર્વજનિક જગ્યા પર ગંદકી ફેલાવનારા સામે વધુ આકરાં પગલાં લેવાનો નિર્દેશ પાલિકા પ્રશાસને આપ્યો છે. તેમ જ વૉર્ડ સ્તરે હાલ ૩૦-૩૦ ક્લીન-અપ માર્શલ નીમવામાં આવ્યા છે, પરંતુ અમુક સ્થળે તેના કરતા ઓછી સંખ્યામાં ક્લીન-અપ માર્શલ કામ કરી રહ્યા હોવાનું જણાઈ આવ્યું છે. તેથી પાલિકા પ્રશાસને ક્લીન-અપ માર્શલ પૂરા પાડનારી કંપનીઓને કામચોરી કરવાના પ્રકારણમાં આકરા અને દંડાત્મક પગલા લેવાની ચીમકી પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ આપી હતી.

'સ્વચ્છ મુંબઈ ઝુંબેશ' અંતર્ગત મુંબઈ મહાનગરપાલિકાના ઘનકચરા વિભાગ અને 'સ્વચ્છ મુંબઈ ઝુંબેશ' અભિયાન અંતર્ગત મુંબઈની સ્વચ્છતા માટે નીમવામાં આવેલા ક્લીન-અપ માર્શલની સંસ્થાના પ્રતિનિધિ સાથે ગુરુવારે પાલિકા મુખ્યાલયમાં સાંજે બેઠક થઈ હતી. આ દરમ્યાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ કહ્યું હતું કે મુંબઈમાં ગંદકી ફેલાવનારા સામે તો આકરાં પગલાં લેવામાં આવશે પણ સાથે જ કામચોરી કરનારા ક્લીન-અપ માર્શલની સંસ્થા સામે પગલા લેવામાં આવશે.મુંબઈમાં ચાર એપ્રિલ, ૨૦૨૪થી ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ આ ૧૧ મહિનાના સમયગાળા દરમ્યાન ગંદકી કરનારા ૧,૪૦,૫૮૪ નાગરિકો પાસેથી ૪,૫૪,૫૧,૪૧૨ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. દરેક પ્રશાસકીય વૉર્ડમાં જુદી જુદી ૧૨ સંસ્થા મારફત ૩૦-૩૦ ક્લીન-અપ માર્શલ નીમવામાં આવ્યા છે. જોકે અમુક વૉર્ડમાં આ સંખ્યા ઓછી જણાઈ આવી છે. તેથી સાર્વજનિક સ્થળે ગંદકી ફેલાવનારાઓ સામે પગલા લેવાનું પ્રમાણ ઘટી ગયું હોવાનું જણાઈ આવ્યું છે. ■

### કચરાનું વર્ગીકરણ નહીં કરનારા સામે આકરાં પગલાં

પાલિકા ડમ્પિંગ ગ્રાઉન્ડ પર ઠલવાતાં કચરાનું પ્રમાણ ઘટાડવા માગે છે. તેથી મોટા પ્રમાણમાં કચરાનું ઉત્પાદન કરનારી હાઉસિંગ સોસાયટી સહિત ઈન્ડિસ્ટ્રિયલ યુનિટ અને હોટલો વગેરેને તેમના પરિસરમાં જ સૂકા અને ભીના કચરાનું વર્ગીણકર કરવાનું પાલિકાએ ફરજિયાત કર્યું છે, જેને હજી પણ ગંભીરતાથી અમલમાં મૂકવામાં આવ્યું નથી. તેથી પાલિકાએ ફરી એક વખત ભીના અને સૂકા કચરાનું વર્ગીકરણ નહીં કરનારા અને ખુલ્લી જગ્યા પર કચરો બાળનારા અને જૈવિક કચરાનો યોગ્ય નિકાલ નહીં લાવનારા વિરુદ્ધ પણ કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. ■

### સૌથી વધુ દંડ દાદર-પરેલમાંથી

સાર્વજનિક સ્થળે ગંદકી ફેલાવનારાઓ સૌથી વધુ દંડ એફ-દક્ષિણ વોર્ડમાંથી વસૂલ કરવામાં આવ્યો છે. દાદર-પરેલ જેવા વિસ્તારમાંથી ગંદકી ફેલાવનારા પાસેથી ૩૧ લાખ ૩૪ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. બીજા નંબરે આર-મધ્ય એટલે બોરીવલી વિસ્તારમાંથી ૧૬ લાખ ત્રણ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જયારે ત્રીજા નંબરે આર-દક્ષિણના કાંદિવલી વિસ્તારમાંથી ૧૨ લાખ ૭૦ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હોવાનું એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું. ■



**સમારકામઃ** ઐતિહાસિક વારસાનો દરજ્જો ધરાવતા છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની મુખ્ય ઈમારતના ઘુમટનું સમારકામ કરી રહેલા મજૂરો. (અમય ખરાડે)

## પાલઘરના જનતા દરબારમાં કરાઈ કુલ ૭૪૧ ફરિયાદો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં પાલક પ્રધાન ગણેશ નાઇકના જનતા દરબારમાં કુલ ૭૪૧ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પાલક પ્રધાને અધિકારીઓને નાગરિકોની સેવાને એક ફરજ તરીકે સ્વીકારવાનું, નહીં કે કોઈને સમર્થન આપવાનું કહ્યું હતું.

જનતા દરબારમાં કરાયેલી ૭૪૧ ફરિયાદમાંથી ૩૬ ફરિયાદનો તાત્કાલિક નિકાલ લાવવામાં આવ્યો હતો જ્યારે અન્ય ફરિયાદોનો ૧૫ દિવસમાં ઉકેલ લાવવાનું આશ્વાસન ગણેશ નાઇકે નાગરિકોને આપ્યું હતું.

જિલ્લામાં પર્યટનના વિકાસ અંગેની ચર્ચામાં નાઇકે વહીવટીતંત્રની ઝાટકણી કાઢીને કહ્યું હતું કે રિસોર્ટ્સની ખોટી રીતે તપાસ કરવામાં આવે છે. રિસોર્ટના માલિકો કોઇ ગુનેગાર નથી. રોજગારની તકો ઉપલબ્ધ થાય તે માટે ટૂરિઝમને પ્રોત્સાહન આપવું જોઇએ. વહીવટીતંત્રે રિસોર્ટના માલિકો સાથે સહકારથી કામ લેવું જોઇએ. જિલ્લા અધિકારી, ડિવિઝનલ અધિકારીઓ અને તહેસિલદારોએ સાથે મળીને આ સમસ્યાનો નિકાલ લાવવો જોઇએ.

પાલઘર જિલ્લો હવે ચોથી મુંબઈ બનવા જઈ રહ્યો છે. અહીં વાઢવણ બંદર સહિતના અનેક વિકાસ પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે, એમ નાઇકે વધુમાં જણાવ્યું હતું. ■

# એસી લોકલમાંના ખુદાબક્ષો પાસેથી મ. રે. એ બે કરોડથી વધુનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફેબ્રુઆરી મહિનામાં મુંબઈમાં ગરમીના પારા ઉચકાતો જાય છે. ઠંડી ગાયબ થવાની સાથે મુંબઈગરાઓને આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે મુંબઈની લાઈફલાઈન લોકલ ટ્રેનમાં પ્રવાસીઓને ભીડનો સામનો કરવો પડે છે. વધતી ગરમી વચ્ચે મધ્ય રેલવેમાં એસી લોકલની સર્વિસમાં પણ વધારો થવાના સમાચાર છે. વધતી સર્વિસ વચ્ચે પણ મધ્ય રેલવેએ ટિકિટ ચેકિંગની પ્રક્રિયા વધુ સઘન બનાવી છે, જેમાં નવ મહિનામાં ૮૧,૦૦૦થી વધુ કેસ નોંધ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈની એસી લોકલમાં ટ્રાવેલ કરનારાની સંખ્યામાં વધારો થઈ છે ત્યારે એનો રેલવે પ્રશાસને પોલીસ પ્રશાસન સાથે મળીને ટિકિટ ચેકિંગનું અભિયાન સઘન બનાવ્યું છે. મધ્ય રેલવેમાં ટિકિટ ચેકિંગના સઘન અભિયાન અન્વયે એપ્રિલ, ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૮૧,૭૦૯ કેસ નોંધાયા હતા. એસી લોકલમાં હાલમાં ભાડામાં ઘટાડો કરવાની કોઈ યોજના નથી, જ્યારે ફર્સ્ટ ક્લાસના પાસધારકોને પણ કોઈ સુવિધા આપવામાં આવી કોઈ શક્યતા નથી, એમ અધિકારીએ સ્પષ્ટતા કરી હતી.

એપ્રિલ, ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં એસી લોકલમાં ટિકિટ વિના અથવા સાચી ટિકિટ નહીં હોવાના લગભગ ૮૧,૦૦૦થી વધુ કેસ નોંધાયા હતા, જ્યારે તેમની પાસેથી રેલવેએ ૨.૭૦ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. જોકે, એના વર્ષ પૂર્વે ૩૫,૦૦૦ જેટલા કેસ હતા. જાન્યુઆરી મહિનામાં ૮,૫૩૫, ડિસેમ્બરમાં ૯,૧૩૪, નવેમ્બરમાં ૯,૬૯૮ અને ઓક્ટોબરમાં ૧૧,૫૩૨ કેસ નોંધાયા હતા. ટિકિટ વિના મુસાફરી કરનારા પાસેથી રેલવેએ કુલ ૨૯.૫૬ લાખ, ૩૧.૮૪ લાખ અને ૩૭.૪૫ લાખ રુપિયાનો દંડ વસૂલ્યો હતો, એમ રેલવેએ જણાવ્યું હતું. મધ્ય રેલવેની એસી લોકલમાં રેગ્યુલર પ્રવાસી ટ્રાવેલ કરી શકે અને કોઈ તકલીફ પડે નહીં તેના માટે એસી ટાસ્ક ફોર્સ બનાવી છે, જ્યારે વોટસએપ નંબર (૭૨૦૮૮૧૯૯૮૭) પણ જાહેર કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, મોર્નિંગ સેશનમાં પણ વિશેષ મોનિટરિંગ કરવામાં આવે છે.

## બીડના સરપંચની હત્યાની તપાસ પર ધ્યાન આપવાની અમિત શાહે આપી છે ખાતરીઃ સુપ્રિયા સુળે

છત્રપતિ સંભાજીનગરઃ સરપંચ સંતોષ દેશમુખ હત્યા કેસમાં ધ્યાન આપવાની ખાતરી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આપી હોવાનો દાવો એનસીપી-એસપીનાં સાંસદ સુપ્રિયા સુળેએ મંગળવારે કર્યો હતો.

દેશમુખની હત્યા થયાને બે મહિનાનો સમય થઇ ગયો છે, પરંતુ હજી પણ ફરાર આરોપી કૃષ્ણ અધાલેની ધરપકડ કરવામાં નિષ્ફળ રહેલા બીડના સ્થાનિક પ્રશાસનની પણ સુળેએ ઝાટકણી કાઢી હતી.

પોલીસે આ કેસમાં અત્યાર સુધી સાત આરોપીની ધરપકડ કરી છે.

સુળેએ સૌથી પહેલા મસ્સાજોગ ગામમાં દેશમુખના પરિવારના સભ્યોની મુલાકાત લીધી હતી અને ત્યાર બાદ પરળીમાં હત્યા કરાયેલા વેપારી વેપારી મહાદેવ મુંડેના સંબંધીઓને મળ્યા હતા. ૨૦૨૩માં મહાદેવ મુંડેની પણ કથિત હત્યા કરાઇ હતી અને આ કેસનો પણ હજી ઉકેલ આવ્યો નથી.

સુળેએ મસ્સાજોગ ગામમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તેઓ અને બીડના સાંસદ બજરંગ સોનાવણે (એનસીપી-એઓસપી) સંતોષ દેશમુખ હત્યા કેસ પ્રકરણે ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા તથા ગૃહ પ્રધાને આ મામલે ધ્યાન આપવાની ખાતરી પણ આપી હતી. આ સિવાય દેશમુખના પરિવારને ન્યાય અપાવવા માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળીશું, એમ સુળેએ વધુમાં જણાવ્યું હતું.

તેમણે બીડ સુપરિન્ટેન્ડેન્ટ પોલીસ નવનીત કાનવત સાથે ફોન પર વાત કરીને આ કેસમાં પારદર્શક તપાસ કરાવવાની માગણી કરી હતી. આ અગાઉ સુળેએ વાલ્મિક કરાડેની ખંડણી કેસમાં પોલીસમાં શરણાગતિ સ્વીકારી હોવાનો વીડિયો શેર કરવા બદલ ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે વાલ્મિક કરાડે શરણાગતિનો વીડિયો શેર કર્યો. લોકોમાં આ પ્રકારનો વીડિયો શેર કરવાની કેટલી હિંમત હોય છે. કૃષ્ણા અધાલે ક્યાં ફરાર થઈ ગયો? જેઓ રોજ અમારા ફોન અમારા ફોન ટ્રેક કરી શકે છે તેઓ અધાલેને પકડી શકતા નથી. એ તદ્દન અસ્વીકાર્ય છે. ■

## મુંબઈનું પોલીસ સ્ટેશન બન્યું પાકિસ્તાનીનું ઘર

મુંબઈ : છેલ્લા ચાર મહિનાથી, દક્ષિણ મુંબઈનું એક પોલીસ સ્ટેશન ૬૫ વર્ષીય પાકિસ્તાની વ્યક્તિનું અસ્થાયી ઘર બની ગયું છે, જેણે ભારતમાં ગેરકાયદે પ્રવેશ માટે સજા ભોગવી છે અને હવે તે દેશનિકાલની રાહ જોઈ રહ્યા છે.

કરાચીના કાપડના વેપારી નાદિર મુનીર ખાન ગયા ઓક્ટોબરથી માતા રમાબાઈ આંબેડકર (એમઆરએ) માર્ગ પોલીસ સ્ટેશનના એક રૂમમાં રહે છે. દેશનિકાલ ન થાય ત્યાં સુધી તે પોલીસ સ્ટેશન છોડી શકશે નહીં. પોલીસે તેને પરિસરની બહાર પગ મૂકવાની મનાઈ ફરમાવી છે, એમ સિનિયર ઈન્સ્પેક્ટર સંતોષ ધનવતેએ જણાવ્યું હતું. ૧૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, શહેરના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ નજીક શંકાસ્પદ રીતે ફરતો મળી આવતા, એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ખાનની ધરપકડ કરી હતી. ■

# હાર્દિક પંડ્યાએ બાબરની વિકેટ લઈને રચ્યો ઈતિહાસ

દુબઈઃ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગઈ કાલે પાકિસ્તાન સામેની ગ્રૂપ 'એ'ની મૅચમાં હાર્દિક પંડ્યાએ બાબર આઝમ (૨૩ રન)ને આઉટ કરીને ભારત માટે નવો ઇતિહાસ રચ્યો હતો. તે આઇસીસી ટૂર્નામેન્ટોમાં ભારત વતી એક જ દેશ સામે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો છે. પાકિસ્તાન સામે તેની આ ૧૩મી વિકેટ હતી જે ભારતીય બોલર્સમાં નવો વિક્રમ છે.

હાર્દિકે બાબર પછી સાઉદ શકીલ (૬૨ રન)ને પણ આઉટ કર્યો હતો અને એ હાર્દિકની પાકિસ્તાન સામે ૧૪મી વિકેટ હતી.

પાકિસ્તાને ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી અને સાવચેતીપૂર્વકની ધીમી શરૂઆત કરી હતી. મોહમ્મદ શમી પ્રથમ ઓવરના પાંચ વાઇડવાળી ચર્ચાસ્પદ ઓવર બાદ ઈજા પામ્યો હતો અને પેસ બોલિંગમાં હાર્દિક તેમ જ હર્ષિત રાણા પર મોટી જવાબદારી આવી પડી હતી. એ સ્થિતિમાં હાર્દિકે પાકિસ્તાનની નવમી ઓવરમાં ૪૧ રનના કુલ સ્કોર પર બાબર આઝમને વિકેટકીપર કેએલ રાહુલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. હાર્દિકની પાકિસ્તાન સામે એ ૧૩મી વિક્રમજનક વિકેટ હતી.

પાકિસ્તાન સામે આઠ ઓવરમાં ૪૩ રનના ખર્ચે એક પણ વિકેટ ન લઈ શકનાર શમી વન-ડેમાં એક જ દેશ સામે સૌથી વધુ વિકેટ લેનારાઓમાં હાર્દિક પછી બીજા નંબરે છે.

### કોઈ એક દેશ સામે સૌથી વધુ વિકેટ લેનારા ભારતીયો

- હાર્દિક પંડ્યા, પાકિસ્તાન સામે ૧૪ વિકેટ
- મોહમ્મદ શમી, ન્યૂ ઝીલૅન્ડ સામે ૧૨ વિકેટ
- રવીન્દ્ર જાડેજા, વેસ્ટ ઇન્ડિઝ સામે ૧૧ વિકેટ
- જસપ્રીત બુમરાહ, અફઘાનિસ્તાન સામે ૧૦ વિકેટ
- જસપ્રીત બુમરાહ, બાંગ્લાદેશ સામે ૧૦ વિકેટ ■



# વન-ડેમાં કોહલીની વિરાટ સિદ્ધિઃ ૧૪,૦૦૦ રન પૂરા કરનાર ફાસ્ટેસ્ટ ખેલાડી

## સચિનની જેમ કિંગ કોહલીનો પણ ૧૪,૦૦૦મો રન પાકિસ્તાન સામે

દુબઈઃ ભારતના સુપરસ્ટાર બૅટર વિરાટ કોહલીએ રવિવારે ચૅમ્પિયન્સ ટ્રોફીની મૅચ મારફત નવો ઇતિહાસ સર્જ્યો હતો, કારણકે તે વન-ડે ઇન્ટરનૅશનલ ફૉર્મેટમાં સૌથી ઝડપે (સૌથી ઓછી ઇનિંગ્સમાં) ૧૪,૦૦૦ રન પૂરા કરનાર ખેલાડી બન્યો હતો. તેણે સચિન તેન્ડુલકરનો વિશ્વવિક્રમ તોડ્યો હતો. કોહલીએ ૧૪,૦૦૦ રન માત્ર ૨૮૭ ઇનિંગ્સમાં પૂરા કર્યા છે. લિટલ ચૅમ્પિયન સચિને ૩૫૦મી મૅચમાં અને (હવે ત્રીજા નંબરના) કુમાર સંગકારાએ ૩૭૮ ઇનિંગ્સમાં ૧૪,૦૦૦ રન પૂરા કર્યા હતા.

વન-ડેમાં સૌથી વધુ રન બનાવનારાઓમાં પણ કોહલી ત્રીજા નંબરે છે. તેના ૧૪,૦૦૦ રન સામે નંબર-વન બૅટર સચિન તેન્ડુલકરના ૧૮,૨૪૬ રન અને નંબર-ટૂ બૅટર કુમાર સંગકારાના ૧૪,૨૩૪ રન છે.

નવાઈની અને યોગાનુયોગ બાબત એ છે કે સચિન પછી કોહલીએ પણ ૧૪,૦૦૦મો રન પાકિસ્તાન સામે નોંધાવ્યો.

કોહલીએ રવિવારે માત્ર ૧૫ રન બનાવ્યા ત્યારે ૧૪,૦૦૦ના આંક પર પહોંચી ગયો હતો. તેણે આ સિદ્ધિ પાકિસ્તાનના હારિસ રઉફની ઓવરના એક બૉલમાં ફોર ફટકારીને હાંસલ કરી હતી.

૩૬ વર્ષનો કોહલી વર્તમાન બૅટર્સમાં સર્વશ્રેષ્ઠ છે. વન-ડેમાં ૧૩,૦૦૦ રન પૂરા કરનારાઓમાં પણ તે ફાસ્ટેસ્ટ હતો. વન-ડે ફૉર્મેટમાં સૌથી વધુ ૫૦ સેન્ચુરી ફટકારવાનો વિશ્વવિક્રમ કોહલીના નામે છે.

### વન-ડેમાં ભારતીય ફીલ્ડર તરીકે સૌથી વધુ કૅચ કોના?

- વિરાટ કોહલી, ૨૯૯ મૅચમાં ૧૫૮ કૅચ
- મોહમ્મદ અઝહરુદ્દીન, ૩૩૪ મૅચમાં ૧૫૬ કૅચ
- સચિન તેન્ડુલકર, ૪૬૩ મૅચમાં ૧૪૦ કૅચ
- રાહુલ દ્રવિડ, ૩૪૪ મૅચમાં ૧૨૪ કૅચ
- સુરેશ રૈના, ૨૨૬ મૅચમાં ૧૦૨ કૅચ ■

# 'પાકિસ્તાન જ જીતવું જોઈએ, મજા આવશે' એવું સનસનાટીભર્યું નિવેદન અતુલ વાસને મૅચ પહેલાં કેમ કર્યું હતું?

દુબઈ/નવી દિલ્હીઃ ગઈ કાલે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની મૅચ ટીમ ઇન્ડિયા જ જીતે એવી કરોડો ભારતીય ક્રિકેટ પ્રેમીઓ આશા રાખીને બેઠાં હશે એવામાં મૅચના થોડા કલાકો પહેલાં ભારતના જ એક ભૂતપૂર્વ ફાસ્ટ બોલરે ચોંકાવનારા નિવેદનમાં કહ્યું છે કે 'આ મૅચ તો પાકિસ્તાન જ જીતવું જોઈએ, મજા આવશે.'

૧૯૯૦-૯૧ દરમ્યાન ભારત વતી ચાર ટેસ્ટ અને નવ વન-ડે રમી ચૂકેલા ભૂતપૂર્વ ફાસ્ટ બોલર અતુલ વાસનના આ સનસનાટીભર્યા નિવેદન પાછળનો આશય જાણવા જેવો હતો.

એ.એન.આઈ.ના અહેવાલમાં મૂળ દિલ્હીના અતુલ વાસને આ હાઈ-વૉલ્ટેજ મુકાબલા માટે પાકિસ્તાનને સપોર્ટ કેમ કર્યો એ જણાવાયું હતું.

૫૬ વર્ષીય અતુલ વાસનનું માનવું હતું કે ભારત સામે જો પાકિસ્તાન જીતે તો જ આ ટૂર્નામેન્ટમાં ખરો રોમાંચ અને ખરી રસાકસી ટકી રહેશે.



અતુલ વાસને ગઈ કાલે મૅચ પહેલાં એવું કહ્યું હતું કે 'હું તો ઇચ્છું છું કે આ મૅચ પાકિસ્તાન જ જીતે, મઝા આયેગા. જો પાકિસ્તાન નહીં જીતે તો પછી બાકી શું રહ્યું? બીજી વાત એ છે કે પાકિસ્તાન જો જીતે તો જ આ ટૂર્નામેન્ટમાં ખરી હરીફાઈ જળવાઈ રહે. સ્પર્ધામાં બરાબરીની હરીફાઈ હોવી જોઈએ. પાકિસ્તાન આવી મહત્ત્વની મૅચ જીતે તો જ આ સ્પર્ધા વધુ ઇન્ટરેસ્ટિંગ બને. નહીં તો પછી આ સ્પર્ધામાં ઘણા લોકો રસ નહીં લે.'

જોકે અતુલ વાસનનું ભારતીય ટીમની બાબતમાં એવું કહેવું હતું કે 'ભારતની બૅટિંગ લાઇન-અપ ખૂબ લાંબી અને જબરદસ્ત છે. હાલમાં તમામ ટીમોમાં ભારતની ટીમ ગ્રેટેસ્ટ છે અને દુબઈમાં આક્રમણ શરૂ કરવાની બાબતમાં ભારતીય ટીમનો જે પ્લાન છે એને હું દિલથી સપોર્ટ કરું છું.' ■

# પાકિસ્તાનની ઈનિંગ્સમાં ગુજરાતી ક્રિકેટરોની બોલબાલાઃ હાર્દિક, અક્ષર અને જાડેજા છવાઈ ગયા

દુબઈઃ અહીં ભારત સામેની ચૅમ્પિયન્સ ટ્રોફીની બહુચર્ચિત અને રોમાંચક મૅચમાં ગઈ કાલે ભારતને ખાસ કરીને ત્રણ ગુજરાતી ખેલાડીઓએ મોટી મુસીબતમાંથી ઉગારી લીધું હતું. જો આ ત્રણ ગુજરાતી ખેલાડીઓનો પર્ફોર્મન્સ ઉત્કૃષ્ટ કક્ષાનો ન હોત તો પાકિસ્તાનની ટીમ પહેલી ૪૦ ઓવરમાં ૨૦૦ રનનો આંકડો આસાનીથી પાર કરી ગઈ હોત. એને બદલે ૪૦ ઓવરને અંતે તેમના પાંચ વિકેટે ૧૮૩ રન હતા. હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ અને રવીન્દ્ર જાડેજાએ રંગ રાખ્યો.

ખરેખર તો પાકિસ્તાનની પહેલી સાત વિકેટમાં આ ત્રણ ગુજરાતી ખેલાડીઓ છવાઈ ગયા હતા.

બન્યું એવું કે મોહમ્મદ શમીના પહેલી જ ઓવરના પાંચ વાઇડ બાદ તેમ જ તેની પગની ઈજાને કારણે પેસ બોલિંગમાં હર્ષિત રાણા તથા હાર્દિક પંડ્યા પર મોટો બોજ આવી પડ્યો હતો અને સ્પિનરોની ફોજ પાસેથી ભારતની અપેક્ષા વધી ગઈ હતી.



જોકે નવમી ઓવરમાં પાકિસ્તાનનો સ્કોર ૪૧ રન હતો ત્યારે હાર્દિકે બાબર આઝમ (૨૩ રન)ની મહત્ત્વની વિકેટ અપાવી હતી. તે વિકેટકીપર કેએલ રાહુલના હાથમાં કૅચઆઉટ થયો હતો.

૧૦મી ઓવરમાં 'બાપુ' અક્ષર પટેલે ઓપનર ઇમામ-ઉલ-હક (૧૦ રન)ને રનઆઉટ કરી દેતાં પાકિસ્તાનની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો.

ઇમામની વિકેટ પડ્યા પછી કૅપ્ટન મોહમ્મદ રિઝવાન અને સાઉદ શકીલ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૦૪ રનની મજબૂત ભાગીદારી થઈ હતી જે ૩૪મી ઓવરમાં અક્ષર પટેલે તોડી હતી. તેણે રિઝવાનને એક જીવતદાન બાદ ક્લીન બોલ્ડ કર્યો હતો. રિઝવાને ૭૭ બૉલમાં ત્રણ ફોરની મદદથી ૪૬ રન બનાવ્યા હતા.

ચોથી વિકેટ શકીલની હતી અને એ વિકેટમાં બે ગુજરાતીનો સહિયારો રોલ હતો. શકીલે પાંચ ફોરની મદદથી ૭૫ રનમાં ૬૨ રન બનાવ્યા હતા અને ભારત માટે વધુ ખતરો સાબિત થઈ શક્યો હોત, પરંતુ ૩૫મી ઓવરમાં હાર્દિકે તેને ડીપ મિડવિકેટ પર અક્ષરના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

બે ઓવર બાદ 'અસ્સલ બાપુ' રવીન્દ્ર જાડેજા ત્રાટક્યો હતો. તેણે છઠ્ઠા નંબરના બૅટર તૈયબ તાહિર (૪ રન)ને ક્લીન બોલ્ડ કરીને પાકિસ્તાનના મિડલ-ઑર્ડરની કમ્મર ભાંગી નાખી હતી.

૪૩મી ઓવર કુલદીપ યાદવે કરી હતી જેમાં સલમાન આગા (૧૯ રન)નો જાડેજાએ અફલાતૂન કૅચ પકડ્યો હતો.

પાકિસ્તાનની પહેલી છ વિકેટમાં માત્ર કેએલ રાહુલ અને કુલદીપને બાદ કરતા ત્રણેત્રણ ગુજરાતી ખેલાડીઓ (હાર્દિક, અક્ષર, જાડેજા)ની ભૂમિકા હતી. તેમણે આ મૅચ જોવા આવેલા હજારો ભારત-તરફી ક્રિકેટપ્રેમીઓને ખુશ કરી દીધા હતા.

પાકિસ્તાનની ૨૪૧ રનની ઇનિંગ્સમાં હાર્દિકે કુલ બે વિકેટ લીધી હતી, જ્યારે અક્ષર તથા જાડેજાએ એક-એક વિકેટ લેવાની સાથે એક-એક કૅચ પણ પકડ્યો હતો. એટલું જ નહીં, અક્ષરે બે રનઆઉટ પણ કર્યા હતા. ■

# અરે વાહ! જસપ્રીત બુમરાહ દુબઈમાં...જાણો શા માટે....

દુબઈઃ ભારતનો નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં નથી રમી રહ્યો, પણ ગઈ કાલે તે દુબઈમાં તો હતો જ.

તમને નવાઈ લાગી હશે કે પીઠની ઈજાને કારણે બુમરાહ આ સ્પર્ધાની બહાર થઈ ગયો છે તો પછી દુબઈ શા માટે પહોંચી ગયો.

ગઈ કાલે તે આઇસીસી દ્વારા આયોજિત એક સમારોહમાં હતો તેમ જ દુબઈના સ્ટેડિયમમાં ભારતીય ખેલાડીઓને મળ્યો હતો અને તેનો ઉત્સાહ વધાર્યો હતો.

વાત એવી છે કે બુમરાહ આઇસીસીએ તેના માટે તાજેતરમાં જાહેર કરેલા પુરસ્કારો સ્વીકારવા માટે ગઈ કાલે સવારે દુબઈમાં હતો.

૩૧ વર્ષના ટેસ્ટ જગતના નંબર-વન બોલરને આઇસીસીએ મેન્સ ક્રિકેટર ઑફ ધ યર તથા મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઑફ ધ યર સહિત કુલ ચાર પુરસ્કારથી સન્માનિત કર્યો હતો.

આઇસીસીએ 'એક્સ' પર બુમરાહની પુરસ્કારથી નવાજેશ કરી એને લગતા ફોટોગ્રાફ પોસ્ટ કર્યા હતા.

ગયા વર્ષે બુમરાહે ટેસ્ટ ક્રિકેટમાં જબરદસ્ત પર્ફોર્મ કર્યું હતું. તેણે ૧૩ મૅચમાં ૭૧ વિકેટ લીધી હતી. તેના પછીના બીજા ક્રમના બોલરની તેનાથી ઘણી ઓછી એટલે કે બાવન વિકેટ હતી. એ બાવન વિકેટ ઇંગ્લૅન્ડના ગસ ઍટકિન્સનના નામે છે જે તેણે ૧૧ મૅચમાં લીધી હતી. ■



## મૅચ દુબઈમાં, જોશ અને ઝનૂન અમદાવાદમાં





રવિવારે દુબઈમાં મૅચ પહેલાં સ્ટેડિયમની દીવાલ પર ભારત-પાકિસ્તાનના ખેલાડીઓની વિરાટ ઇમેજ ચમકાવવામાં આવી હતી. બીજી તરફ, અમદાવાદમાં બે ક્રિકેટ ક્રેઝીઓએ બન્ને દેશના ધ્વજના રંગને દર્શાવતા ઝનૂનમાં સહિયારો પોઝ આપ્યો હતો. (પીટીઆઇ)

# પહેલી જ ઓવરમાં શમીના પાંચ વાઇડ અને ત્રણ ઓવર પછી ઘાયલ થઈને આઉટ

દુબઈઃ કહેવાય છેને કે 'ઘોડો દશેરાએ જ ન દોડે'. તાજેતરમાં જ લગભગ ૧૪ મહિને ટીમ ઇન્ડિયામાં કમબૅક કરનાર પેસ બોલર મોહમ્મદ શમીના કિસ્સામાં આવું જ બન્યું.

પૂરો ફિટ ન હોવાની શંકા સાથે તેને ગઈ કાલે અહીં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન સામેની અત્યંત મહત્ત્વની મૅચની પ્લેઇંગ-ઇલેવનમાં સ્થાન મળ્યું અને એમાં શરૂઆતમાં જ તેણે કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓને નિરાશ કરી દીધા. મૅચની પહેલી જ ઓવરમાં તેનાથી એક, બે કે ત્રણ નહીં, પણ પાંચ-પાંચ વાઇડ પડ્યા હતા, આખી ઓવર ૧૧ બૉલની થઈ હતી. એટલું પૂરતું ન હોય એમ શમી થોડી જ વાર પછી ઈજા પામ્યો હતો અને પોતાની ત્રીજી ઓવર પછી તો તેણે પગની ઈજાને લીધે મેદાન પરથી ચાલતી પકડી હતી. તે લગભગ ૨૦ મિનિટ મેદાનની બહાર હતો અને ૧૧મી ઓવર પછી ફરી બોલિંગ શરૂ કરી હતી.

ભારતે પહેલી ઓવરથી જ પાકિસ્તાનના ઓપનર્સ પર દબાણ લાવવાની જરૂર હતી ત્યાં શમીને કારણે ભારતીય ટીમનો ફુગ્ગો ફૂટી ગયો હતો.

જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં શમી પર મોટી જવાબદારી અને બોજ છે અને સામે પાકિસ્તાન જેવી કટ્ટર હરીફ ટીમ હોય એટલે કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓની અપેક્ષાનો ભાર પણ આવા અવ્વલ દરજ્જાના બોલર પર હોય એ સ્વાભાવિક છે, પરંતુ શમીએ શરૂઆતમાં જ ભારતને નિરાશ કર્યા. શમીના આ બેફામ વાઇડના સિલસિલાને લીધે ઇમામ-ઉલ-હક કે બાબર આઝમને કોઈ જ પરેશાની નહોતી થઈ.

### શમીની પ્રથમ ઓવરના ૧૧ બૉલ પર એક નજર...

- પ્રથમ બૉલઃ ડૉટ બૉલ
- બીજો બૉલઃ વાઇડ
- બીજો બૉલઃ ડૉટ બૉલ
- ત્રીજો બૉલઃ વાઇડ
- ત્રીજો બૉલઃ વાઇડ
- ત્રીજો બૉલઃ ડૉટ બૉલ
- ચોથો બૉલઃ એક રન
- પાંચમો બૉલઃ ડૉટ બૉલ
- છઠ્ઠો બૉલઃ વાઇડ
- છઠ્ઠો બૉલઃ વાઇડ
- છઠ્ઠો બૉલઃ ડૉટ બૉલ


નોંધઃ શમીની આ ઓવરમાં પાંચ વાઇડ સહિત કુલ છ રન બન્યા હતા અને ઓવરને અંતે પાકિસ્તાનનો સ્કોર ૬/૦ હતો. ■












## દુબઈના ક્રિકેટોત્સવમાં ભારતનો જયજયકાર

દુબઈમાં રવિવારે એક તરફ ભારત-પાકિસ્તાનની મૅચ પહેલાં ચૅમ્પિયન્સ ટ્રોફી સાથે ભૂતપૂર્વ ઑલરાઉન્ડર ઇરફાન પઠાણ હતો તો બીજી બાજુ બન્ને દેશના ચાહકો ખૂબ ઉત્સાહમાં હતા. પટનામાં સવારે બાળકોએ બૅટ સાથે ટીમ ઇન્ડિયાને શુભેચ્છા પાઠવી હતી તો ચેન્નઈમાં મરિના બીચ ખાતે કેટલાક ચાહકોએ ઘોડા પર બેઠાં-બેઠાં પણ બિગ સ્ક્રીન પર મૅચની ઝલક જોવાની તક નહોતી છોડી. આઇસીસીના ચૅરમૅન જય શાહ પણ મૅચ જોવા મેઘાલયના સીએમ સંગમા તથા ભાજપના નેતા બિપ્લબ દેબ સહિત બીજા મહેમાનો સાથે દુબઈના સ્ટેડિયમમાં જોવા મળ્યા હતા. (પીટીઆઇ)



# નિફ્ટીમાંથી બીપીસીએલ અને બ્રિટાનિયા બાકાત

મુંબઇઃ નિફટી૫૦ બેન્ચમાર્કના ઘટકના ફેરફારના ભાગરૂપે ઝોમેટો અને જિયો ફાઇનાન્શિયલ બ્રિટાનિયા અને બીપીસીએલનું સ્તાન લેશે અને આ ફેરફારો ૨૮ માર્ચથી અમલમાં આવશે. ઝોમેટોનો સમાવેશ ૭૦૨ મિલિયન ડોલરનો ઇન્ફલો, જ્યારે જીઓ ફાઇનાન્શિયલ સર્વિસિસના સમાવેશથી ૪૦૪ મિલિયન ડોલરનો ઇન્ફલો અપેક્ષિત છે.

ફૂડ ડિલિવરી જાયન્ટ ઝોમેટો અને ફાઇનાન્શિયલ સર્વિસ પ્લેયર જીઓ ફાઇનાન્શિયલ સર્વિસિસને અર્ધ-વાર્ષિક ફેરબદલના ભાગરૂપે નિફટી૫૦ ઇન્ડેક્સમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. આની સામે ઓઇલ માર્કેટિંગ કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને એફએમસીજી પ્લેયર બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝને બાકાત કરવામાં આવ્યા છે.

આ ફેરફારો ૨૮ માર્ચથી અમલમાં આવશે. આ ફેરફારો નિફ્ટી૫૦ ઇક્વલ વેઇટ ઇન્ડેક્સ પર પણ લાગુ થશે. સ્થાનિક બ્રોકરેજ ફર્મના જણાવ્યા અનુસાર, ઝોમેટોનો સમાવેશ ૭૦૨ મિલિયન ડોલરનો પેસિવ ઇન્ફલો આકર્ષી શકે છે, જ્યારે જિઓ ફાઇનાન્શિયલ સર્વિસિસના સમાવેશથી ૪૦૪ મિલિયન ડોલરનો પ્રવાહ આવી શકે છે. બીજી તરફ, બીપીસીએલ અને બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝને બાકાત રાખવાથી અનુક્રમે ૨૪૦ મિલિયન ડોલર અને ૨૬૦ મિલિયન ડોલરનો આઉટફલો થઈ શકે છે.

માર્ચના પુનઃસંતુલન માટે, ઇન્ડેક્સ પ્રોવાઇડર પહેલી ઓગસ્ટથી ૩૧મી જાન્યુઆરીના સમયગાળા દરમિયાન પ્રવર્તમાન સરેરાશ ફ્રી ફ્લોટ માર્કેટ કેપનો આધાર લે છે. નિફ્ટી ૫૦ ઇન્ડેક્સમાં સહભાગી સ્ટોક્સ માટે ફ્યુચર્સ એન્ડ ઓપ્શન સેગમેન્ટમાં સામેલ કરવો ફરજિયાત છે. ■

# ટેરિફ વોરની અસરો, અમેરિકા અને ભારતના જીડીપી અને ઓટો સેલ્સ ડેટા સહિતનાં પરિબળો આખલાને જંપવા નહીં દે

**ફોર કાસ્ટ**
**નિલેશ વાઘેલા**

મુંબઇઃ ટેરિફ વોર અને ફેડરલના રેટ કટ અંગેના નકારાત્મક સંદેશ સાથે એફઆઇઆઇની અવિરત વેચવાલીને કારણે શેરબજારે સતત પીછેહઠ નોંધાવી રહ્યું છે. ટેરિફ વોર શરૂ થયા પછીના ખાસ કરીને ચીન અને યુરોપિયન સંઘના પ્રત્યાઘાતને કારણે ઇક્વિટી ઇન્વેસ્ટર્સના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચી છે. પાછલા ચાર સત્રમાં સેન્સેક્સ ૬૮૫.૮૦ પોઇન્ટ અને નિફ્ટી ૧૬૩.૬૦ પોઇન્ટ ગબડ્યો છે. ટેક્નિકલ ધોરણે નિફ્ટીમાં ચાર્ટમાં નબળાઇના સંકેત છે.

નિષ્ણાતોના મતે, ૨૪ ફેબ્રુઆરીથી શરૂ થતા ટૂંકા સપ્તાહમાં બજારના સહભાગીઓ સાવચેતીભર્યું વલણ અપનાવશે. બજારની નજર ભારત અને અમેરિકાના ત્રિમાસિક આર્થિક વૃદ્ધિના આંકડા, માસિક ઓટો વેચાણ ડેટા, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ટેરિફ પરના વિકાસ અને યુક્રેન અને રશિયા વચ્ચે શાંતિ વાટાઘાટો સંબંધિત અપડેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

એકધારો ડાઉનટ્રેન્ડ ચાલુ રાખતા ૨૧ ફેબ્રુઆરીના રોજ રેન્જબાઉન્ડ અને અસ્થિર ટ્રેડિંગ વચ્ચે બજાર સપ્તાહ નકારાત્મક નોંધ પર બંધ થયું હતું. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા પારસ્પરિક ટેરિફ અને એફઓએમસી મિનિટ્સની જાહેરાતમાં ફુગાવાના જોખમને ટાંકીને વધુ દર ઘટાડામાં વિરામનો સંકેત, તેમજ વિદેશી ફંડોના સતત વેચાણ સાથે બજારનું મોરલ ઘવાયું છે. જોકે, ક્રૂડ ઓઇલના ભાવમાં સતત ઘટાડો અને ડીઆઇઆઇની નોંધપાત્ર ખરીદીએ બજારને ટેકો આપ્યો છે.

આ સપ્તાહમાં બજારના સહભાગીઓ સાવચેતીભર્યું વલણ જાળવી રાખે તેવી અપેક્ષા છે, જેમાં ભારત અને અમેરિકાના ત્રિમાસિક આર્થિક વૃદ્ધિના આંકડા, માસિક ઓટો વેચાણ ડેટા, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ટેરિફ વૌરની દિશામાં વધુ હિલચાલ અને યુક્રેન તથા રશિયા વચ્ચે શાંતિ વાટાઘાટો સંબંધિત અપડેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. નિષ્ણાતોના મતે આ અઠવાડિયે માસિક ફ્યુચર્સ અને ઓપ્શન્સ કોન્ટ્રાક્ટની સમાપ્તી આવતી હોવાથી અફડાતફડી અને અસ્થિરતા વધી શકે છે.

સપ્તાહને અંતે નિફ્ટી ૫૦ બેન્ચમાર્ક ૦.૬ ટકા ઘટીને ૨૨,૭૯૬ પોઇન્ટના સ્તરે અને બીએસઈ સેન્સેક્સ ૦.૮ ટકા ઘટીને ૪૮,૯૮૧ પોઇન્ટના સ્તરે સ્થિર થયો છે, જોકે, તાજેતરના ભારે ઘટાડા પછી વ્યાપક બજારોમાં મજબૂત ખરીદીનો રસ જોવા મળ્યો હતો, જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં અનુક્રમે ૧.૭ ટકા અને ૧.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

ટેસ્લાના સંભવિત પ્રવેશને કારણે સ્પર્ધા વધવાના ભયથી ઓટો શેરો દબાણ હેઠળ હતા, અને પારસ્પારિક ટેરિફના ભયથી ફાર્મા કાઉન્ટર્સમાં સેન્ટિમેન્ટમાં ઘટાડો થયો હતો. એફએમસીજી અને આઇટી શેરો પણ રેડ ઝોનમાં ગબડ્યા હતા, પરંતુ મેટલ શેરોમાં ચમકારો જોવા મળ્યો હતો. અન્ય હલતલમાં બર્મન પરિવારે ઓપન ઓફર પછી હિસ્સો નિયંત્રિત કરવાનો લાભ મેળવ્યો હોવાના અહેવાલો વચ્ચે રેલીગેરમાં, ગ્રીન એનર્જી ક્ષેત્રે ભારત લાઇટ એન્ડ પાવર સાથેના સોદાના અહેવાલોએ એનટીપીસી ગ્રીનના શેરમાં ચમકારો જોવા મળ્યો હતો. કંપની બોર્ડે રૂ. ૪,૫૦૦ કરોડના રાઇટ્સ ઇશ્યૂ પ્લાનને મંજૂરી બાદ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ફેસિલિટી મેનેજમેન્ટ સેકટરની કંપની સુપ્રિમ ફેસિલિટી મેનેજમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૨૫.૯૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૦૦.૭૭ કરોડની કુલ આવક ૩૩.૦૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૮.૬૩ કરોડનો એબિટા અને ૧૯૪.૮૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪.૮૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જેએમ ફાઇનાન્શિયલના શેરમાં રૂ. ૨૩૦ કરોડનું ટેક્સ રિફંડ મળવાના અહેવાલોએ તેજી હતી. અમેરિકાની મજબૂત માગની આશા, રશિયાના પુરવઠાની ચિંતાના અહેવાલો વચ્ચે ક્રૂડતેલમાં સુધારો જોવા મળ્યો છે. ટ્રમ્પ ટેરિફની ચિંતાઓ વચ્ચે સોનું સતત આઠમી સાપ્તાહિક આગેકૂચ આગળ વધ્યું છે. પ્રાથમિક મૂડીબજાર હાલ શાંત છે પરંતુ પાઇપલાઇનમાં ૧૦૦૦ ભરણાં હોવાના અહેવાલ છે.

ટ્રમ્પે નવા વિધાનમાં સેમીકન્ડકટર અને ફાર્માસ્યુટિકલ્સ સહિતની ચીજો પર નવી ટેરિફ લાદવાના અથવા વધારવાના સંકેત આપ્યા હોવાથી ઇક્વિટી ઇન્વેસ્ટર્સનું સેન્ટિમેન્ટ વધુ ખોરવાયું છે અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી પણ અવિરત રહેવાની સંભાવનાને કારણે બજારનું મોરલ ખખડી ગયું છે.

ભારતીય માલ પર સંભવિત યુએસ ટેરિફ અંગે વધતી ચિંતાઓને કારણે સ્થાનિક ઇક્વિટી બેન્ચમાર્કમાં નજીવો ઘટાડો થયો હતો. ટ્રમ્પની પ્રસ્તાવિત વેપાર નીતિ ફુગાવાજન્ય દબાણ વધારે એવી ધારણાં છે. તાજેતરની ફેડરલ રિઝર્વની મિનિટ્સ સૂચવે છે કે વ્યાજ દરમાં ઘટાડો વિલંબિત થઈ શકે છે.

દરમિયાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (આઇસીએમએઆઇ)ની પશ્ચિમ ભારત પ્રાદેશિક પરિષદે મુંબઈમાં રિજનલ કોસ્ટ કન્વેન્શન ૨૦૨૫નું આયોજન કર્યું હતું, જેમાં નવિકસિત ભારત ૨૦૪૭ માટે પરિવર્તન ઉત્પ્રેરક તરીકે સીએમએથ થીમ પર, આ સંમેલનમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ભારતની યાત્રાને આગળ ધપાવવામાં કોસ્ટ અને મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ (સીએમએ)ની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ■

# શૅરબજારમાં અફડાતફડીમાં એસેટ એલોક્શેન ખૂબ મહત્ત્વનું

મુંબઇઃ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે જ્યારથી સત્તા અખત્યાર કરી છે ત્યારથી વિશ્વભરના શેરબજારમાં મંદીનો માહોલ જામ્યો છે. જોકે, તેજાતરના અનેક મહિનાઓથી એક યા બીજા કારણસર અફડાતફડી ચાલુ રહી છે. રોકાણકારોમાં એક સામાન્ય વલણમાં એક જ મલ્ટિબેગર સ્ટોક શોધી તેમાં રોકાણ કરી સંપત્તિ સર્જ કરવાનો પ્રયાસ થતો જોવા મળ્યો છે. જો કે, આ સંદર્ભના અભ્યાસ દર્શાવે છે કે લાંબા ગાળાની મૂડી ફક્ત સ્ટોક પસંદગી દ્વારા બનાવી શકાતી નથી. મુખ્ય બાબત યોગ્ય એસેટ એલોકેશનમાં રહેલી છે. કોઇ સ્ટોક અમુક સમયગાળા માટે મલ્ટિ બેગર બને, પરંતુ તેનો ઝડપી વૃદ્ધિનો તબક્કો સમાપ્ત થયા પછી તે કોન્સોલિડેશન પણ બતાવી શકે છે.

એ સમજવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કે બજારમાં ભરતી ઓટ આવ્યા કરે છે. સમયના જુદા જુદા સમયે, ચોક્કસ સંપત્તિઓ સારી કામગીરી કરશે, જ્યારે અન્ય ચક્રમાં, વિવિધ સંપત્તિઓ આગેવાની લેશે. લાંબા ગાળાની સંપત્તિ નિર્માણનો સાર એસેટ ફાળવણી પર આધાર રાખે છે. યોગ્ય સમયે યોગ્ય સંપત્તિઓ પસંદ કરવી. કોઈ એક જ સંપત્તિ વર્ગ પર સંપૂર્ણપણે આધાર રાખી શકતું નથી, જેમ કે ઇક્વિટી સેગમેન્ટે ઐતિહાસિક રીતે મજબૂત પ્રદર્શન દર્શાવ્યું છે, એમ જણાવતાં મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર સિમ્પલ મનીષ શાહ કહે છે કે તે જ સમયે યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજ દર આગાહી, ચલણ અવમૂલ્યન, વૈશ્વિક ફુગાવા અને ભૂરાજકીય તણાવ જેવા મેક્રોઇકોનોમિક પરિબળો દ્વારા સંચાલિત અસ્થિરતાના હુમલાઓનો પણ ભોગ બને છે.

આ બાબત જોતા એક રોકાણકારે ઇક્વિટી, ડેટ, સોનું અને આંતરરાષ્ટ્રીય ઇક્વિટી જેવા એસેટ વર્ગોનું વૈવિધ્યસભર મિશ્રણ જાળવી રાખવું જોઈએ અને પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિના આધારે ફાળવણીને સમાયોજિત કરવાની સુગમતા રાખવી જોઈએ. ઉદાહરણ તરીકે, આર્થિક વિસ્તરણના સમયે ઇક્વિટી ફાળવણી વધારવી જોઈએ, જ્યારે જીડીપીના ઘટાડાના સમયગાળા દરમિયાન, ડેટમાં ફાળવણી વધવી જોઈએ. વધુમાં, વૈશ્વિક તણાવને કારણે થતી અનિશ્ચિતતાના સમયમાં, સોનામાં રોકાણ વધવું જોઈએ. ■

## એરોસોલ માર્કેટ એક અબજ ડૉલરને આંબી જશે

મુંબઇઃ પર્સનલ કેર, કૃષિ, ઔદ્યોગિક અને એફએમસીજી જેવા ક્ષેત્રોની વૃદ્ધિને પરિણામે ભારતમાં એરોસોલ સેગમેન્ટ આશરે વાર્ષિક આઠ ટકાના દરે વધી રહ્યું છે. ૨૦૨૩માં સ્થાનિક એરોસોલ બજાર ૬૩૫ મિલિયન ડોલર હતું, જે વર્ષ ૨૦૩૧ સુધીમાં એક અબજ ડોલરને પાર કરશે એવો અંદાજ, એરોસોલ પ્રમોશન કાઉન્સિલે, મુંબઈમાં ૨૮ ફેબ્રુઆરીથી પહેલી માર્ચ ૨૦૨૫ દરમિયાન આયોજિત આઇએઇ ૨૦૨૫ની છઠ્ઠી આવૃત્તિ અંગે માહિતી આપતા વ્યક્ત કર્યો હતો. એરોસોલ સ્પ્રે, સ્ટ્રીમ્સ, જેલ, ફોમ, લોશન અથવા ગેસના સ્વરૂપમાં ઉત્પાદનોને ધાતુ, કાચ દ્વારા અથવા હવે પ્લાસ્ટિકના કન્ટેનરમાં પણ વિતરિત કરવામાં આવે છે અને તેનો ઉપયોગ એર ફ્રેશનર, હેર સ્પ્રે, સેનિટાઇઝર, પરફ્યુમ, ડ્રાય શેમ્પૂ, જંતુ ભગાડનારા, ડિઓડોરન્ટ્સ, ક્લિનિંગ એજન્ટ, કાર કોસ્મેટિક્સ, પેઇન્ટ અને વાર્નિશ જેવી ઘરગથ્થુ તૈયારીઓમાં અને આરોગ્ય સંભાળમાં જંતુનાશકો, ઇન્હેલર, પીડામાં રાહત, એનેસ્થેટિકમાં પણ થાય છે. ■

## બીએસએનએલ ૧૭ વર્ષ પછી નફામાંઃ સરકારી કંપનીએ ₹ ૧૮૦૦ કરોડ બચાવ્યા

મુંબઈઃ સરકારી ટેલિકોમ કંપની ભારત સંચાર નિગમ લિમિટેડે (બીએસએનએલ) એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા ક્વાર્ટરમાં ૨૬૨ કરોડ રૂપિયાનો નફો કર્યો છે. ૧૭ વર્ષમાં આ પહેલી વાર છે જ્યારે કંપનીએ નફો કર્યો છે. છેલ્લી વખત ઇજાક ૨૦૦૭માં ક્વાર્ટરમાં નફાકારક રહ્યું હતું. કેન્દ્રીય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ આ માહિતી આપી હતી. ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૪માં, કંપનીની મોબિલિટી સેવાઓમાંથી આવકમાં ૧૫%, ફાઇબર-ટુ-ધ-હોમ આવકમાં ૧૮ ટકા અને લીઝ્ડ લાઇન સેવામાંથી આવકમાં ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળાની તુલનામાં ૧૪ ટકાનો વધારો થયો છે. એ જ સાથે, છેલ્લા ચાર વર્ષમાં કંપનીનો એબિટા રૂ. ૧,૧૦૦ કરોડથી બમણો થઈને લગભગ રૂ. ૨,૧૦૦ કરોડ થયો છે. સંચાર ખાતાના પ્રધાન સિંધિયાએ જણાવ્યું હતું કે, કંપનીએ ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫)માં તેના નાણાકીય ખર્ચ અને એકંદર ખર્ચમાં ઘટાડો કર્યો છે, જેના કારણે ગયા વર્ષની સરખામણીમાં ૧,૮૦૦ કરોડ રૂપિયાથી વધુ નુકસાન ઓછું થયું છે. ■

## એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૨.૦૧ લાખ કરોડનો ઘટાડો

મુંબઇઃ સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહ દરમિયાન મેટલ અને પાવર શેરો સૌથી અધિક વધ્યા હતા, જ્યારે ટેક, ઓટો અને આઈટી ઈન્ડેક્સ ઘટ્યા હતા. માર્કેટ કેપ રૂ. ૨.૦૧ લાખ કરોડ ઘટ્યું હતું. ૨૧ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૫,૯૩૯.૨૧ના બંધથી ૬૨૮.૧૫ પોઈન્ટ્સ (૦.૮૩ ટકા) ઘટ્યો હતો.

સેન્સેક્સ ૧૦ ફેબ્રુઆરી અને સોમવારે ૭૫,૬૪૧.૪૧ ખૂલી ૧૯ ફેબ્રુઆરી અને બુધવારે ઊંચામાં ૭૬,૩૩૮.૫૮ અને ૨૧ ફેબ્રુઆરી, શુક્રવારે નીચામાં ૭૫,૧૧૨.૪૧ સુધી જઈ અંતે ૭૫, ૩૧૧.૦૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૦૨.૨૦ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૪૦૦.૧૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૦.૦૧ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૦.૨૦ ટકા ઘટ્યો હતો, જ્યારે બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૦.૦૬ ટકા અને બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૦.૨૨ ટકા વધ્યા હતા. બીએસઈ મિડકેપ ૧.૬૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૯૮ ટકા વધ્યા હતા. આઈપીઓ ૦.૩૪ ટકા અને એસએમઈ આઈપીઓ ૧.૩૧ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં મેટલ ૫.૭૧ ટકા, પાવર ૪.૫૫ ટકા, ઈન્ફ્રા ૩.૨૯ ટકા, પીએસયુ ૨.૬૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૩૫ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૩ ટકા અને રિયલ્ટી ૧.૨ ટકા વધ્યા હતા, જ્યારે ટેક ૨.૪૮ ટકા, ઓટો ૨.૩૯ ટકા, આઈટી ૨ ટકા, એફએમસીજી ૧.૫૧ ટકા, હેલ્થકેર ૦.૬૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૭ ટકા અને બેન્કેક્સ ૦.૧૯ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં એનટીપીસી ૭.૮૮ ટકા, ઝોમેટો ૬.૧૯ ટકા, ટાટા સ્ટીલ ૪.૪૧ ટકા, લાર્સન ૨.૩૧ ટકા અને બજાજ ફિનસર્વ ૨.૦૨ ટકા વધ્યો હતો. જ્યારે સૌથી અધિક ઘટેલા પાંચ શેરમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧૦.૨૩ ટકા, ભારતી એરટેલ ૪.૮૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૩.૮૮ ટકા, સન ફાર્મા ૩.૭૫ ટકા અને હિંદુસ્તાન લિવર ૩.૪૧ ટકા ગબડ્યો હતો.

નએથ ગ્રુપની ૭૧૭ કંપનીઓમાંથી ૪૦૩ કંપનીઓના ભાવ વધ્યા, ૩૧૩ કંપનીઓના ભાવ ઘટ્યા હતા અને એકનો સ્થિર રહ્યો હતો. નબીથ ગ્રુપની ૧૨૫૪ કંપનીઓમાંથી ૫૮૬ કંપનીઓના ભાવ વધ્યા, ૬૬૨ કંપનીઓના ભાવ ઘટ્યા અને છ કંપનીનો ભાવ સ્થિર રહ્યો હતો.

બીએસઈ ૧૦૦માં ૫૩ કંપનીઓ વધી, ૪૭ કંપનીઓ ઘટી. બીએસઈ ૨૦૦માં ૧૧૫ કંપનીઓ વધી, ૮૫ કંપનીઓ ઘટી. બીએસઈ ૩૦માં ૧૪ કંપનીઓ વધી, ૧૬ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૮૭ કંપનીઓ વધી, ૨૧૨ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપની ૮૧ કંપનીઓ વધી, ૫૧ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૪૮૪ કંપનીઓ વધી, ૪૫૧ કંપનીઓ ઘટી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ. ૨૦,૯૪૫.૮૨ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૧૨,૦૮૭.૯૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. ■

## ટ્રમ્પ હવે ફાર્મા કંપનીઓ પર તવાઇ લાવવા માગે છે, ભારતને મોટું નુકસાન થવાની ભીતિ

નવી દિલ્હીઃ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ વોર અને આકરી બિઝનેસ નીતિઓથી વિશ્વના અન્ય દેશોમાં ટ્રેડવોરનો ભય પેદા કરી રહ્યા છે. રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા બાદ હવે ફાર્મા કંપનીઓ પર તવાઈ લાવવાનો નિર્ણય લીધો છે.

તેમણે ફાર્મા કંપનીઓને અમેરિકામાં દવાની આયાત પર લાગુ ઊંચા ટેરિફથી બચવા માટે પોતાના મેન્યુફેક્ચરિંગ યુનિટ અમેરિકામાં શિફ્ટ કરવા સલાહ આપી છે. ટ્રમ્પના આ નિર્ણયથી દેશની કુલ ફાર્મા નિકાસમાં ૩૧ ટકાથી વધુ નિકાસ અમેરિકામાં કરતી ફાર્મા કંપનીઓને મોટું નુકસાન થઈ શકે છે.

અમેરિકાના ફાર્મા લીડર્સ દવાની કિંમત નક્કી કરતાં નિયમોને સરળ બનાવવાની માગ કરી રહ્યા છે, એવામાં ભારતીય ફાર્મા કંપનીઓ નિકાસ પર ઊંચા ટેરિફથી બચવા દ્વિપક્ષીય ચર્ચાઓ પર વિશ્વાસ કરી રહી છે. ૨૦૨૩-૨૪માં ભારતે અમેરિકામાં ફાર્મા ક્ષેત્રે ૨૭.૯ અબજ ડોલરની નિકાસ કરી હતી. જે તેની કુલ ફાર્મા નિકાસના ૩૧ ટકા છે.

અમેરિકામાં ૫૦ ટકાથી વધુ જેનરિક દવાઓની માગ ભારત પૂરી કરે છે. એવામાં ટ્રમ્પના ટેરિફ ટેન્શન તથા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપિત કરવાની સલાહ ભારતીય ફાર્મા કંપનીઓ માટે સંકટના વાદળો ઉભા કરી શકે છે. વ્હાઈટ હાઉસની એક બેઠકમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફાઈઝર, એલી લીલી અને મર્કના ટોચના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

અમેરિકન કંપનીઓએ ટ્રમ્પને દવાની કિંમતોમાં સરકારનો હસ્તક્ષેપનો નિયમ પાછો ખેંચવા અપીલ કરી હતી. ફાર્મા ઈન્ડસ્ટ્રીનું માનવુ છે કે, વર્તમાન પોલિસીથી ફાર્માના વિકાસ પ્રોત્સાહનમાં બદલાવ આવશે, દવાઓ મોંઘી બનશે. જો કે, ટ્રમ્પે આ નિયમ પાછો ખેંચવાનો ઈનકાર કર્યો હતો. તેમણે નિવેદન આપ્યું કે, અમેરિકામાં અન્ય દેશોની તુલનાએ દવાઓની કિંમત ઊંચી છે.

જો ટ્રમ્પ ઊંચો ટેરિફ વસૂલવાની વાત પર અડગ રહ્યા તો ભારતમાંથી નિકાસ થતી દવાની કિંમત અમેરિકામાં વધી જશે. સિસ્ટમેટિક્સ ઈન્સ્ટીટ્યૂશનલ ઈક્વિટીઝના એનાલિસ્ટ વિશાલ મનચંદાનીએ જણાવ્યું કે, આ નિર્ણય મોંઘવારીમાં વધારો કરશે, કારણકે, અમેરિકામાં ભારત મોટાપાયે દવાઓનો પુરવઠો પૂરો પાડે છે.

તેમની પાસે આવશ્યક મેન્યુફેક્ચરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. ઊંચા ટેરિફના કારણે દવાઓની કિંમતમાં વધારો થશે. ટેરિફ ઉપરાંત દવાઓની કિંમત નક્કી કરવામાં અમેરિકાની સરકાર હસ્તક્ષેપ કરશે તો ફાર્મા કંપનીઓને નુકસાન થઈ શકે છે. ટ્રમ્પનું ફાર્મા ક્ષેત્રે વલણ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી લિસ્ટેડ ભારતીય ફાર્મા કંપનીઓના શેર્સમાં અફરાતફરી જોવા મળી શકે છે. ■

## રિટેલ ઈન્ડસ્ટ્રીની માર્કેટ સાઈઝ ૨૦૩૫ સુધીમાં ૨૫૦૦ અબજ ડૉલર સુધી પહોંચી જશે

નવી દિલ્હી : ભારતના ઈ-કોમર્સ ક્ષેત્રનું બજાર કદ ૨૦૩૫ સુધીમાં ચાર ગણું વધીને ૫૫૦ બિલિયન ડોલર એટલેકે અંદાજે ૪૮,૦૦,૦૦૦ કરોડ ડોલર થવાની ધારણા છે. એક સંયુક્ત અભ્યાસ રિપોર્ટ અનુસાર, ૨૦૨૪માં ભારતનું ઈ-કોમર્સ બજાર ૧૨૫ અબજ ડોલરનું હોવાનો અંદાજ છે.

આ રિપોર્ટ અનુસાર ભારતીય ઈ-કોમર્સ બજાર ૨૦૩૫ સુધીમાં ૫૫૦ અબજ ડોલર એટલે કે ભારતીય ચલણમાં ૪૭,૬૪,૬૫૦ લાખ કરોડ સુધી પહોંચવાની ધારણા છે. બીજા શબ્દોમાં વર્તમાન સ્તરેથી ૧૫ ટકાના વાર્ષિક ચક્રવૃદ્ધિ દરે વૃદ્ધિ જોવા મળશે. ૨૦૨૪માં ઈ-કોમર્સ માર્કેટનું મૂલ્ય ૧૨૫ અબજ ડોલર હતું અને ૨૦૩૦ના અંત સુધીમાં ૩૪૫ અબજ ડોલર સુધી પહોંચવાની ધારણા છે.

ઇન્ટરનેટનો વધતો વપરાશ, સ્માર્ટફોનનો વધતો ઉપયોગ, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનું વિસ્તરણ અને ટેક-સેવી યુવાવર્ગ આ વૃદ્ધિને આગળ ધપાવી રહી છે. આ ઉપરાંત ડિજિટલ ઇન્ડિયા જેવી સરકારી પહેલો અને લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઇન નેટવર્કમાં ઝડપી સુધારાઓ પણ ઇ-કોમર્સ ક્ષેત્રને મજબૂત સપોર્ટ આપી રહ્યાં છે. ■

**PUBLIC NOTICE**

We had entered into a Development Agreement dated 3rd May, 2008 (the **"said Agreement") with Lotus Logistics and Developers Private Limited - formerly known as Lotus Logistics Private Limited ("Lotus")** for redevelopment of the property more particularly mentioned in the schedule hereunder written. Lotus committed several breaches under the said Agreement. No Occupation Certificate for the Buildings i.e., Residential Building (Wing A) and Commercial Building (i.e. Wing B known as "Lotus Trade Centre") has been obtained. In view of irregularities and breaches committed by Lotus, we terminated the said Agreement and the Power of Attorney dated 3rd May 2008, by our letter dated 15th October, 2015. Subsequently, by an Order 20th October, 2015 passed by the Hon'ble Bombay High Court in the Arbitration Petition (L) No. 1969 of 2015 while referring the matter to the Arbitration, **the Hon'ble High Court was pleased to observe that possession of Units sold in Commercial Wing and any action proposed by the MCGM against such units in the Commercial Wing would be at the risk and cost of Lotus and would be subject to final outcome of Arbitration proceedings, as also mentioned in Public Notice at site since 2015.**

Now the Arbitral Tribunal appointed by the Hon'ble High Court has adjudicated the disputes between us and Lotus and **has passed an Award dated 16th August, 2024 inter alia declaring the sanctioned Plans dated 9th May, 2009 and 25th March, 2011 as null, void and not binding on us.** The commercial Building is understood to have been constructed under these plans and every part of the said construction is illegal and liable to be demolished.

Notice is hereby given to all person/s who have purchased / acquired/ occupy or intend to purchase / acquire/ occupy from Lotus and/or any other person, any unit/s in the Commercial Building (i.e. Wing "B" known as **"Lotus Trade Centre")** on the scheduled property, that except us, no other person is entitled to any right, title, interest or possession of the scheduled property including the land beneath and surrounding the Commercial Building, the Commercial Building or any part/ unit thereof.

**THE SCHEDULE ABOVE REFERRED TO:**

All that piece or parcel of land or ground situate, lying and situated at Sahakar Nagar at J.P. Road, Andheri (West), Mumbai 400 053 and bearing Plot Nos. 9/10/11 admeasuring approximately 31,603 square feet (2936 square meters) bearing C.T.S. Nos. 834/1, 834/2 and 822/1 Survey No. 138-A Hissa No. 3. 138 A Hissa No. 9 and Survey No. 137- A of Village Amboli, Taluka Andheri, Mumbai Suburban District and bounded as follows :

On or towards the North by : Vishwaprakash CHS Ltd. On or towards the South by : Neo Vikram CHS Ltd. On or towards the East by : 30' feet Road.

On or towards the West by : Sahakar Nagar Garden & New Link Road

**Dated this 24thday of February, 2025**

For Evertop Apartments Co-operative Housing Society Limited
Sd/-
Honorary Secretary

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(હાઈડ્રોલિક એન્જીનિયરનો વિભાગ)

**ઈ-ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૧૫૨૮૦૭ | |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન | |
| વિષય | તુકારામ બ્રિજ ખાતે ૧૫૦૦ mm dia. એટલે કે ૬૦. મેઈન્ટ પર બાયપાસ સાથે ૧૨૦૦ mm dia. BFV સ્થાપિતની કામ માટે રેસિંગ, રિપેરિંગ અને કન્સ્ટ્રક્શનનું ઈમરજન્સી કામ અને તેમજ AEOC (TM) ડિવિઝન હેઠળ સાયન સ્લુઈસ હાઉસ ખાતે ૧૨૦૦ mm dia. નવા તાનસા, ૧૨૦ mm dia. જૂના તાનસા અને ૮૦૦ mm dia. વેહાર મેઈન પર ચેમ્બર કવરનું ફેબ્રિકેશન અને ઈરેકશનનું કામ. | |
| કામની અંદાજિત કિંમત | રૂા. ૧૭,૧૨,૮૫૬.૦૦/- (GST સિવાય) | |
| | રૂા. ૨૦,૨૧,૧૭૦.૦૮/- (GST સહિત) | |
| સમય મુદત | ૦૩ મહિના (ચોમાસા સહિત) | |
| વેબસાઈટ | http://mahatender.gov.in | |
| ટેન્ડર સ્ક્રુટી ફીની કિંમત (બિન-રિફંડપાત્ર ભૌતિક સુપ્રતિ) | રૂા. ૩,૮૯૪/- (રૂા. ૩,૩૦૦+ ૧૮% GST). BMC ના નજીકના CFC માં સુપ્રત કરવા અને પેકેટ A અને B ખોલ્યા પછી અને પેકેટ C ખોલતા પહેલા E.E. (H.W.) W.W.ની ઓફિસમાં રસીદ સુપ્રત કરવી. | |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/ બારડી | રૂા. ૨૦,૨૫૦/- (ઓનલાઈન) | |
| બીડ માન્યતા મુદત | ૧૮૦ દિવસ | |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૪/૦૨/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૦૬/૦૩/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| બીડ સુપ્રતિની અંતિમ તારીખ અને સમય | ૦૬/૦૩/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| પેકેટ A ખુલશે | ૧૧/૦૩/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| પેકેટ B ખુલશે | ૧૧/૦૩/૨૦૨૫ ૧૬.૧૫ કલાકે | |
| પેકેટ C ખુલશે | ૧૮/૦૩/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે | |
| સંચાર માટેનું સરનામું | એક્ષી. એન્જિનિયર (H.W.) W.W. મ્યુનિસિપલ વોટર વર્ક્સ યાર્ડ L.B.S. માર્ગ, MTNL ઓફિસ પાસે, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૮૬ની ઓફિસ | |
| સંપર્ક વ્યક્તિ નામ અને ટેલિ. અને મોબાઈલ નંબર | AEOC (TM) ની ઓફિસ. | ૦૨૨-૨૫૧૫૩૨૭૨ ૨૫૧૫૩૭૪૦ |
| | શ્રી અમિત ડી. હતવાર | +૯૧-૮૧૪૯૯૧૩૪૦૪ |
| | શ્રી અશોક એન. ડોઈફોડે | +૯૧-૯૩૨૪૭૯૬૮૫૬ |
| બિડને ખોલવા માટેનું સ્થળ | એક્ષી. એન્જિનિયર (H.W.) W.W. ની ઓફિસમાં ઓનલાઈન | |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**

BMC પાસે કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ

PRO/2600/ADV./2024-25

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ - ટ્રાન્સપોર્ટ
પૂર્વિય પરાં
નં. EE/Tr./ES/૧૩૯૫૮/SWM તા. ૨૧.૦૧.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર (BMC) નીચેના ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ (રૂ.) | ટેન્ડર ફી (રૂ.) | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | M/E વોર્ડમાં મહારાષ્ટ્ર નગર ખાતે સ્ટેશનરી કોમ્પેક્ટર ચોકીની રિફર્બીશમેન્ટ, શિફ્ટિંગ અને ઈન્સ્ટોલેશન. | ૧૫,૦૦૦/- | ૩,૩૦૦/- + @૧૮% GST | ૨૪.૦૨.૨૫ સ. ૧૧.૦૦ | ૦૩.૦૩.૨૫ સાં. ૦૪.૦૦ |

ટેન્ડર નકલ મહારાષ્ટ્ર સરકાર (મહાટેન્ડર્સ) (https://mahatenders.gov.in/)ની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પરથી ડાઉનલોડ કરી શકાય છે તેમજ ટેન્ડર નકલ BMCના પોર્ટલ વેબસાઈટ (http://portal.mcgm.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
એક્ષિક્યુટીવ એન્જિનિયર (Tr.) E/S.

PRO/2607/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો**

**મુંબઈમાં સતત ત્રીજા દિવસે તાપમાન ૩૭ ડિગ્રીથી ઉપર**

# મુંબઈમાં ધગધગતી ગરમી વચ્ચે રાજ્યના અમુક વિસ્તારમાં કમોસમી વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હોળીને હજી ખાસ્સો સમય બાકી છે એ અગાઉ જ મુંબઈગરા ધગધગતી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. મુંબઈ સતત ત્રણ દિવસથી મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીથી ઉપર નોંધાઈ રહ્યો છે. રવિવારે સાંતાક્રુઝમાં દિવસનું તાપમાન ૩૭ ડિગ્રીથી ઉપર નોંધાયું હતું, જે ફેબ્રુઆરીના સરેરાશ ૩૧.૩ ડિગ્રીથી વધુ હતું. એક તરફ મુંબઈ સહિત રાજ્યના અનેક જિલ્લામાં તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે ત્યારે

(જુઓ પાનું ૪) ▸▸

# ફિલ્મમાં કામ અપાવવાને બહાને મહિલા પર ગુજાર્યો બળાત્કારઃ ચાર સામે ગુનો

થાણેઃ ફિલ્મમાં કામ અપાવવાને બહાને ૩૪ વર્ષની મહિલા પર અનેકવાર બળાત્કાર ગુજારવાના આરોપસર શખસ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

શખસ સાથે અન્ય એક મહિલા, તેનો પતિ અને તેમની પુત્રીનાં નામ પણ એફઆઇઆરમાં આરોપી તરીકે છે. થાણેના માજીવડા વિસ્તારમાં રહેતી પછાત જાતિની મહિલાને ધાકધમકી આપવા અને બ્લેકમેઇલિંગ કરવાનો આરોપીઓ આરોપ છે. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી.

આરોપીઓ ત્રણ વર્ષ અગાઉ પીડિત મહિલાના સંપર્કમાં આવ્યા હતા અને ફિલ્મ

(જુઓ પાનું ૪) ▸▸

**બે મર્સીડિઝ આપો અને પદ મેળવો,**

# નીલમ ગોરેના આરોપ બાદ રાજકારણમાં ખળભળાટ

## ઉદ્ધવ ઠાકરેનો જવાબ, ગોરે પોતે પણ મર્સીડિઝમાં જ ફરે છે, એમને જ પૂછો...

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં સ્થાન જોઇતું હોય તો બે મર્સીડિઝ આપો, એવું સનસનાટીભર્યું નિવેદન વિધાન પરિષદનાં ઉપાધ્યક્ષ નીલમ ગોરેએ ૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય મહોત્સવમાં કર્યા બાદ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. જોકે આ અંગે ઉદ્ધવ ઠાકરેએ વળતો પ્રહાર કરતાં કહ્યું હતું કે ગોરે પોતે એક મર્સીડિઝ વાપરે છે, તેમને જ પૂછો. ઉદ્ધવ ઠાકરેએ નીલમ ગોરેને

(જુઓ પાનું ૪) ▸▸

### તો ઠાકરેના ઘરની બહાર કારની લાંબી લાઇન લાગી હોતઃ દાનવે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા અંબાદાસ દાનવેએ રવિવારે શિવસેનાનાં વિધાન પરિષદનાં સભ્ય નીલમ ગોરે પર ઉદ્ધવ ઠાકરેની (જુઓ પાનું ૪) ▸▸

# વડાલામાં ફૂટપાથ પર સૂતેલાં માતા-પુત્રને કારે કચડ્યાંઃ પુત્રનું મોત

મુંબઈઃ વડાલા વિસ્તારમાં ફૂટપાથ પર સૂતેલાં માતા-પુત્રને કારે કચડતાં પુત્રનું મોત થયું હતું, જ્યારે માતાને ગંભીર ઈજા પહોંચી હતી.

આરએકે માર્ગ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વડાલામાં બાળારામ ખેડેકર માર્ગ પર શનિવારે મોડી રાતે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ

(જુઓ પાનું ૪) ▸▸

### મુંબઈમાં થતા માર્ગ અકસ્માતોમાં હિટ એન્ડ રનના કેસનો ફાળો ૩૮ ટકા જેટલોઃ રિપોર્ટ

મુંબઈઃ મુંબઈ શહેરના ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા પ્રકાશિત કરાયેલા અહેવાલ મુજબ, ૨૦૨૩માં મુંબઈના રસ્તાઓ પર થયેલા તમામ જીવલેણ અકસ્માતોમાં હિટ એન્ડ રનની ઘટનાઓ ૩૮ ટકા હતી અને

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# વાઢવણ પાસે કૃત્રિમ બેટ પર ઍરપોર્ટઃ કેન્દ્ર આ પ્રસ્તાવ પર વિચારધીન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ નજીક આવેલા વાઢવણ બંદર પાસે દરિયામાં કૃત્રિમ બેટ ઊભું કરીને તેના પર ઍરપોર્ટ ઊભું કરવાનો વિચાર કેન્દ્ર સરકાર કરી રહી છે. જોકે એવું થયું તો દરિયામાં બાંધવામાં આવનારું ભારતનું આ પહેલું દરિયા પરનું ઍરપોર્ટ હશે.

દેશના માળખાકીય સુવિધામાં મોટા પ્રમાણમાં પરિવર્તન લાવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પાલઘરમાં વાઢવણ બંદર પાસે ઍરપોર્ટ બાંધવા બાબતે વિચારધીન છે. પ્રસ્તાવિત વાઢવણ ઍરપોર્ટ મુંબઈના (જુઓ પાનું ૪) ▸▸

### ગ્રીન સિટીને વધુ એક ટેન્કર ની જરૂર છે ઉદાર દાતાશ્રીઓને યોગદાન આપવા વિનંતી

ગ્રીન સીટી સંસ્થા છેલ્લા ૧૫ વર્ષોથી સતત નિરંતર શહેરને હરિયાળું બનાવવા પ્રયત્નશીલ છે. ગ્રીન સિટી દ્વારા આજ સુધીમાં શહેરમાં ૨ લાખ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી તેની યોગ્ય માવજત દ્વારા તેનો ઉછેર થઈ રહ્યો છે. શહેરના ૪૫ થી ૫૦ જેટલા ડિવાઈડરોમાં નિયમિત વૃક્ષોને પાણી પવાઈ રહ્યું છે. હાલમાં વધી રહેલા વૃક્ષારોપણ તથા અગાઉ નાખેલા વૃક્ષોને નિયમિત પાણી મળી રહે તે માટે સંસ્થાને વધુ એક મોટી કેપેસિટી વાળા ટેમ્પો ની જરૂર છે. આ માટે સંસ્થાને રૂ.૧૬ લાખની જરૂર છે. જે ઉદાર દાતાશ્રીઓ આમાં મદદરૂપ થવા માંગતા હોય તેઓએ ગ્રીન સિટીના દેવેનભાઈ શેઠનો મો. ૯૮૭૯૫૧૧૩૫૦ ઉપર સંપર્ક કરવો.ગ્રીન સિટી સંસ્થાને આટલી મોટી સંખ્યામાં વૃક્ષોનો તથા તમામ ડિવાઈડરોની જાળવણી કરવા માટે દર મહિને અંદાજે ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે જે સંસ્થાને દેવેનભાઈ શેઠ દ્વારા પૂરો પાડવામાં આવે છે. સંસ્થા પાસે 80G તથા CSR સર્ટિફિકેટ છે. જે કંપની એપ્રિલ ૨૦૨૫ નવા વર્ષમાં CSR ફંડમાંથી ડોનેશન આપવા માંગતી હોય તો કમિટમેન્ટ આપી શકે છે.

**વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો.**

# મહારાષ્ટ્ર રાજ્ય વિધાનસભાનું સત્ર ૩ માર્ચથી શરૂ થશે, બજેટ ૧૦ માર્ચે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર ૩ માર્ચથી ૨૬ માર્ચ સુધી મુંબઈમાં યોજાશે. રાજ્યનું બજેટ ૧૦ માર્ચે વિધાનસભાના બંને ગૃહોમાં રજૂ કરવામાં આવશે. આ બાબત વિધાનસભા અને વિધાન પરિષદના કામકાજ અંગેની સલાહકાર સમિતિની રવિવારે મુંબઈમાં વિધાન ભવનમાં બેઠક મળી હતી. બજેટ સત્ર દરમિયાન, ૮ માર્ચે જાહેર (જુઓ પાનું ૪) ▸▸

# સંજય રાઉતની અપેક્ષાનો ભંગ થશેઃ રાહુલ નાર્વેકર

## માણિકરાવ કોકાટેનું પ્રધાનપદું વિધાનસભ્યપદ જોખમમાં મુકાય એવી શક્યતા

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉત દ્વારા અપાતાં વિવિધ તીખાં નિવેદનોથી સૌકોઇ પરિચિત છે. તેમનાં નિવેદનોની બહુ કોઇ અસર થાય છે કે નહીં એ ખબર નથી, પણ રાહુલ નાર્વેકરે જે એનીસીપી (અજિત પવાર જૂથ)ના હાલમાં જ દોષી ઠરેલા પ્રધાન માણિકરાવ કોકાટે સામે કાર્યવાહી કરવામાં આવશે એવા નિવેદનથી તેમનું પ્રધાનપદું અને વિધાનસભ્યપદ બંને જોખમમાં મુકાય એવી શક્યતા ઊભી થઇ છે.

૧૯૯૫ના દસ્તાવેજ બનાવટી કેસમાં માણિકરાવ કોકાટેને દોષિત ઠેરવવામાં આવ્યા છે અને બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. તેમનું વિધાનસભ્ય અને પ્રધાનપદ જોખમમાં છે. વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે આ (જુઓ પાનું ૪) ▸▸

# ૪૨ મરાઠા સંગઠનો એક થતાં સરકારની મુશ્કેલી વધશે

## સરકારને સંગઠનોની ચેતવણી, ૧૦ માગણી અને ૧૦ દિવસની ડેડલાઈન

મુંબઈઃ મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગે પાટીલે મરાઠા સમુદાય માટે અનામત સુનિશ્ચિત કરવા માટે મોટી લડત ચલાવી હતી. તેમના આંદોલન બાદ સરકારે મરાઠા સમુદાય માટે અલગ અનામતને મંજૂરી આપી હતી. જોકે મનોજ જેરાંગે પાટીલ હજુ પણ તેમની માગ પર અડગ છે કે અમને ફક્ત ઓબીસી તરફથી જ અનામત જોઇએ છે. બીજી બાજુ મરાઠા સમુદાય પણ ઘણો આક્રમક બન્યો છે. કોલ્હાપુરમાં મરાઠા સમુદાયનાં (જુઓ પાનું ૪) ▸▸







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**